સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

# સમાજકારણ

વર્ષ : ૬ જાન્યુઆરી, ૨૦૧૨ અંક : ૧

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | જૈનોમાં સમાજજીવન અને જ્ઞાતિ પ્રથા | વિદ્યુત જોષી | ૧ |
| ૨. | ઈન્ડિયન ડાયસ્પોરાઃ એક સમાજશાસ્ત્રીય અધ્યયન | જયપ્રકાશ ત્રિવેદી | ૭ |
| ૩. | અમેરિકામાં વસતા ઉચ્ચ શિક્ષિત 'દેશી લોકો'નાં દીકરી સંબંધિત મંતવ્યો | નલિની કિશોર ત્રિવેદી | ૧૬ |
| ૪. | ગરાસિયા આદિજાતિમાં જીવનચક્ર | ગિરધરલાલ ટી. પટેલ | ૨૭ |
| ૫. | સામાજિક બહિષ્કાર અને સામાજિક સમાવેશ | મનુભાઈ એચ. મકવાણા | ૩૪ |


ગુજરાત સામાજિક સેવામંડળનું મુખપત્ર

**સમાજકારણ (અર્ધવાર્ષિક)**
સંપાદન
**હેમન્તકુમાર શાહ**
**નલિની કિશોર ત્રિવેદી**
પરામર્શન
**અરુણ વાઘેલા**
**ધવલ મહેતા**
**પ્રશાંત દવે**
**યોગેન્દ્ર માંકડ**
**રમેશ બી. શાહ**
**વિદ્યુત જોષી**
લેખ મોકલવા માટેનું સરનામું :
**(૧) વિદ્યુત જોષી**
૪૪, સાકેત-૩, નંદીશ્વર મહાદેવ સામે,
બકેરી સિટી, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૧૫
મો. ૯૮૨૫૦૬૪૭૪૮
**(૨) હેમન્તકુમાર શાહ**
૯, સવિતા સોસાયટી, નારણપુરા રેલવે ક્રોસિંગ,
અમદાવાદ-૩૮૦૦૧૩, મો. ૯૮૯૮૦૭૫૯૯૦
વાર્ષિક લવાજમ : **રૂ. ૧૦૦-૦૦**
પ્રકાશક
**ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯

## : નોંધ :

ગુજરાત સામાજિક સેવા મંડળનું ‘સમાજકારણ’ સામયિક લગભગ બે વર્ષ પછી ફરી એક વાર પ્રકાશિત થઈ રહ્યું છે એ એક આનંદની વાત છે. આ સામયિકને માટે પરામર્શકોની નિમણૂક કરવામાં આવી છે અને તેથી તે પરામર્શિત સામયિક બને છે. વળી, આઈ.એસ.એસ. એન. નંબર મેળવવા માટે પણ અરજી કરવામાં આવી છે. આશા છે કે એ નંબર ટૂંકમાં મળી જશે.

આજના બદલાયેલા સંદર્ભમાં યુજીસીની અપેક્ષાઓ અને જરૂરિયાત મુજબ અધ્યાપકો દ્વારા લેખન-પ્રકાશન અનિવાર્ય બન્યું છે. તેથી અધ્યાપકો લેખન પ્રવૃત્તિ તરફ વળે અને આ સામયિકમાં પ્રકાશિત કરવા લેખો મોકલે એ આવકાર્ય છે.

આ અંકમાં કુલ પાંચ લેખોનો સમાવેશ કરાયો છે. આ લેખો સમાજશાસ્ત્ર સંબંધિત અભ્યાસ અને સંશોધનના લેખો છે. પરંતુ આ સામયિકમાં બધાં સમાજવિજ્ઞાનોના સંશોધન અને અભ્યાસ લેખોને આવકાર છે કારણ કે સમાજકારણ સમાજનાં તમામ પાસાંને સ્પર્શે છે અને આવરી લે છે. આશા છે કે આ અંક સૌને ગમશે.

**સમાજકારણની લેખન સામગ્રી**

(૧) ગુજરાત, ભારત તેમ જ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક પ્રશ્નોમાં રાજકીય અને આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લેખો.

(૨) સામાજિક સેવાકાર્યોની કે સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે લેવાતા ઉપાયોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચકાસણીરૂપ અભ્યાસો અને છણાવટ કરતા લેખો.

(૩) આવો અભ્યાસ કે વિવેચનો કરતાં પુસ્તકો કે અહેવાલોનો તથા શ્રેષ્ઠ કોટિના ઠરેલા અભ્યાસ સાહિત્ય (classics)નો સાર-સંક્ષેપ તથા વિવેચન.

(૪) સામાજિક સંશોધનપદ્ધતિઓ અંગેની સરળ સમજ આપતા અને તેમની ઉપયોગિતા દર્શાવતાં લેખો.

મુદ્રક : **અર્થ કોમ્પ્યુટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪. મો. ૯૩૨૭૦૩૬૪૧૪

# જૈનોમાં સમાજજીવન અને જ્ઞાતિ પ્રથા

વિદ્યુત જોષી*

**પ્રસ્તાવના**

ભારતમાં બૌદ્ધ, શીખ, ખ્રિસ્તી અને મુસલમાન જેવી ધાર્મિક લઘુમતી કોમો છે, પરંતુ તેમાં જૈન અને પારસી લઘુમતી કોમો વિશેષ સ્થાન ધરાવે છે. તેમાં પણ હિંદુ ધર્મ સામે પડકારરૂપે ઊભા થયેલા જૈન ધર્મે સહ-અસ્તિત્વનું જે ઉદાહરણ પૂરું પાડ્યું છે તે લગભગ અદ્વિતીય છે. ભારતની મહત્ત્વની છ લઘુમતી કોમોમાં જૈનો સૌથી નાની કોમ છે. ૧૯૯૧ની વસ્તી ગણતરી મુજબ ૨૨,૫૨,૭૦૬ એટલે કે ભારતની કુલ વસ્તીના ૦.૪ ટકા લોકો જૈનો હતા. સન ૨૦૦૧માં આ વસ્તી ૪૨,૨૫,૦૫૩ થાય છે, જે પણ કુલ વસ્તીના ૦.૪ ટકા છે. વસ્તીની રીતે આટલા ઓછા હોવા છતાં ભારતના ઇતિહાસમાં અને વિકાસમાં જૈનોનો ફાળો ઘણો મહત્ત્વનો છે.

જૈન સાક્ષરી કોમ છે. માત્ર વ્યાપારાર્થે જ નહિ પરંતુ સંસ્કૃતિના જતન માટે પણ એમણે પોતાની વિદ્યાનો ઉપયોગ કર્યો છે. મહાજાતિ ગુજરાતીમાં ચંદ્રકાંત બક્ષી[૧] જણાવે છે તેમ, ભારતમાં પંદર લાખથી વધુ હસ્તપ્રતો જૈન જ્ઞાનભંડારોમાં છે. એમાં તત્ત્વજ્ઞાનના ગ્રંથો ઉપરાંત ઇતિહાસ, વ્યાકરણ, સિદ્ધાંત, જ્યોતિષ જેવા ડઝન વિષયો પર જૈન વિદ્વાનોએ કામ કર્યું છે. જ્યારે બાકીનું હિંદુસ્તાન વેરાન થઈ રહ્યું હતું જ્યારે જૈનોની વિદ્વતાએ સાહિત્ય અને સંસ્કારને જીવતા રાખ્યા છે. જૈનવિદ્યા (જૈનોલોજી)માં ધર્મ-સંપ્રદાય વિશે, જૈન પ્રતિભાઓ વિશે, વ્યાપાર-ઉદ્યોગોમાં જૈનોની ભૂમિકા વિશે, સ્થાપત્યો વિશે કે સંસ્કૃતિ વિશે જેટલું લખાયું છે તેટલું જૈનોના સામાજિક જીવન પર નથી લખાયું. અસ્મિતા અને અનુ-આધુનિકતાના આ યુગમાં કોઈ પણ પ્રભાવશાળી લઘુમતીને પોતાના અસ્તિત્વના પ્રશ્નો વિશે વિચારવું ગમે તે સ્વાભાવિક છે. જૈનોને આજે તેમના સામાજિક-સાંસ્કૃતિક જીવન વિશે નિસ્બત અને ચિંતા હોય તે પણ સ્વાભાવિક છે. જૈન સમુદાયોની મીટિંગોમાં જાઓ તો વડીલો ચિંતા વ્યક્ત કરતા દેખાય છે કે તેમના યુવાનોને પરંપરાગત-બાપીકા વ્યવસાયમાં, ધર્મધ્યાનમાં અને તેમના રીતરિવાજોમાં ઓછો રસ પડે છે. જ્ઞાતિ (આંતર્લગ્ન વર્તુળ)ની બહાર લગ્ન કરવાનું પ્રમાણ લગભગ સાહજિક બની ગયું છે. આવા લગ્નનાં સંતાનો પછી પરંપરાગત ધર્મધ્યાનમાં રસ ધરાવશે કે કેમ તે કહી ન શકાય. બીજો એક, બહુ ન ચર્ચાતો સવાલ એ પણ છે કે દસમી સદી સુધી વણજ કરનારી કોમમાં જૈન ધર્મની બોલબાલા રહી. પરંતુ પછી ભક્તિ આંદોલન થતાં વૈષ્ણવ સંપ્રદાય વ્યાપક સ્વરૂપમાં ફેલાયો અને જૈનોની સંખ્યા ઘટી. ૧૯૭૦ પછી જે આધુનિકીકરણ અને વિકાસ આવ્યાં તે સંદર્ભે વૈષ્ણવ સંપ્રદાયના નવા ફાંટાઓ વિકસ્યા છે. આવું શૈવ સંપ્રદાયની બાબતમાં બન્યું નથી. એટલે આ નવું મોજું જૈન ધર્મને અસર કરશે કે કેમ તે પણ એક નિસ્બતનો વિષય બને છે.

આવા અનેક સવાલોના જવાબો ધર્મના સામાજિક સંદર્ભોને જોવાથી મેળવી શકાય છે. આવો એક સંદર્ભ છે જ્ઞાતિપ્રથાનો. એક પ્રચલિત માન્યતા એવી છે કે જ્ઞાતિપ્રથા એ હિંદુધર્મનું લક્ષણ હોવાથી અન્ય ધર્મોમાં તે જોવા મળતી નથી. પરંતુ તાયા ઝીંકીન[૨] જણાવે છે તે મુજબ જ્ઞાતિપ્રથા એ માત્ર હિંદુ કે માત્ર ભારતીય તત્ત્વ નથી. ભારતમાં તે હિંદુ સિવાયના ધર્મોમાં પણ જોવા મળે છે અલબત્ત, તેનું સ્વરૂપ અલગ છે.

**જૈનોમાં જ્ઞાતિઃ સર્વસામાન્ય નિરીક્ષણો**

હિંદુઓની જેમ જૈનોમાં જ્ઞાતિ એ ધર્મસ્વીકૃત (ચાતુર્વર્ણ્યના 'ફોલઆઉટ' રૂપ) નથી. જૈન ધર્મ જ્ઞાતિસ્વરૂપને સ્વીકારતો નથી. જો કે જૈન ધર્મના અનુયાયીઓએ જ્ઞાતિપ્રથાને ન અનુસરવું તેવું પણ ધર્મગ્રંથો કે સંતોના પ્રવચનોમાં વ્યક્ત થતું નથી. આનું એક સામાજિક પ્રથાથી વિશેષ મહત્ત્વ નથી.

* પૂર્વ કુલપતિ, ભાવનગર યુનિવર્સિટી

જૈનોમાં કુલ કેટલી જ્ઞાતિઓ છે તે ચોક્કસપણે કહેવું મુશ્કેલ છે. વિલાસ સંગવે[3] પોતાના વિદ્વત્પ્રચુર પુસ્તક 'જૈન રિલિજિયન એન્ડ કોમ્યુનિટી'ના ત્રીજા પ્રકરણના પ્રથમ પરિશિષ્ટમાં ૮૪ જ્ઞાતિઓની યાદી આપે છે. અલબત્ત, આવી યાદીઓ સ્થળ અને સમય મુજબ બદલાતી રહેતી હોય છે.

જૈનોની જ્ઞાતિપ્રથા હિંદુ જ્ઞાતિપ્રથા જેવી પૂર્ણ વ્યવસ્થા નથી. જૈનોમાં કેટલીક કારીગર જ્ઞાતિઓ, દલિત જ્ઞાતિઓ વગેરે નથી. એટલું જ નહિ જૈનોની કેટલીક જ્ઞાતિઓનાં નામો હિંદુઓમાં પણ જોવા મળે છે. આ મોટે ભાગે વેપાર-વણજ કરનારા લોકોમાં જોવા મળે છે. જેમ કે ઉત્તર ગુજરાતમાં જૈનોમાં માળી જ્ઞાતિ જોવા મળે છે.

જૈનોની સંખ્યા આમ પણ ઓછી છે. તેમાં ૮૫થી ૧૦૦ જેટલાં જ્ઞાતિજૂથો થાય તેનો મતલબ એ થયો કે ઓસવાસ, અગરવાલ કે ખંડેલવાલ જેવાં પ્રમાણમાં મોટી સંખ્યા ધરાવતાં જૂથોને બાદ કરતાં બાકીનાં જ્ઞાતિજૂથો સંખ્યામાં નાનાં હોય. જેમ કે દિશાવાલ જ્ઞાતિની સંખ્યા સન ૧૯૧૧માં ૩૫૫ હતી.

વસ્તીમાં ઘટાડા સાથે નાની જ્ઞાતિઓ ભળી જઈને એક મોટું જૂથ બને તે સ્વાભાવિક પ્રક્રિયા છે. વિક્રમ સંવત ૧૯૦૬માં સિંહપુરા જ્ઞાતિ નરસિંહપુરા જ્ઞાતિમાં ભળી ગઈ હોવાનું નોંધાયું છે. ખંડેલવાલ જ્ઞાતિએ બીજવર્ગ જ્ઞાતિને પોતાનામાં સમાવી લીધી છે. મધ્યયુગમાં જૈન ધર્મ અપનાવનાર કેટલાંક જ્ઞાતિજૂથોને તેમનાં જેવા જૈન જ્ઞાતિજૂથોમાં સમાવી લીધાના દાખલા પણ છે.

એક મહત્ત્વનું નિરીક્ષણ એવું છે કે ઓસવાલ, પોરવાડ કે નરસિંહપુરા જેવાં જ્ઞાતિજૂથો દિગંબર અને શ્વેતાંબર બંનેમાં જોવા મળે છે. દિગંબર જૈન ડિરેક્ટરી અને શ્વેતાંબર જૈન ડિરેક્ટરી જોઈને વિલાસ સંગવે જણાવે છે કે દિગંબરોમાં ૮૭ અને શ્વેતાંબરોમાં ૩૮ જેટલાં જ્ઞાતિ અને પેટાજ્ઞાતિ જૂથો છે.

**જ્ઞાતિ વ્યવસ્થાનું સ્વરૂપ**

બ્રિટિશ વિદ્વાનો હટન અને રીઝલાથી માંડીને ભારતીય વિદ્વાનો કેતકર, દત્ત અને ધુર્યે જેવાએ જ્ઞાતિ વ્યવસ્થા દર્શાવવાની કોશિશ કરી છે. આ બધામાં ધુર્યે[4] સૌથી વધુ સફળ રહ્યા છે. ધુર્યેના મતે જ્ઞાતિનાં લક્ષણો આ મુજબ છેઃ (૧) સમાજનું ખંડીય વિભાજન, (૨) ઊંચ-નીચનો ક્રમ, (૩) ખાનપાન અને સામાજિક સંબંધોના પ્રતિબંધો, (૪) નાગરિક અને ધાર્મિક અયોગ્યતાઓ અને વિશેષાધિકારો, (૫) વ્યવસાયની (મુક્ત) પસંદગી પર પ્રતિબંધ તથા (૬) લગ્ન પરના પ્રતિબંધો.

આ લક્ષણોના આધારે (ખાસ કરીને પ્રથમ બે) જ્ઞાતિ-વ્યવસ્થાને કારણે વ્યાપક જૈન સમુદાય વિવિધ સામાજિક જૂથોમાં વહેંચાઈ ગયો છે. આ વિભાજન જ્ઞાન કે ધનના આધારે નહિ પણ માત્ર જન્મના આધારે હોય છે. જે વ્યક્તિ જે જ્ઞાતિમાં જન્મે તેની આપોઆપ સભ્ય બની જાય છે. બે તેરાપંથી સામસામા મળે તો આગળની ઓળખમાં જ્ઞાતિ પૂછવામાં આવે છે. સામાન્ય રીતે જૈનોમાં જ્ઞાતિનામ સ્થળનામ પર હોય છે. એટલે 'તમે ક્યાંના?' સવાલના જવાબમાં સ્થળનામ સહિત જ્ઞાતિનામનો ઉલ્લેખ થઈ જાય છે. શ્રીમાળી, અનેરવાલ, આણદોરા, કાકલીયા, ખડાયતા, ખંડેલવાલ, ચીતોડા, ઝારોળા, પલેવાળ, ભાગરવાલ, મેવાડા વગેરે નામો આ કથામાં આવે.

આવી દરેક જ્ઞાતિ સામાજિક રીતે લગભગ સ્વાયત્ત હોય છે. આવી જ્ઞાતિઓને પોતાનું જ્ઞાતિપંચ હોય છે. કેટલાક સંજોગોમાં જે તે જ્ઞાતિજૂથને પોતાનું દેરાસર પણ હોય છે. સુરતમાં જૈનોનાં (ખાસ કરીને બનાસકાંઠાના) વિવિધ જ્ઞાતિજૂથો ૧૯૬૦ પછી આવીને ગોપીપુરામાં વસવા લાગ્યા અને તેથી ગોપીપુરામાં આજે બે ડઝનથી વધુ જૈન દેરાસરો છે. અલબત્ત, નવી પેઢી અઠવા લાઈન્સ અને આગળના વિસ્તારોમાં વસવા જતાં હવે દેરાસરો ત્યાં સ્થપાય છે. આ જ્ઞાતિ પંચાયતો પોતાના સભ્યોના સામાજિક વર્તનનું નિયમન કરે છે. આમાં જન્મ, લગ્ન, મૃત્યુ તથા અન્ય પ્રસંગો કઈ રીતે પાર પાડવા તેની વાત હોય છે.

જ્ઞાતિવ્યવસ્થાનું બીજું લક્ષણ કોટિક્રમ અથવા ઊંચ-નીચનો ક્રમ છે. હિંદુ સમુદાય પૂર્ણપણે કોટિક્રમિત સમાજ

છે. હિંદુ જ્ઞાતિઓને ઊંચનીચના ક્રમમાં પ્રમાણમાં સરળતાથી ગોઠવી શકાય છે. આવા કોટિક્રમમાં બ્રાહ્મણો ઉપર હોવાના. આમ હોવાનું એક કારણ કર્મકાંડી સમાજમાં ધર્મને આગવું સ્થાન મળતું અને તેથી ધર્મક્રિયા કરનાર તથા કરાવનાર બ્રાહ્મણોને પણ ઉચ્ચ સ્થાન મળતું. આ પ્રકારની વ્યવસ્થા સામે જૈન આંદોલન થયું અને વૈકલ્પિક મૂલ્યવ્યવસ્થા સ્થપાઈ. આથી અનેક જ્ઞાતિઓ હોવા છતાં જૈન સમાજમાં જ્ઞાતિ કોટિક્રમ સ્પષ્ટ નથી, તે એટલી હદ સુધી કે જૈન બ્રાહ્મણોને પણ ઉપરનું સ્થાન મળ્યું નથી. આમ સૌથી ઉપર, વચ્ચે તથા નીચે કોણ તેની સ્પષ્ટતા ન હોવાથી જૈન જ્ઞાતિઓને જન્મના આધારે કોટિક્રમમાં ગોઠવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સામાજિક રીતે અહીં બધી જ જ્ઞાતિઓ લગભગ સરખી ગણાય છે. તેમ છતાં કેટલાંક જૈન જ્ઞાતિજૂથોમાં નૈતિક મૂલ્યો, સામાજિક રિવાજો, રીતો અને રૂઢિઓને લઈને ચડસાચડસીની ભાવના જોવા મળે છે. જે જ્ઞાતિઓમાં વિધવા પુનર્લગ્નનો ચાલ નથી તેવી જ્ઞાતિઓ, વિધવા પુનર્લગ્નના ચાલવાળી જ્ઞાતિઓ કરતાં પોતાને ઊંચા માને છે. વળી, શ્રીમાળી કે પોરવાડ જેવી જ્ઞાતિઓમાં દશા અને વીશા જેવા કે અન્ય પ્રકારના પેટા વિભાગો હોય છે. આવા પેટા વિભાગો વચ્ચે સામાજિક માન-મોભાની રીતે ચડ-ઊતરનો ક્રમ જોવા મળે છે. તેરાપંથીમાં મુખ્યત્વે છ જ્ઞાતિઓ છે. અહીં જે એક ખાસ જ્ઞાતિજૂથમાંથી વધુ સંતો અને મહારાજ સાહેબો આવ્યા છે તે જ્ઞાતિજૂથનું માન વધારે છે. તેવી જ રીતે સ્વાતંત્ર્ય પહેલાં નિઝામના રાજ્યમાં પોરવાડ કરતાં શ્રાવગીનું સામાજિક સ્થાન ઊંચું ગણાતું કારણ કે શ્રાવગીઓ પ્રાણીઓ પ્રત્યે વધુ જીવદયા બતાવતા હતા. નાનકડી એવી લામેચુ (Lamecû) જ્ઞાતિમાં ઊંચા અને નીચા એવા બે વિભાગો છે. ઉત્તર કન્નડના જૈનોના ત્રણ વિભાગો પડે છેઃ ચતુર્થ, પંચમ અને તગર-બોગાર. અહીં પ્રથમ બે વિભાગના લોકો ત્રીજા વિભાગ કરતાં પોતાને ઊંચા માને છે.

પરંતુ જૈન જ્ઞાતિમાં કોટિક્રમ અથવા ઊંચનીચની વાત કરીએ ત્યારે સ્પષ્ટ કરવું જોઈએ કે આ બધા તફાવતો સ્થાનિક જ્ઞાતિવિશેષ અને ઉપરછલ્લા છે. ભારતના ખ્રિસ્તી કે મુસ્લિમ ધર્મના સમુદાયોમાં પણ આ પ્રકારની ઉપરછલ્લી અને ધર્મે જેને સ્વીકૃતિ આપી નથી તેવી જ્ઞાતિપ્રથા જોવા મળે છે. જૈનસમુદાયમાં ૮૪થી ૧૦૦ જેટલી જ્ઞાતિઓ છે. આ બધી જ્ઞાતિઓને કોટિક્રમમાં ગોઠવવાની કોશિશ સફળ થઈ શકતી નથી.

જ્ઞાતિવ્યવસ્થાનું ત્રીજું લક્ષણ છે ખાનપાન અને સામાજિક આંતરક્રિયાના પ્રતિબંધો. હિંદુ જ્ઞાતિઓમાં કોણ કોને ત્યાં શું ખાઈ કે પી શકે અથવા કોણ કોની સાથે કેવો વ્યવહાર રાખી શકે તેના વિગતવાર નિયમો છે. જેમ કે કોણ કોને ત્યાં પાકું ભોજન લઈ શકે, કોણ કોને ત્યાંથી માત્ર પાણી લઈ શકે કે તે પણ ન લઈ શકે તેના વિગતવાર નિયમો હિંદુ જ્ઞાતિઓને 'પવિત્ર'-'અપવિત્ર'ના ધોરણે ઊંચનીચના ક્રમમાં ગોઠવવામાં મદદ કરે છે. અલબત્ત, આધુનિક શહેરી જીવનમાં આ ભેદભાવો જળવાયા નથી, પરંતુ ગામડામાં વત્તેઓછે અંશે આ તફાવતો જોવા મળે છે. જૈન સમુદાય ખાન-પાનની બાબતમાં બહુ ચુસ્ત છે, પરંતુ વિવિધ જૈન જ્ઞાતિઓ વચ્ચે ખાનપાનના ભેદભાવોને સ્થાન નથી. એક જૈનને બીજા જૈનને ત્યાં ખોરાક લેવા અંગેના કોઈ પ્રતિબંધો નથી. શ્રવણબેલગોલાના એક શિલાલેખ પરથી જાણવા મળે છે કે જૈનોમાં ઘણી બધી જ્ઞાતિઓ હતી, પરંતુ તેમની વચ્ચે ખાનપાનના તફાવતો નહિવત્ હતા. પરંતુ પછીથી હિંદુ સંપર્કોની અસરથી જૈનોમાં ખાનપાનના તફાવતો વધ્યા. હાલમાં જૈનોમાં જ્ઞાતિભોજન હોય ત્યારે અન્ય જ્ઞાતિના લોકોને સામાન્યતઃ આમંત્રણ આપવામાં આવતું નથી.

ખાનપાનના ભેદભાવોની જેમ સામાજિક આંતરક્રિયા અથવા સામાજિક વ્યવહારોના ભેદભાવો પણ જોવા મળે છે. આ ભેદભાવો શુદ્ધિ-અશુદ્ધિના આધારે હોય છે. હિંદુ જ્ઞાતિવ્યવસ્થામાં કોટિક્રમમાં ખૂબ નીચે ગણાતી વ્યક્તિ ઉપલી જ્ઞાતિની વ્યક્તિ સાથે ફરે તો પણ ઉપલી જ્ઞાતિની વ્યક્તિ અશુદ્ધ બને છે અને તેણે જ્ઞાન તથા પ્રાયશ્ચિત કરીને ફરીથી શુદ્ધ બનવું પડે છે. જૈનોમાં આવી કહેવાતી 'અસ્પૃશ્ય' જ્ઞાતિઓ તો છે જ નહિ. કદાચ વેપાર-વણજ સાથે સંકળાયેલા હોવાથી બધા

સાથે લેણ-દેણનો વ્યવહાર રાખવો પડતો હોવાથી જૈનોમાં આવા ભેદભાવો નથી.

જ્યારે વિવિધ જ્ઞાતિઓ કોટિક્રમિત હોય ત્યારે ઉચ્ચ જ્ઞાતિને વધુ અધિકારો અને માનસન્માન તથા નીચાને ઓછું તેવું બનવું સહજ છે. હિંદુ જ્ઞાતિ વ્યવસ્થામાં નીચલી ગણાતી જ્ઞાતિના લોકોને ગામ બહાર વસવાટ, ગામમાં મુક્ત આવનજાવન પર પ્રતિબંધ, વિવિધ જ્ઞાતિઓને અલગ આવાસ વ્યવસ્થા, જ્ઞાતિમંદિરો વગેરેની વ્યવસ્થા જોવા મળે છે. આનો અર્થ એ છે કે નાગરિક અને ધાર્મિક અધિકારો પણ ઊંચ-નીચના ક્રમ પ્રમાણે હિંદુ સમાજમાં વહેંચાય છે. દા.ત., બ્રાહ્મણવાડા, નાગરવાડા, રજપૂતપુરા, વાણિયાની શેરી, લાડ સોસાયટી, કુંભારવાસ વગેરે નામો જ્ઞાતિ આધારિત છે. જૈન જ્ઞાતિઓમાં જ્ઞાતિ વસવાટો દેખાતા નથી. જૈન જ્ઞાતિઓ સંખ્યામાં નાની છે અને જૈનોમાં જ્ઞાતિઓનો ઉદ્‌ભવ ભારતના સુદીર્ઘ ઇતિહાસના પ્રમાણમાં છેલ્લી સાત-આઠ સદીનો ગણી શકાય. તેમ છતાં જૈનો એક વિસ્તારમાં વધુ વસતા હોય તેથી બિલ્ડરો જાહેરખબરમાં દેરાસરની વાત મૂકી જૈનોને અમુક વિસ્તારમાં આકર્ષવા માંગતા હોય તેવું બને છે.

હિંદુ જ્ઞાતિઓમાં શુદ્ધિ-અશુદ્ધિના આધારે કેટલીક જ્ઞાતિઓને મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશવાની છૂટ, કેટલાકને માત્ર દર્શનની છૂટ તો કેટલાકને મંદિરમાં પ્રવેશવાની મનાઈ હોય છે. તેવી જ રીતે ઉચ્ચ જ્ઞાતિઓ માટે વૈદિક વિધિઓ અને નીચલી ગણાતી જ્ઞાતિઓ માટે પૌરાણિક વિધિઓ હતી. શુદ્ર ગણાતી જ્ઞાતિઓને શાસ્ત્રોના અભ્યાસનો અધિકાર નહોતો. ગોરપદું માત્ર બ્રાહ્મણો જ કરી શકતા. જૈન સમુદાયમાં આમ તો દરેક વ્યક્તિને ધર્મને અનુસરવાનો અને ધાર્મિક વિધિ-વિધાનોનો અધિકાર છે તેમ છતાં અમુક જૈન જ્ઞાતિઓને અમુક વિધિઓ કરવાની મનાઈ ફરમાવાઈ હોય તેવું ધ્યાનમાં આવ્યું છે. જે જ્ઞાતિમાં વીશા અને દશા એવા બે વિભાગો પડી ગયા હોય તેમાં કોઈ કિસ્સામાં દશાને મંદિરમાં પૂજા કરવા ન દેવાઈ હોય તેવું બન્યું છે. જે જૈન જ્ઞાતિઓમાં વિધવા પુનર્વિવાહનો ચાલ છે તેવી જ્ઞાતિના લોકો પાસેથી જૈન સાધુઓ ખાદ્ય સામગ્રી ન સ્વીકારે તેવું બને છે. દિગંબર સંપ્રદાયના મંતવ્ય અનુસાર શૂદ્રો જૈન સાધુઓને ખોરાક આપી શકતા નથી, શૂદ્રોને મોક્ષનો અધિકાર નથી, તેઓ ઉચ્ચ કક્ષાના સાધુ બની શકતા નથી અને મોટે ભાગે તેમને પૂજાનો અધિકાર પણ મળતો નથી.[૫]

હિંદુ જ્ઞાતિ વ્યવસ્થામાં બ્રાહ્મણોને મિલકત, કરરાહત વગેરેમાં અનેક પ્રકારના વિશેષાધિકારો હતા. જૈનોમાં બ્રાહ્મણોનું નહિ પણ ક્ષત્રિયોનું વર્ચસ્વ સ્વીકારાયું છે. જૈન વિચારધારા એ બ્રાહ્મણવાદી વિચારધારા સામે ક્ષત્રિયોનો બળવો હતો તેવી માન્યતામાંથી આ રીતે ક્ષત્રિય વિશેષાધિકાર સ્વીકારાયો હોય તેવું બને.

હિંદુ જ્ઞાતિ વ્યવસ્થામાં વ્યવસાયની મુક્ત પસંદગી ઉપર પ્રતિબંધ હતો. લોકો જ્ઞાતિ મુજબ વ્યવસાય કરી શકતા, મનપસંદ વ્યવસાય ન કરી શકતા. વ્યવસાયોનો પણ શુદ્ધિ-અશુદ્ધિના આધારે એક કોટિક્રમ હતો. જે જ્ઞાતિ પોતાના કોટિક્રમ પ્રમાણે આવતો હોય તે વ્યવસાય જ કરી શકતી. એક જ્ઞાતિના લોકો બીજી જ્ઞાતિના લોકોને પોતાના વ્યવસાયમાં પ્રવેશવા નહોતા દેતા.[૬] હવે જૈનોની જ્ઞાતિઓ મહદ્ અંશે સ્થળ પર આધારિત છે. જૈનોમાં જ્ઞાતિ અને વ્યવસાય વચ્ચે હિંદુ જ્ઞાતિઓમાં હતો તેવો કોઈ સ્પષ્ટ સંબંધ નહોતો. જૈન જ્ઞાતિઓના સભ્યોને તેમની પસંદગીનો વ્યવસાય કરવાનું પૂર્ણ સ્વાતંત્ર્ય હતું. પરંતુ એક જ્ઞાતિના સભ્યો એક વ્યવસાયમાં કેન્દ્રિત થાય તેવી પરિસ્થિતિ પછીથી સર્જાવા માંડી. જેમ કે મહારાષ્ટ્રના દશા શ્રીમાળીમાં એક વિભાગ 'ચણા-પૌઆ' તરીકે ઓળખાય છે. એવું બને કે આ પેટા જ્ઞાતિના સભ્યો ભૂતકાળમાં ચણા-પૌઆ વેચવાનો (ભઠિયારાનો) વ્યવસાય કરતા હોય. આ ઉપરાંત શ્વેતાંબર જૈનોમાં પણ કંદોઈ, સુથાર, દરજી, મોઢઘાંચી અને કાછિયા જેવાં નામોથી જૂથો ઓળખાય છે. તાજેતરમાં ઝવેરી, મર્ચન્ટ વગેરે અટકો પણ વ્યવસાયજૂથનો સંકેત આપે છે.

લગ્ન એ જ્ઞાતિનું સૌથી મહત્ત્વનું લક્ષણ છે. હિંદુ જ્ઞાતિવ્યવસ્થામાં દરેક જ્ઞાતિ (કેટલાક કિસ્સામાં પેટા જ્ઞાતિ) એક આંતર્લગ્ન સમૂહ છે. દરેક જ્ઞાતિમાં પાછા

ગોળ અને એકડા જેવા પેટા વિભાગો પાડી આંતર્લગ્ન વર્તુળને વધુ મર્યાદિત બનાવવામાં આવતું. આંતર્લગ્નના આ નિયમોને તોડે તેને જ્ઞાતિપંચ જ્ઞાતિબહાર મૂકવાની કે અન્ય સજા ફરમાવતાં. જૈનોમાં દરેક જ્ઞાતિ એક આંતર્લગ્ન સમૂહ હતો અને તેના દરેક સભ્યે પોતાના જીવનસાથીની પસંદગી જે તે જ્ઞાતિમાંથી કરવી પડતી. કેટલાક કિસ્સાઓમાં સમાન નામવાળી જૈન અને હિંદુ જ્ઞાતિઓ પણ પોતાના સભ્યોને એકબીજામાંથી લગ્નસાથીની પસંદગીની છૂટ આપતી. પરંતુ ગોળ અને એકડા સુધી આ નિયમ લઈ જવાનું જૈન સમુદાયમાં નથી બન્યું. મોટા ભાગની જૈન જ્ઞાતિઓ અલ્પ સભ્ય સંખ્યા ધરાવતી હોવાથી તેમને આંતર્લગ્નના નિયમને વધુ મર્યાદિત બનાવવાની જરૂર નહિ લાગી હોય. જૈનોમાં સૈતવાલ, ચતુર્થ, પંચમ, ખંડેલવાલ વગેરે આંતર્લગ્ન જૂથો છે. ગુજરાતમાં જૈન જ્ઞાતિઓ પ્રમાણમાં મોટી છે. એટલે તેમનામાં વીશા-દશા જેવાં પેટા જૂથો આગળ પડે છે. જેમ કે દશા શ્રીમાળી, વીશા શ્રીમાળી અને લાડવા શ્રીમાળી. વીશા શ્રીમાળીમાં સાત પેટા જૂથો છે, દશા શ્રીમાળીમાં ત્રણ છે.[૭] આનાથી આગળ જતાં દશા અને વીશા શ્રીમાળીમાં લગ્નપસંદગી માટે ભૌગોલિક વિભાગો પણ પડે છે. જેમ કે સૌરાષ્ટ્રના વીશા શ્રીમાળી (જૂનાગઢ, ધોરાજી વગેરે)માં ભાવનગર સુધી લગ્નસંબંધ બાંધી શકતા, તેનાથી આગળ ન જવાતું.

**જ્ઞાતિવ્યવસ્થામાં આવેલું પરિવર્તન**

ઉપર જૈનોમાં જ્ઞાતિપ્રથા વિશે જે વાત કરી તે લગભગ ૧૯૬૦-૭૦ સુધી સાચી હતી. જ્ઞાતિપ્રથાનાં લક્ષણો હિંદુઓમાં જેટલી ચુસ્તીથી દેખાતાં હતાં એટલી ચુસ્તીથી જૈનોમાં દેખાતાં નહોતાં. કોટિક્રમની વ્યવસ્થા નહોતી, પરંતુ ઊંચ-નીચના ખ્યાલો હતા. વ્યવસાયના પ્રતિબંધો પછીથી અને ઓછા પ્રમાણમાં ઉદ્ભવ્યા હતા. જૈનોમાં જ્ઞાતિવ્યવસ્થા ધાર્મિક સ્વીકૃતિ પામેલ વ્યવસ્થા કરતાં સામાજિક સંગઠન તરીકે વિશેષ જોવા મળે છે.

૧૯૬૦-૭૦ના ગાળામાં જૈનોમાં સ્થળાંતર મોટા પ્રમાણમાં થયું. આ માત્ર સ્થળાંતર જ નહોતું, પરંતુ વ્યાવસાયિક પરિવર્તન પણ હતું (જો કે આની અભ્યાસાધારિત હકીકતો મળતી નથી). જેમ કે બનાસકાંઠાનાં ગામડાંમાં વસતા જૈનોમાંથી ૭૦ ટકા જેટલા મુંબઈ અને સુરત ખાતે, ગામડાંની દુકાનો છોડીને, હીરાના વ્યવસાયમાં ગયા. પશ્ચિમ મધ્ય પ્રદેશ અને દક્ષિણ રાજસ્થાનના જૈનો સુરતના કાપડના વ્યવસાયમાં આવ્યા. જ્યારે કોઈ પણ સામાજિક સમૂહો ગામડાં છોડીને શહેરોમાં જાય છે ત્યારે તેમનાં જ્ઞાતિ સંગઠનોનું સ્વરૂપ બદલાય છે. આ સંગઠનનાં જૂનાં લક્ષણો નબળાં પડતાં જાય છે અને નવા ઊભરતાં જાય છે. બનાસકાંઠાના વાવ-થરાદ વિસ્તારમાં જે સજ્જને પ્રથમ સ્થળાંતર કર્યું તેમણે નવા સ્થળે સ્થિર થઈ પોતાના ભાઈ-ભત્રીજાને પોતાની પાસે બોલાવી લીધા. આમ સગાંઓને સ્થળાંતરમાં ખેંચવાનો એક વ્યાપક પ્રવાહ જૈન સમુદાયમાં ચાલ્યો. આવું હિંદુ જ્ઞાતિઓમાં પણ બન્યું છે. આમ જ્ઞાતિ સંગઠન હવે સ્થળાંતર પોષક લક્ષણ ધારણ કરે છે. એક વાર એક જ્ઞાતિનું જૂથ મુંબઈ, સુરત, પૂના કે બેંગલોર જેવા સ્થળે એકત્ર થાય છે, પછી તેમનું સંગઠન નવા અને નોંધાયેલા સ્વરૂપે આકાર લે છે. આ નવું સંગઠન પરંપરાગત જ્ઞાતિપંચ કરતાં જુદી ભૂમિકા ભજવે છે. જૂનું સંગઠન જન્મ, લગ્ન, મરણ, વારસો વગેરેના નિયમો બનાવતું. નવું સંગઠન હવે નવી જગ્યાએ પોતાની જ્ઞાતિનું દેરાસર કે ભવનો બનાવે છે, જ્ઞાતિ સંમેલનો અને લગ્નસાથી પસંદગી બેઠકો યોજે છે, વતનને યાદ કરે છે, વતનનાં દેરાસરો કે ભવનો અપૂજ અને બિસ્માર હાલતમાં રહે તેની ચિંતા કરે છે.[૮] ગામમાં નાનું-મોટું દાન આપે છે. ગામમાં એક પાકું આધુનિક મકાન-જો અત્યાર સુધી ન હોય તો-બાંધે છે, આશા વ્યક્ત કરે છે કે દર વેકેશનમાં ગામડે જઈશું, પણ વાસ્તવમાં એવું બનતું નથી.

આ દરમિયાન લગ્નના નિયમોવાળું લક્ષણ નબળું બનતું જાય છે. સંતાનોનું વલણ શિક્ષણ અને શહેરની અસરને કારણે બદલાય છે. હવે તેમને પસંદગીના લગ્નસાથી જોઈએ છે. જો જ્ઞાતિમાંથી ન મળે તો સમગ્ર જૈન સમુદાયમાંથી કોઈ પણ ચાલે. હિંદુ વાણિયા અને સવર્ણ હોય તો પણ ચાલે એટલી હદે વલણો બદલાતાં

ગયાં છે. જ્ઞાતિપ્રથાને ટકાવી રાખનારું અને જન્મથી સભ્યપદ આપનારું લક્ષણ ખૂબ બદલાઈ રહ્યું છે. ૧૯૭૦ પછી જન્મેલા જૈનોની વ્યાવસાયિક ખાસિયત એ રહી છે કે તેઓ પિતાના વેપારમાં જવા માંગતા નથી, દુકાને બેસવા માંગતા નથી. હવે તેઓ ઉદ્યોગપતિ કે પ્રોફેશનલ બનવા માંગે છે. જૈનોમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, મેનેજરો વગેરે પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. સર્જનના વ્યવસાયમાં જવામાં હજી થોડું અહિંસાનું મૂલ્ય ભાગ ભજવે છે. જૈનો હવે લગભગ પૂર્ણપણે શહેરી જ્ઞાતિઓમાં પરિવર્તન પામ્યા છે.

જૈનો એક વાર ગાઢ સામાજિક-આર્થિક નેટવર્ક ધરાવતા હતા. તેમની જ્ઞાતિઓ અથવા સામાજિક જૂથો હિંદુ જ્ઞાતિપ્રથાની જેમ શાસ્ત્રની મંજૂરી પામેલા નહિ પરંતુ વ્યાવસાયિક જરૂરનો એક ભાગ હતાં. એકબીજાને વ્યવસાયમાં મદદ કરવામાં આ સંગઠન કામ લાગતું હતું. શાખ સ્વીકારવામાં, હૂંડીમાં, ધંધાની લેવડદેવડમાં આ સંબંધો કામ લાગતા હતા. આ સંબંધોની પ્રથા તૂટતી જાય છે તેની સમાજના કેટલાક વડીલોને ચિંતા છે.[૯] પૃથક સમાજની અત્યારે એક ગંભીર સમસ્યા છે નિયમભંગની. સમાજ અનેક કારણોસર લગભગ નિઃસહાય સ્થિતિમાં હોય છે. ચાર બચાવ કરવામાં આવે છેઃ (અ) છોકરો-છોકરી માનતાં નથી, અમારું ચાલતું નથી. (બ) અમારે અન્ય સમાજ, અન્ય કોમ, અન્ય ધર્મના સંબંધીઓને પણ સાચવવા પડે છે. (ક) અમને આ નિયમની જાણ ન હતી. (ડ) નિયમભંગ કરનારને સમાજ કંઈ કહેતો નથી.

જૂનું નેટવર્ક તૂટતાં જૈન સમાજ પણ અન્ય સમુદાયોની જેમ સ્તરીભૂત થવા લાગ્યો છે. એક જૈન વડીલ ગીરધરલાલ શાહ[૧૦] જણાવે છે તેમ, 'બીજું પરિવર્તન એ આવ્યું છે કે, જૂનો સુખી શ્રીમંત વર્ગ અતિશ્રીમંત થયો છે. નવો શ્રીમંત વર્ગ ઊભો થયો છે. જે જૂના પેઢી-દર-પેઢી ખાનદાન શ્રીમંતોથી આગળ નીકળી ગયો છે. આર્થિક ઘસારો ધીમો પણ ચોક્કસ ગતિએ નીચલા વર્ગને એક એક પગથિયું નીચે ઉતારતો જાય છે. એકાદ પેઢી પછી ગરીબીની રેખાથી નીચે જશે ત્યારે જૈન બહેનોને પારકાં ઘરકામ કરવાનો વખત આવે તો નવાઈ નહિ.' આમ પહેલાં સમરૂપ હતાં તેવાં જ્ઞાતિજૂથો હવે વિષમરૂપ અને સ્તરીભૂત થતાં જાય છે. નેટવર્ક તૂટી જતાં, પહેલાં સામાજિક ટેકાની જે વ્યવસ્થા હતી તે પણ તૂટતી જાય છે.

વાવપંથક સમાજના આ વડીલની ચિંતા લગભગ બધાં સામાજિક જૂથોના વડીલોની ચિંતા છે. જૂની સમાજવ્યવસ્થા તૂટતી જાય છે, નવી ઊભી થતી જાય છે. નવી વ્યવસ્થામાં સમાજને ટકાવી રાખી કેમ પ્રગતિ કરવી તે એકાદ લેખનો નહિ, સમગ્ર પરિસંવાદનો વિષય છે, ગહન ચિંતનનો વિષય છે, મનોસ્થિતિ (માઈન્ડ સેટ) બદલવાનો વિષય છે.

## સંદર્ભ


૧. બક્ષી, ચંદ્રકાંત, મહાજાતિ ગુજરાતી, પા. ૮૧
૨. ઝીંકીન, તાયા, કાસ્ટ ટુડે, ઈમ્પ્રીન્ટ જર્નલ, ૧૯૬૫
૩. સંગવે, વિલાસ (ડૉ.), જૈન રિલિજિયન એન્ડ કમ્યુનિટી, કેલફોર્નિયા (યુ.એસ.), લોંગ બીચ, ૧૯૯૬
૪. ધુર્યે, ગોવિંદ સદાશીવ (ડૉ.), કાસ્ટ એન્ડ રેસ ઈન ઇન્ડિયા
૫. જેકોબી, એચ., એન્સાયક્લોપિડીયા ઓફ રિલિજિયન એન્ડ એથિક્સ, ગ્રંથ-૧૨
૬. ધુર્યે- (પા. ૬૦)
૭. સૌરાષ્ટ્ર વીશા શ્રીમાળી ધારો
૮. ડૉ. જયશ્રી શાહ સાથેની ચર્ચા
૯. મહેતા, સેવંતિલાલ, સર્વાંશે સમૃદ્ધ, ધર્મદઢ, વાવપંથક સમાજ (સુરત)નાં આગામી ૧૫ વર્ષ-એક ચિંતન પા.૧૯
૧૦. શાહ, ગિરધરલાલ, સમાજનો અહેવાલ, વઢવાણ.


●

# ઇન્ડિયન ડાયસ્પોરા : એક સમાજશાસ્ત્રીય અધ્યયન

ડૉ. જયપ્રકાશ એમ. ત્રિવેદી*

**ટૂંકસાર**

ઈન્ડિયન ડાયસ્પોરા મૂળ ભારતના પરંતુ હાલમાં પરદેશમાં વસેલા ભારતીયો અને તેમની જીવન-પરિસ્થિતિ સૂચવતો ખ્યાલ છે. વિશ્વના ૧૧૦ દેશોમાં રહેતા ૨ કરોડથી પણ વધુ ભારતીય વસાહતીઓ તેમના ભારતીય સમાજ અને સંસ્કૃતિ તરફના આકર્ષણ તથા ભારતના પ્રાદેશિક વિકાસમાં રહેલા પ્રદાનના સંદર્ભમાં સામાજિક વૈજ્ઞાનિકોનું ધ્યાન ખેંચે છે. આ બિન-નિવાસી કે પ્રવાસી ભારતીય તરીકે ઓળખાતા ઈન્ડિયન ડાયસ્પોરાનો સમાજ શાસ્ત્રીય અભ્યાસ તેમના વર્તન વ્યવહારોનો સામાજિક-સાંસ્કૃતિક પરિબળોના સંદર્ભમાં અભ્યાસ કરે છે. આમ કરવામાં સામાજિક આંતરક્રિયા અને સંબંધો, બહુસંસ્કૃતિવાદ, એથ્નિક તથા લઘુમતી સમૂહ અને તેનાં મૂલ્યો, ધોરણો અને જીવનશૈલી, સામાજિક અલગીકરણ કે સુગ્રથન અને સામાજિક અનુકૂલન, મારજીનલ મેન (બે સંસ્કૃતિને જુદી પાડતી દીવાલ કે સીમા ઉપર બેઠેલ માનવી) સાંસ્કૃતિક આઘાત, સંદર્ભીકરણ જેવા સમાજ-શાસ્ત્રીય ખ્યાલોનો ઉપયોગ કરે છે. તેવી જ રીતે સહભાગી નિરીક્ષણ, રૂબરૂ સમૂહ મુલાકાત પદ્ધતિ, વિષય વસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરી યજમાન દેશ તથા ભારતમાં તેમના સ્થાન, તેમના સ્થળાંતર અને વસવાટની સામાજિક તરાહ, તેમના આર્થિક-સામાજિક, સાંસ્કૃતિક તથા રાજકીય જીવનનું સંગઠિતીકરણ, ભારતના પ્રાદેશિક સમાજ સાથેના સંબંધો, તેમનું સામાજિક માળખું અને તેમાં આવેલા સામાજિક પરિવર્તન અને તેમની સમસ્યાઓનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવામાં આવે છે. ગુજરાતના સમાજશાસ્ત્રીઓએ ગુજરાતી ડાયસ્પોરાનો ઉપરોક્ત રીતે જ સમાજશાસ્ત્રીય અભ્યાસ કરી શકે છે.

**(૧) પ્રસ્તાવના**

માનવ સમાજ ચોક્કસ ભૌગોલિક વિસ્તાર, સંસ્કૃતિ તથા સાર્વભૌમત્વ ધરાવતો વિશાળ પ્રજાકીય સમૂહ છે. સામાન્ય રીતે સમાજનો અભ્યાસ તેમાં વસતા સભ્યોના સંદર્ભમાં કરવામાં આવે છે. પરંતુ તાજેતરના સમયમાં સમાજનો અભ્યાસ તેના મૂળ વતનીઓ પરંતુ હાલમાં પરદેશમાં રહેતા લોકોના સંદર્ભમાં કરવાનો એક નવો પ્રવાહ શરૂ થયો છે. આ પ્રવાહને ડાયસ્પોરા સ્ટડીઝ કહેવાય છે. ભારતના તથા પરદેશના સામાજિક વૈજ્ઞાનિકો દ્વારા ભારતીય સમાજનો મૂળ ભારતીય પરંતુ હાલમાં પરદેશમાં વસેલા ભારતીય વસાહતીઓના સંદર્ભમાં અભ્યાસ કરાય છે. આવા અભ્યાસને ઈન્ડિયન ડાયસ્પોરા સ્ટડીઝ તરીકે ઓળખવામાં આવે છે. પંજાબી, ગુજરાતી, તામિલ, તેલુગુ તથા કેરાલિયન બિન-નિવાસી ભારતીયો ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા, આફ્રિકન દેશો, અખાતી દેશો, મધ્યપૂર્વ અને દક્ષિણ એશિયાના દેશોમાં સંખ્યાત્મક તથા કાર્યાત્મક રીતે મહત્ત્વના વસાહતી સમુદાયો રચે છે. પરદેશમાં રહેતા આ બિન-નિવાસી ભારતીયોની સંખ્યા ૨ કરોડથી પણ વધુ છે તથા તેઓ વિશ્વના ૧૧૦ દેશોમાં પથરાયેલા છે. અમેરિકા (૧૬,૭૮,૭૬૫), યુ.કે. (૧૨,૦૦,૦૦૦) કેનેડા (૮,૫૧,૦૦૦), ઓસ્ટ્રેલિયા (૧,૯૦,૦૦૦) જેવા વિકસિત પશ્ચિમ દેશો તથા સાઉદી અરેબિયા (૧૫,૦૦,૦૦૦), સંયુક્ત આરબ અમીરાત (૯,૫૦,૦૦૦), મલેશિયા (૧૬,૦૦,૦૦૦), મ્યાનમાર (૨૯,૦૨,૦૦૦), ફીજી (૩,૩૬,૦૦૦), દક્ષિણ આફ્રિકા (૧૦,૦૦,૦૦૦) જેવા આફ્રિકન-એશિયન વિકાસશીલ દેશોમાં ભારતીય વસાહતીઓનું પ્રમાણ ખૂબ જ નોંધપાત્ર છે.[૧] આવા સંખ્યાત્મક મહત્ત્વ ઉપરાંત પરદેશમાં વસેલા ભારતીય વસાહતીઓ ખૂબ જ આર્થિક તાકાત ધરાવે છે તથા તેમના યજમાન દેશ અને મૂળ દેશ ભારતની અર્થ વ્યવસ્થાને વિકસાવવામાં પણ મહત્ત્વની કાર્યાત્મક ભૂમિકા ભજવે છે. ખાસ કરીને તેઓ

* પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

ભારતીય અર્થ-વ્યવસ્થાને વિકસાવવામાં અને ભારતના પ્રાદેશિક વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કરે છે.

એચ.પી.ઈ.સી.-મુંબઈના એક અહેવાલ મુજબ પરદેશમાં વસતા બિન-નિવાસી ભારતીયો એક હજાર અબજ ડોલરની સંપત્તિ ધરાવે છે જે સમગ્ર ભારતીય અર્થ વ્યવસ્થાની કુલ સંપત્તિની કિંમત (૮૫૦ અબજ ડોલર)થી વધુ છે.[૨] વધુમાં વિશ્વ બેંકના અભ્યાસ અહેવાલ મુજબ વિશ્વના બિન-નિવાસી વસાહતીઓ દ્વારા પોતાના મૂળ દેશમાં મોકલાતા નાણાં દ્વારા લાભાન્વિત દેશોમાં ચીન (૨૧.૩ અબજ ડોલર), મેક્સિકો (૧૮.૧ અબજ ડોલર)ની તુલનામાં ભારત (૨૧.૭ અબજ ડોલર) પ્રથમ ક્રમે આવે છે.[૩] ઈન્ડિયાન ડાયસ્પોરાના આવા મહત્ત્વના આધારે તથા તેમના અભ્યાસની સમાજશાસ્ત્રીય ઉપયોગિતાના સંદર્ભે પ્રસ્તુત શોધપત્રમાં ઈન્ડિયન ડાયસ્પોરાની વિભાવના, તેના ઉપર થયેલા કેટલાક અગત્યના અભ્યાસો, તેના અભ્યાસ માટેનો સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય, મહત્ત્વના શોધ મુદ્દાઓ, પદ્ધતિશાસ્ત્ર તથા તે અંગે કેટલીક વણખેડાયેલી શોધ બાબતો અંગે રજૂઆત કરવામાં આવી છે.

## (૨) ઈન્ડિયન ડાયસ્પોરાની વિભાવના

ઈન્ડિયન ડાયસ્પોરા શબ્દ ભારતમાંથી સ્થળાંતર કરી પરદેશમાં વસેલા ભારતીયો માટે વપરાય છે. ડાયસ્પોરા શબ્દ બે ગ્રીક શબ્દો ડાય (Dia meaning through) અને સ્પેઈરો (Speiro meaning scatter) માંથી ઉદ્‌ભવેલ છે. આ શબ્દ મૂળભૂત રીતે પોતાની માતૃભૂમિ ઈઝરાયલમાંથી વિસ્થાપિત થઈ સમગ્ર જગતમાં ફેલાઈ ગયેલ જ્યુઈશ (યહૂદી) લોકો માટે વપરાયેલો હતો. અમેરિકન સમાજશાસ્ત્રી વોલ્ટર કેનોર ડાયસ્પોરાની બદલાયેલી તથા વિશાળ વ્યાખ્યા આપતાં જણાવે છે કે ડાયસ્પોરા પોતાની માતૃભૂમિ (મૂળ દેશ)ની બહાર રહેતા લોકોના એક ચોક્કસ સમૂહને સૂચિત કરે છે.[૪] આ જ સંદર્ભમાં વિલિયમ સેફ્રોન જણાવે છે કે વર્તમાન સમયમાં ડાયસ્પોરા ખાસ કરીને ડાયસ્પોરિક સમુદાય મૂળ દેશમાંથી હાંકી કઢાયેલા હીજરતીઓ, રાજકીય આશ્રિતો, પારકા પ્રદેશમાં આવી વસેલા રહેવાસીઓ, એથ્નિક અને પ્રજાકીય લઘુમતી સમૂહો તથા સ્થળાંતરિત વસાહતીઓના વિવિધ લોક-વિભાગોનો સમાવેશ કરે છે.[૫] વર્તમાન સમયમાં ઈન્ડિયન ડાયસ્પોરાને સારા અર્થમાં સમજવા માટે તેની સાથે જોડાયેલા તથા તેમાં સમાવિષ્ટ થયેલા અમીગ્રેશન (Emigration)ના ખ્યાલને સમજવો પણ અત્યંત આવશ્યક છે. ઈમીગ્રેશન (બાહ્ય સ્થળાંતર) કોઈ એક દેશમાંથી (મૂળ દેશ) બીજા દેશમાં (પરદેશ) વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહ દ્વારા આર્થિક કામ માટે કરાતા સ્થળાંતરની પ્રક્રિયાને સૂચવે છે. (Webster 1966:22) આંતરદેશીય સ્થળાંતરની આ આર્થિક-સામાજિક પ્રક્રિયામાં માનવવસ્તીની પુનઃ વહેંચણી, રહેઠાણીય પરિવર્તન (Evetts S. Lee 1975:195), વ્યાવસાયિક પરિવર્તન (Theodore Caplow 1954:60) તથા સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તન (Upretti 1981:2) સામેલ હોય છે. આમ સમગ્ર રીતે અર્થઘટિત કરતાં, ઈન્ડિયાન ડાયસ્પોરા અને ભારતમાંથી અન્ય દેશોમાં જઈ વસેલા ભારતીય વસાહતી સમૂહો જેવા કે ભારતીય નિર્વાસિતો તથા આર્થિક પ્રગતિ માટે જઈ વસેલા વંશીય, પ્રજાતીય, પ્રાદેશિક, ભાષાકીય, ધાર્મિક તથા જ્ઞાતિ સમૂહોમાંથી આવતા સ્થળાંતરિતોનો સમાવેશ કરે છે જેઓ રહેઠાણીય, વ્યાવસાયિક તથા સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તનો દ્વારા રેખાંકિત થયેલા હોય. ભારતમાં ઈન્ડિયાન ડાયસ્પોરામાં સામેલ વ્યક્તિઓને બિન-નિવાસી ભારતીય (N.R.I.) તરીકે તથા સરકાર દ્વારા પ્રવાસી ભારતીય તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાંથી પરદેશ ગયેલા સ્થળાંતરિતો માટે ગુજરાતી ડાયસ્પોરા અથવા બિન-ગુજરાતી (N.R.G.) જેવા શબ્દો વપરાય છે.

## (૩) ઈન્ડિયન ડાયસ્પોરા ઉપરના કેટલાક અગત્યના અભ્યાસો

ઈન્ડિયન ડાયસ્પોરા ઉપર સેંકડો અભ્યાસો થયેલા છે.[૬] આ અભ્યાસોનું વિહંગાવલોકન ત્રણ મુખ્ય બાબતો સૂચવે છેઃ (૧) એશિયન-આફ્રિકન દેશોમાં રહેતા ભારતીય વસાહતીઓ ઉપરના અભ્યાસોની તુલનામાં અમેરિકા, યુ.કે. તથા અન્ય યુરોપિયન દેશોના ભારતીય રહેવાસીઓ ઉપરના અભ્યાસોનું પ્રમાણ વિશેષ છે. (૨)

મોટા ભાગના આ અભ્યાસો પરદેશી વિદ્વાનો દ્વારા તથા યજમાન દેશોના પરિપ્રેક્ષ્યથી કરાયેલા એટલે કે આવા દેશોમાં બહારથી આવી વસેલા ભારતીય વસાહતીઓની સ્થિતિ અને તેમના દ્વારા સર્જાતી સમસ્યાઓ અંગેના છે. (૩) મોટા ભાગના અભ્યાસો તેમના ભૂ-ભૌગોલિક, ભૌતિક કે આર્થિક અને વહીવટી સ્થિતિ અંગેના છે, જેમાં સામાજિક-સાંસ્કૃતિક પાસાંઓનો નહિવત્ અભ્યાસ કરાયો છે. ઈન્ડિયન ડાયસ્પોરા અંગેના કેટલાક જાણીતા અભ્યાસોમાં હેલવેગ એ. ડબલ્યુનો બિન-નિવાસી પંજાબી રહેવાસીઓ દ્વારા મોકલાતી નાણાકીય સહાય (રેમિટન્સ)ની પંજાબના ગામ ઉપરની અસરનો અભ્યાસ (૧૯૮૩). (૨) બેર્યલ ધનનીલનો સાઉથ હોલમાં રહેતી શીખ સ્ત્રીઓનો અભ્યાસ (૧૯૭૬). (૩) જ્હોન પીટગ્રુવનો યુ.કે.માં વસેલા જાટ શીખોની સામાજિક વ્યવસ્થાનો અભ્યાસ (૧૯૭૬). (૪) કે. જી. દેહલોનો બોસ્ટનમાં વસેલા ગુજરાતી સમુદાયની લાક્ષણિકતાઓ અંગેનો અભ્યાસ (૧૯૮૦). (૫) માયકલ લીયોનનો 'એથ્નિસિટી ઈન બ્રિટન-ગુજરાતી પરંપરા' નામનો અભ્યાસ (૧૯૭૨). (૬) ભીખુ પારેખનો 'હિંદુ ડાયસ્પોરા ઈન બ્રિટન' અભ્યાસ (૧૯૯૪). (૭) પી. જે. પટેલ અને મારીયો રટને કરેલ મધ્ય ગુજરાત અને ગ્રેટર લંડનના પટેલો વચ્ચેનાં સામાજિક-આર્થિક જોડાણો (૨૦૦૩) તથા 'પટેલ એ. જે. મેટાફોર ઓફ ઈન્ડિયન ડાયસ્પોરા' (૨૦૦૩). (૮) પ્રકાશ જૈને કરેલા 'ઈન્ડિયન ડાયસ્પોરા ઈન કેનેડા' (૨૦૦૪) નામનો અભ્યાસ. (૯) કવિતા શર્માનો નોર્થ અમેરિકામાં ઈન્ડિયન ડાયસ્પોરા (૨૦૦૩) (૧૦) એ. એસ. પટેલનો 'ન્યૂ જર્સીમાં રહેતા ગુજરાતીઓ દ્વારા અમેરિકન સમાજમાં ઊભું થતું સાંસ્કૃતિક વૈવિધ્ય' ઉપરનો અભ્યાસ. (૧૧) પ્રવીણ શેઠનો માતૃભૂમિ સાથેનો સંબંધ (૨૦૦૫) અને 'અમરિકામાં વસેલા ભારતીયોના પ્રોફાઈલ, પ્રોબ્લેમ્સ અને પ્રોસ્પેક્ટ' નામનો અભ્યાસ (૨૦૦૬), મકરંદ મહેતાનો 'આફ્રિકન દેશોમાં ભારતીય તથા ગુજરાતી ડાયસ્પોરાનો ઐતિહાસિક સંદર્ભ' નામનો અભ્યાસ (૨૦૦૪), જયપ્રકાશ ત્રિવેદીનો 'ચરોતર પ્રદેશના બિન-નિવાસી ભારતીયોમાં સાતત્ય અને પરિવર્તન' (૨૦૦૪) તથા ઓસ્ટ્રેલિયામાં ગુજરાતી ડાયસ્પોરાઃ સ્થળાંતર અને સામાજિક માળખું (૨૦૦૭) વગેરેનો સમાવેશ કરી શકાય. આ અભ્યાસોએ પૂરા પાડેલાં માહિતી અને વૈચારિક સંદર્ભ પ્રમાણે ઈન્ડિયન ડાયસ્પોરા ખાસ કરીને ગુજરાતી ડાયસ્પોરા ઉપર ભવિષ્યમાં સામાજિક-સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં વધુ અભ્યાસ કરી શકાય.

### (૪) ઈન્ડિયન ડાયસ્પોરાના અભ્યાસનો સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય

ઈન્ડિયન ડાયસ્પોરા એક બહુ પરિમાણીય વિષય છે. તેનો સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય, ઐતિહાસિક તથા માનસિક પાસાંઓના સંદર્ભમાં અભ્યાસ કરાય છે. સમાજશાસ્ત્ર, માનવશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન તથા ભાષા વિજ્ઞાન ઈન્ડિયન ડાયસ્પોરાના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજકીય, ઐતિહાસિક, મનોવૈજ્ઞાનિક તથા સાહિત્યિક પાસાંઓનો તલસ્પર્શી અભ્યાસ કરે છે. ઈન્ડિયન ડાયસ્પોરાનો સમગ્રતામાં અભ્યાસ કરવા માટે બહુવિદ્યાકીય અભિગમનો ઉપયોગ કરી આંતરવિષયક સંશોધન કરાતું હોય છે કે જેમાં સમાજશાસ્ત્રની ભૂમિકા મહત્ત્વની છે. જો કે ડાયસ્પોરાનો શુદ્ધ સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવા માટે વિશિષ્ટ સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યનો ઉપયોગ કરવો જોઈએ કે જેમાં સમાજશાસ્ત્રીય વિભાવનાઓ તથા સિદ્ધાંતોનો માધ્યમ તરીકે ઉપયોગ કરી ડાયસ્પોરાની સામાજિક વાસ્તવિકતા પર પ્રકાશ ફેંકવામાં આવે છે. ઈન્ડિયન ડાયસ્પોરાના અભ્યાસ માટેનો સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય મુખ્યત્વે નીચે દર્શાવેલ બાબતો દ્વારા આપેલો છેઃ

(૧) પરદેશમાં વસતા ભારતીય વસાહતીઓની અંદરોઅંદરની, યજમાન દેશના મૂળ નાગરિકો તથા અન્ય વસાહતી સમૂહો સાથેની, અને મૂળ દેશમાં રહેતા કુટુંબીજનો, સગાંસંબંધીઓ જ્ઞાતિજનો અને ગ્રામજનો સાથેની સામાજિક આંતરક્રિયાઓ ઉપર સૌથી વધુ અને પહેલું ધ્યાન કેન્દ્રિત કરી તેનાં સ્વરૂપો, આવર્તન અને તરાહોને શોધી બતાવવી.

(૨) તેઓના પરદેશના સ્થાનિક લોકો, અન્ય વસાહતી સમૂહો તથા મૂળ દેશ ભારતમાં રહેતા કુટુંબીજનો, સગાંસંબંધીથી તથા જ્ઞાતિજનો વચ્ચેના સામાજિક સંબંધોના સ્વરૂપ અને તરાહો ઉપર સવિશેષ ધ્યાન કેન્દ્રિત કરી તપાસવા.

(૩) પરદેશમાં તેઓ દ્વારા ધર્મ, જ્ઞાતિ, લગ્નવર્તુળ, મૂળગામ અને પ્રદેશના આધારે રચાતા વિવિધ સામાજિક સમૂહો ઉપર ધ્યાન કેન્દ્રિત કરી તેમનો એક એથ્નિક કોમ્યુનિટી તરીકે અભ્યાસ કરવો. વધુમાં તેઓનું સામાજિક-સાંસ્કૃતિક જીવન ઉપરોક્ત રીતે રચાયેલા સમૂહોના આધારે રચાતી સંસ્થાઓ અને મંડળોમાં કેવી રીતે સંગઠિત થઈ કાર્યાન્વિત થાય છે તે તપાસવું. આ ઉપરાંત તેમનામાં સ્વજાતીય સામૂહિક જીવનને કારણે ઉદ્ભવતી આગવી સામાજિક ઓળખ અને તેની સાથે જોડાયેલ સ્વજાત્યાભિમાનનું વલણ અને પ્રશ્નોને શોધી બતાવવા ઉપર વિશેષ ભાર મુકાય છે.

(૪) તેઓનું યજમાન દેશમાં સામાજિક સ્થાન અને તેની સાથે જોડાયેલાં તેમનાં દરજ્જો અને ભૂમિકાને ધ્યાનબિંદુ બનાવવાં જોઈએ. અહીં ભારતીય વસાહતીઓ મુલાકાતી, હંગામી વસાહતી, ગ્રીનકાર્ડ હોલ્ડર કે નાગરિક પૈકીનું કયું સ્થાન ધરાવે છે. એશિયન લઘુમતી તરીકેનું સ્થાન ધરાવે છે તથા તેમના સ્થાન પ્રત્યેનું સ્થાનિક નાગરિકો દ્વારા કેવું પ્રત્યક્ષીકરણ થાય છે-માત્ર લેવકણીયા (Receiver) કે પછી યજમાન દેશમાં પ્રદાન કરનાર તરીકે વગેરે અંગેની વાસ્તવિકતા જાણવી.

(૫) પરદેશમાં તેઓના વસવાટના વિસ્તારનું તથા પડોશનું સામાજિક બંધારણ તેમનું સામાજિક માળખું, સાંસ્કૃતિક ધરોહર અને તેમાં જોવા મળતી પરિવર્તન અને સાતત્યની તરાહો તપાસવી.

(૬) તેઓના મૂળ દેશ ભારતના પ્રાદેશિક સમાજ સાથેનો સંબંધ, સામાજિક-સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને એકબીજા ઉપરનો સામાજિક-સાંસ્કૃતિક પ્રભાવ તપાસવો.

**(૫) ઈન્ડિયાન ડાયસ્પોરા ઉપરના સમાજશાસ્ત્રીય સંશોધનના કેટલાક કેન્દ્રબિંદુયી શોધ-મુદ્દાઓઃ**

ઈન્ડિયન ડાયસ્પોરા અંગેના અભ્યાસમાં નીચે દર્શાવેલા શોધ-મુદ્દાઓ ઉપર સંશોધનને કેન્દ્રિત કરવું જોઈએઃ

**(૧) પરદેશમાં વસેલા ભારતીય રહેવાસીઓની સામાજિક-સાંસ્કૃતિક તથા આર્થિક પાર્શ્વભૂમિકાઃ**

પરદેશમાં તેઓનું સામાજિક સ્થાન અને તેમાં સામેલ તેમનો વાસ્તવિક દરજ્જો અને ભૂમિકા તેમની સામાજિક-સાંસ્કૃતિક અને આર્થિક પાર્શ્વભૂમિકા દ્વારા પ્રભાવિત હોય છે. પરિણામ સ્વરૂપ તેમના સામાજિક સ્થાન અંગેની વાસ્તવિકતાને સમજવા માટે તેમનું લિંગ, વય, સાંસારિક દરજ્જો, શિક્ષણ, જ્ઞાતિ, ધર્મ, કુટુંબનું કદ અને પ્રકાર વ્યક્તિગત અને કૌટુંબિક વ્યવસાય, આવક અને તેનાથી નક્કી થતો વર્ગ દરજ્જો જેવી બાબતો.

**(૨) તેઓના પરદેશમાં સ્થળાંતર અને વસવાટનાં કારણો, પ્રકાર, તરાહો અને પરિણામોઃ**

અહીં સમાજશાસ્ત્રીઓ માટે સ્થળાંતર અને વસવાટ પાછળના સામાજિક, સાંસ્કૃતિક કારણોની તપાસ મહત્ત્વની બને છે. તેવી જ રીતે સ્થળાંતર અને વસવાટની તેમના લગ્ન, કુટુંબ, નાતેદારી, જ્ઞાતિ, ધર્મ વગેરે ક્ષેત્રો ઉપર થયેલી અસરો તથા સ્થળાંતર અને વસવાટ માટે ઉપયોગી સગપણ સંબંધોનું નેટવર્ક.

**(૩) પરદેશમાં તેઓના વસવાટનું કાયમી કે હંગામી કાયદેસર કે ગેરકાયદેસર સ્વરૂપઃ**

શરૂઆતના વસવાટ તથા સ્થાયી થવામાં અગાઉથી રહેતા તેમના સગાં-સંબંધીઓ, જ્ઞાતિબંધુઓ ગામ કે પ્રદેશના વ્યક્તિ દ્વારા મળેલ મદદ, તેમના રહેઠાણના વિસ્તાર અને પડોશનું સામાજિક બંધારણ અને તેમાં મૂળ દેશના, પ્રદેશના, ગામ, જ્ઞાતિ અને સગાસંબંધીઓનું થયેલું એકત્રીકરણ (clustering) અને તેની તેમના સામાજિક-સાંસ્કૃતિક જીવન ઉપર તથા યજમાન દેશની પ્રજા સાથેના સંપર્કો અને સંબંધો ઉપર થતી અસરો. વધુમાં, વસવાટના વિવિધ તબક્કાઓ દરમિયાન તેના સ્થાન (સ્ટ્રેન્જર, સ્પેક્ટેટર તથા યજમાન દેશના મૂળ પ્રવાહમાં ભળી જનારા) સ્થિતિઓ અને સમસ્યાઓ, વિદ્યાર્થી, કુશળ-અકુશળ સ્થળાંતરિત કામદાર,

વ્યાવસાયિક, વેપારી કે ઉદ્યોગપતિ તરીકેનું સ્થાન તથા હંગામી રહેવાસી, કાયમી રહેવાસી (P.R.Ship), ગ્રીન કાર્ડ હોલ્ડર, નાગરિક (citizenship)નો દરજ્જો અને તેની સાથે જોડાયેલ સ્થિતિઓ અને પ્રશ્નો.

**(૪) પરદેશમાં તેમના સામાજિક-સાંસ્કૃતિક તથા આર્થિક-રાજકીય જીવનનું સંગઠિતીકરણઃ**

વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ દરમિયાન કે સંદર્ભે તેઓ પરસ્પર જોડાઈ તેમના આર્થિક જીવનને કેવી રીતે સંગઠિત કરે છે? અહીં તેઓનાં વ્યાવસાયિક મંડળોની રચના અને કામગીરીનો અભ્યાસ થઈ શકે. તેવી જ રીતે યજમાન દેશના જે શહેર કે પ્રદેશમાં તેઓ વસે છે ત્યાંની સ્થાનિક તથા રાષ્ટ્રીય ચૂંટણીઓમાં રાજકીય રીતે સંગઠિત થઈ કોઈ રાજકીય મોરચો રચી કયા અને કેવા પક્ષની તરફેણમાં મતદાન કરે છે તે પણ તપાસી શકાય. વધુમાં પોતાના મૂળ દેશની સંસ્કૃતિ મુજબ અથવા યજમાન દેશના રીત-રિવાજ મુજબ તેમના કૌટુંબિક-સામાજિક, ધાર્મિક-સાંસ્કૃતિક કે રાષ્ટ્રીય ઉત્સવોની ઉજવણી માટે રાષ્ટ્રીય, પ્રાદેશિક, ધર્મ, જ્ઞાતિ કે ગામના આધારે મંડળો રચી તેમની સામાજિક-સાંસ્કૃતિક સંગઠિત વર્તણૂક તથા જીવનને તપાસી શકાય. આ બધા ઉપરાંત તેઓ યજમાન દેશના મુખ્ય પ્રવાહ સમી આર્થિક, સામાજિક, રાજકીય, જાહેર પ્રવૃત્તિઓ તથા ઘટનાઓમાં તેમની સહભાગિતાના સ્વરૂપ અને પ્રમાણને ખાસ તપાસવું જોઈએ કારણ કે તેના આધારે તેઓના યજમાન દેશ સાથેના સુગ્રથન કે અલગીકરણનો ખ્યાલ આવશે.

**(૫) ભારત સાથેના સંબંધોઃ**

પરદેશમાં વસતા ભારતીયો તેમના મૂળ દેશ ભારત સાથે ખાસ કરીને તેમાં આવેલા તેમના મૂળ પ્રાદેશિક સમાજ સાથે ચોક્કસ સંબંધ ધરાવે છે. આ સંબંધને આપણે તેમની ભારતની મુલાકાતના આવર્તન, રોકાણનો ગાળો, કારણો, મૂળ ગામ કે શહેરમાં રહેતા કુટુંબીજનો, સગાંસંબંધીઓ, જ્ઞાતિજનો કે ગ્રામજનો સાથેના સંપર્કો અને તેમને કરાતી નાણાંકીય મદદ કે સખાવતો (દાન) મૂળ વતનમાં મિલકતની જાળવણી અને ખરીદ-વેચાણ, તેના કૌટુંબિક-સામાજિક પ્રસંગો અને ઉત્સવોની ગોઠવણી, ઉજવણીમાં તેમની ભૂમિકા અને હાજરી વગેરે સંદર્ભમાં તપાસી શકીએ. વધુમાં તેમના દ્વારા મૂળ વતનના જ્ઞાતિ મંડળો, મંદિરોમાં અપાતો ફંડ-ફાળો તથા રસ્તા, પાણી, વીજળી, શિક્ષણ, આરોગ્ય સુવિધાઓના વિકાસમાં અપાતા દાન અને તે દ્વારા પ્રાદેશિક વિકાસમાં તેમની ભૂમિકાને તપાસી શકાય. વધુમાં મૂળ વતન સાથેના તેમના નિકટવર્તી સંપર્કો અને સંબંધોની યજમાન દેશમાં ભારતીય સંસ્કૃતિ અને માળખું ટકાવી રાખવામાં તથા યજમાન દેશની સંસ્કૃતિ અપનાવવાના સંદર્ભે થતી અસરોનો ખાસ અભ્યાસ કરવો જોઈએ.

**(૬) સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તનઃ**

સમાજશાસ્ત્રીય સંશોધનમાં કોઈ એક સમુદાય કે સમૂહમાં આવતું સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તન મહત્ત્વનો શોધ-મુદ્દો છે. આ સંદર્ભમાં પરદેશમાં વસેલા ભારતીય રહેવાસીઓને એક સમુદાય કે સમૂહ તરીકે લઈ તેમના આવેલ સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તનો તપાસી શકાય. અહીંયા તેમનું સામાજિક માળખું રચતાં મહત્ત્વનાં સંસ્થાકીય ક્ષેત્રો જેવા કે લગ્ન, કુટુંબ, નાતેદારી, જ્ઞાતિ, ધર્મ, સ્ત્રીનું સમાજમાં સ્થાન અંગે તેમનાં વલણો અને વ્યવહારોમાં આવેલાં પરિવર્તનોને તેના સ્વરૂપ, કારણો, પ્રમાણ, ગતિ, દિશા અને પરિણામોના સંદર્ભમાં તપાસવા જોઈએ. વધુમાં, તેમનાં આર્થિક કાર્યો અને જીવનની સાથે જોડાયેલાં સાંસ્કૃતિક મૂલ્યો (સંસ્કારો) ખાસ કરીને ધાર્મિક માન્યતાઓ અને આચાર-વિચારોનો તથા ભાષા, કળાઓ જ્ઞાનાત્મક ખ્યાલો વગેરે જેવી સાંસ્કૃતિક બાબતોમાં થયેલા ફેરફારોને કારણો અને પરિણામોના સંદર્ભમાં તપાસી શકાય.

**(૭) સમસ્યાઓઃ**

પરદેશમાં વસતા ભારતીય રહેવાસીઓની વિવિધ સમસ્યાઓ તેમના સમાજશાસ્ત્રીય અભ્યાસનો એક મહત્ત્વનો મુદ્દો બને છે. તેઓની કેટલીક અગત્યની સમસ્યાઓમાં વસવાટના શરૂઆતના તબક્કા દરમિયાન રહેઠાણ, રોજગારીની પ્રાપ્તિ તથા તેમનું આર્થિક શોષણ, યજમાન દેશના જુદા તથા વિપરીત સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણ સાથે સામાજિક અનુકૂલન સાધવાની સમસ્યા

તથા તેની સાથે જોડાયેલી સાંસ્કૃતિક દ્વિધા, મૂંઝવણ તથા આઘાતની બાબત, યજમાન દેશના લોકો દ્વારા આકારાતો તેમનો નીચો સામાજિક દરજ્જો તથા ભેદભાવયુક્ત વ્યવહાર અને તેનાથી ઉત્પન્ન થતા અલગીકરણ અથવા વિચ્છિન્નતાની લાગણી, એક અલગ સામાજિક-સાંસ્કૃતિક જૂથ (ethnic) તરીકેની તેમની સ્વતંત્ર ઓળખ જાળવી રાખવાની સમસ્યા તેમની જ બે પેઢી વચ્ચે જોવા મળતું સામાજિક-સાંસ્કૃતિક અંતર અને તેનાથી ઉત્પન્ન થતો સામાજિક તનાવ વગેરેનો સમાવેશ થાય છે. આ સમસ્યાઓનો તેનાં સામાજિક કારણો અને પરિણામોના સંદર્ભમાં અભ્યાસ કરવો જોઈએ.

**(૬) ઈન્ડિયન ડાયસ્પોરાના અભ્યાસ માટેનું પદ્ધતિશાસ્ત્રઃ**

સામાજિક સંશોધનમાં પ્રાથમિક અને ગૌણ માહિતીની પ્રાપ્તિ માટે ચોક્કસ પદ્ધતિઓ તથા સાધનોની પસંદગી કરી અસરકારક ઉપયોગ કરાતો હોય છે. ઈન્ડિયન ટાયસ્પોરા ઉપરના સંશોધન માટે પણ યોગ્ય પદ્ધતિઓ અને સાધનોનો ઉપયોગ કરાતો હોય છે. તેના ઉપરનાં મોટા ભાગનાં સંશોધનોમાં તેઓની કુલ સંખ્યા (સમગ્ર) ઓળખ તથા સંપર્ક-સૂત્ર ટેલિફોન ડિરેક્ટરીઝ તથા પ્રદેશ, ગામ, જ્ઞાતિ અને લગ્ન વર્તુળને કેન્દ્રમાં રાખી રચાયેલાં ભારતીય વસાહતીઓનાં મંડળોની માહિતી-પુસ્તિકા અને કૌટુંબિક પત્રકોમાંથી પ્રાપ્ત કરાય છે. મોટા ભાગના કિસ્સાઓમાં પ્રશ્નાવલિ તથા ટેલિફોનિક સર્વેક્ષણ દ્વારા પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરાતી હોય છે. થોડાક કિસ્સાઓમાં અગાઉથી ટેલિફોન ઉપર મંજૂરી લઈ રવિવારે કે અન્ય ફુરસદના સમયે રૂબરૂ મુલાકાત ગોઠવી. મુલાકાત અનસૂચિ કે માર્ગદર્શિકાનો સાધન તરીકે ઉપયોગ કરી પ્રાથમિક માહિતી મેળવાય છે. વધુમાં ક્યારેક, મંદિર કે જ્ઞાતિ મંડલ દ્વારા આયોજિત વિવિધ સમારોહોમાં તેમનો સામૂહિક સંપર્ક કરી ફોક્સ-ગ્રુપ ઈન્ટરવ્યૂ પદ્ધતિ દ્વારા પણ અભ્યાસ કરી શકાય. ઈન્ડિયન ડાયસ્પોરાના વસવાટનો ઈતિહાસ, જીવન-પરિસ્થિતિ અને અનુભવનો સઘન અભ્યાસ કરી શકાય. માટે વૈયક્તિક તપાસ (કેસ-સ્ટડી) પદ્ધતિનો ઉપયોગ સૌથી સચોટ સાબિત થાય છે. આ ઉપરાંત તેઓએ પોતાના વતનમાં રહેતાં કુટુંબીજનોને લખેલા પત્રોનું વિષય-વસ્તુ વિશ્લેષણ (Content Analysis) પણ તેમના આંતરિક લાગણીઓ, સામાજિક મનોદશા તથા સ્વઅનુભવોને લગતી ગુણાત્મક માહિતી મેળવવામાં ઉપયોગી સાબિત થાય છે. તેઓની રૂબરૂ મુલાકાત દ્વારા વિસ્તૃત અભ્યાસ માટેનો સૌથી યોગ્ય ગાળો દિવાળીથી ઉત્તરાયણ અથવા ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન તેઓની ભારતની મુલાકાત દરમિયાનનો હોય છે. આ સમયગાળા દરમિયાન તેઓ પ્રમાણમાં વાતચિત માટે વધુ સરળતાથી ઉપલબ્ધ થતા હોય છે. આ ઉપરાંત તેઓના અભ્યાસની સાથે સાથે ભારતમાં વસતા તેમના કુટુંબીજનો અને સગાંવહાંલાઓનો નિદર્શનમાં સમાવેશ કરી અભ્યાસ કરવાની બાબત પણ ભારતીય વસાહતીઓ દ્વારા પૂરી પડાયેલ માહિતીના સત્યતાની ચકાસણી માટે તથા ડાયસ્પોરાની બાજુ સમજવા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. અહીં પી.એસ. ચુંદાવતે કરેલ ભારતીય ડાયસ્પોરાની બીજી બાજુ (Other Side of Indian Diaspora) નામનો અભ્યાસ (૨૦૦૫)[૭] ખાસ ઉલ્લેખનીય છે કે જેમાં તેમણે પરદેશ વસતા ભારતીય રહેવાસીઓની બીજી પેઢીમાં લુપ્ત થઈ ગયેલી સાંસ્કૃતિક બાબતો સંશોધિત કરી દર્શાવી છે. ઈન્ડિયન ડાયસ્પોરા અંગેની ગૌણ માહિતી મેળવવા માટે ભારત સરકારનો એન.આર.ઈ. પ્રભાગ તથા ગુજરાત સરકારનો એસ.આર.જી. વિભાગ તથા ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત અહેવાલો, શોધનિબંધો અને રહેઠાણો તથા પરદેશ અને ભારતમાં તેઓએ રચેલાં મંડળોના પ્રગતિ (વાર્ષિક) અહેવાલો મહત્ત્વ સ્રોત બને છે. આ ઉપરાંત, તેમના ઉપર તેમના દ્વારા લખાયેલી નવલકથાઓ અને તેમના ઉપર ઉતારેલ ચલચિત્રો અને વિડિયો પણ તેમના અંગત અનુભવો, આંતરવૈયક્તિક સંબંધો, આંતરિક લાગણીઓ, દ્વિમુખ વ્યક્તિગત અને તેમાંથી ઉત્પન્ન તેમના દંભી વ્યવહાર અને દ્વિધાઓ સમજવામાં ઉપયોગી સાબિત થાય છે.

**(૭) ઈન્ડિયન ડાયસ્પોરા અંગેના કેટલાંક અનુભવજન્ય અવલોકનો અને ધારણાઓઃ**

પરદેશમાં વસતા ભારતીય રહેવાસીઓ ઉપર થયેલા અભ્યાસોમાંથી તેમના અંગે કેટલાંક અનુભવજન્ય

અવલોકનો પ્રાપ્ત થાય છે કે જે ભાવિ સંશોધનમાં ચકાસણી માટેની કેટલીક મહત્ત્વની ધારણાઓ પૂરી પાડવાની સાથે સાથે કેટલાંક વણખેડાયેલાં ક્ષેત્રો પણ સૂચવે છે. કેટલાંક અગત્યનાં અવલોકનો નીચે પ્રમાણે દર્શાવી શકાયઃ

(૧) ઈન્ડિયન ડાયસ્પોરા બહુ પરિમાણીય બાબત છે કે જેનો સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક-રાજકીય, ઐતિહાસિક, મનોવૈજ્ઞાનિક તથા ભૌગોલિક પાસાંઓને એકસાથે જોઈ તપાસી સમગ્રતામાં અભ્યાસ કરવો જોઈએ. આ માટે સમાજશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ, માનવ-શાસ્ત્રીઓ, ભૂગોળશાસ્ત્રીઓ, મનોવૈજ્ઞાનિકો, ઈતિહાસકારો તથા સાહિત્યકારો તથા સાહિત્યશાસ્ત્રીઓને સામેલ કરી, ટીમ રચી, આંતરવિષયક સંશોધન દ્વારા યથાર્થ અને સર્વાંગી અભ્યાસ કરવો જોઈએ. આ આંતરવિષયક સંશોધન દ્વારા યથાર્થ અને સર્વાંગી અભ્યાસ કરવો જોઈએ. આ આંતરવિષયક સંશોધનમાં સામાજિક-સાંસ્કૃતિક પરિબળોનો સંદર્ભ ઈન્ડિયન ડાયસ્પોરાનો અભ્યાસ કરવામાં સમાજશાસ્ત્રની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની સાબિત થઈ છે.

(૨) ઈન્ડિયન ડાયસ્પોરામાં પણ ગુજરાતના સમાજશાસ્ત્રીઓ માટે ગુજરાતી ડાયસ્પોરાનો અભ્યાસ સૌથી વધુ અગત્યનો તથા સુસંગત બને છે. ગુજરાતી ડાયસ્પોરાની વ્યાપકતા અને મહત્તા આપણને એ હકીકતમાં જોવા મળે છે કે અમેરિકામાં રહેતા ૧૦ લાખથી વધુ ભારતીય વસાહતીઓમાં ૪૦ ટકાથી વધુ ગુજરાતીઓ છે અને આ ગુજરાતી વસાહતીઓ પૈકીના ૮૦ ટકા પાટીદારો છે. આ ગુજરાતી વસાહતીઓમાં ખાસ કરીને પાટીદાર વસાહતીઓમાં તેમના મૂળ વતનના પ્રદેશ, ગામ, જ્ઞાતિ અને કુટુંબ અને સગાંસંબંધીઓ પ્રત્યે ખૂબ જ પ્રેમ તથા ભાવના જોવા મળે છે. તેમની આ ભાવનાને કારણે ચરોતર તથા દક્ષિણ ગુજરાતનાં ગામોમાં આંતર-માળખાકીય સુવિધાઓ જેવી કે વીજળી, પાણી, રોડ, વિકસાવવામાં તથા શૈક્ષણિક અને આરોગ્ય સુવિધાઓ વિકસાવવામાં તેમનો જબરજસ્ત ફાળો હોય છે. આ સંદર્ભમાં જ આ ગુજરાતી વસાહતીઓનો ભારતના પ્રાદેશિક વિકાસમાં પ્રદાન અને તે પાછળની તેમની સામાજિક પ્રેરણાઓનો અભ્યાસ કરી શકાય.

(૩) ઈન્ડિયન ડાયસ્પોરા ખાસ કરીને ગુજરાતી ડાયસ્પોરાની તેમની મૂળ વતનના સમાજમાં ભજવાતી ભૂમિકાનાં વિકાર્યો પણ જોવા મળે છે. કેટલાક મહત્ત્વના વિકાર્યોમાં તેની પરંપરાગત સામાજિક-માનસિકતાને કારણે સામાજિક સુધારે કે પરિવર્તન લાવવાની બાબતે તેમની નિષ્ક્રિય અથવા કેટલાક કિસ્સાઓમાં નકારાત્મક વ્યવહાર સ્પષ્ટ જોવા મળે છે. દા.ત., પોતાની સદ્ધર આર્થિક સ્થિતિ તથા સમૃદ્ધ આર્થિક દરજ્જાનો દેખાડો કરવા માટે ખૂબ વધારે દહેજ આપવાનો તથા અતિશય ખર્ચાળ લગ્નો ગોઠવવાનો વ્યવહાર. તેવી જ રીતે તેમના દ્વારા તેમનાં કુટુંબીજનો કે સગાંવહાલાંને મોકલાતી નાણાંકીય મદદ એક બેઠા-ખાઉ બેજવાબદાર જલસા કરનાર વર્ગને ઉત્પન્ન કરે છે. વધુમાં તેમના દ્વારા મોકલાતા મોટા દાનનો અનેક કિસ્સાઓમાં દુરુપયોગ કે સંકુચિત ઉપયોગ થવાનું વિકાર્ય પણ અગત્યનું છે કે જે પ્રાદેશિક કે રાષ્ટ્રીય વિકાસને સ્થાનિક સંકુચિત હિતો દ્વારા અવરોધે છે. આ ઉપરાંત, તેમના દ્વારા મૂળ વતનના પ્રદેશમાં ઊંચી કિંમતે જમીન, મકાન કે દુકાનોની ખરીદી કરી રિયલ એસ્ટેટના ક્ષેત્રે ફુગાવો અને ભાવવધારો કરવાનું વિકાર્ય પણ નોંધપાત્ર છે. આમ સમગ્ર રીતે બિન-નિવાસી ભારતીયોના ભારતના પ્રાદેશિક વિકાસમાંના પ્રદાનને તેની વાસ્તવિક સ્થિતિનો તથા કાર્યો અને વિકાર્યોના સંદર્ભમાં સમાજ-શાસ્ત્રીઓએ તપાસવું જોઈએ.

(૪) પરદેશમાં વસતા બિન-નિવાસી ભારતીયોનું તેમના યજમાન દેશમાં સામાજિક સ્થાન તપાસતા થોડાક અપવાદરૂપ કિસ્સાઓ (ઉચ્ચ વ્યાવસાયિકો અને વેપારીઓ)ને બાદ કરતા મોટા ભાગના શ્રમિક, લઘુમતી તથા કાળિયા (Blacks) તરીકેનું નીચું સ્થાન ધરાવે છે. વધુમાં, યજમાન દેશના વિકાસમાં સહભાગી થઈ પ્રદાન કરવાને બદલે ત્યાંથી પૈસા કમાઈ મૂળ વતનમાં મોકલનાર એટલે કે લેવકણીયા તરીકેનું સ્થાન ધરાવે છે. સામાજિક

સ્થાન અંગેની તેમની આવી સ્થિતિ તેમને યજમાન દેશના મુખ્ય પ્રવાહમાં ભળતા અટકાવે છે તથા પોતાના જેવા બીજા ભારતીય વસાહતીઓના સમૂહમાં સહભાગી બનાવી રાખે છે. યજમાન દેશમાં તેમના આવા નીચા સામાજિક સ્થાનની ખોટ તેઓ તેમના મૂળ વતનના સમાજમાં મબલખ પૈસા ખર્ચી, દાન કે સખાવત કરી અને પોતાની આર્થિક સંપન્નતાનું પ્રદર્શન કરી ભરપાઈ કરે છે.

(૫) શરૂઆતમાં માત્ર ખૂબ જ પૈસા કમાઈ ભારત પાછા આવવાના ખ્યાલ સાથે ગયેલા બિન-નિવાસીઓ પાછળથી ત્યાં કાયમી વસવાટ કરી દે છે. આ સંદર્ભમાં જ તાજેતરમાં આવેલી સ્વદેશ નામની ફિલ્મમાં એન.આર. આઈ. માટે નોટ રિટર્નિંગ ટુ ઈન્ડિયા જેવો બીજો અર્થ કરાયો છે. પરદેશમાં કાયમ માટે વસી જવાની તેમની વર્તણૂક એક રીતે તેમના મૂળ દેશ ભારત, તેમના ગામ અને કુટુંબ દ્વારા તેમને ગુમાવી દેવાની સ્થિતિ સર્જે છે કે જે આપણા દેશ માટે મોટું સામાજિક નુકસાન છે. આ બાબતે 'બ્રેઈન ડ્રેઈન'ના ખ્યાલમાં પણ અભિપ્રેત છે. પરદેશમાં કાયમી ધોરણે વસવાટ કરનારા ભારતીયોના ઘરડાં માતા-પિતાઓ ભારતમાં એકલા પડી જાય છે અને અનેક ભાવાત્મક-સામાજિક સમસ્યાઓ અનુભવે છે. તેનો સમાજશાસ્ત્રીમાં એ અભ્યાસ કરવો જોઈએ.

(૬) પરદેશમાં વસેલા ભારતીયો તેમના યજમાન દેશ અને મૂળ દેશની બે અલગ અલગ સંસ્કૃતિઓ ધરાવતો, તેમાં સહભાગી થતો 'મારજીનલ મેન' (સીમાંત માનવી)ની દરજ્જા-સ્થિતિ ધરાવે છે. તે તેમનામાં મનો-સામાજિક સંઘર્ષ, દ્વિધા, મૂંઝવણ, સાંસ્કૃતિક આઘાત અને પ્રતિકૂલનની સમસ્યાઓ સર્જે છે. પોતાની મૂળ અલગ સામાજિક-સાંસ્કૃતિક ઓળખ જાળવી રાખવાની કે યજમાન દેશના મુખ્ય પ્રવાહમાં તેને ઓગાળી દેવાની તથા રાષ્ટ્રીય વફાદારીના પરસ્પર વિરોધી વિચાર-વર્તનો વચ્ચે ચીરાઈ જાય છે તથા દંભી વર્તન કરનાર બનાવી દે છે. આવી વસ્તુસ્થિતિનો તેનાં કારણો અને પરિણામોના સંદર્ભે અભ્યાસ કરવો જોઈએ. આ ઉપરાંત, પરદેશમાં વસેલા ભારતીયો માટે તેમની બીજી પેઢી એટલે કે સંતાનોને દારૂ કે નશાખોરી, વ્યભિચાર, ગુનાખોરી તથા નૈતિક અધઃપતનના યજમાન દેશના સંજોગોથી બચાવીને રાખવાની તથા તેમનામાં મૂળ ભારતીય સંસ્કારો ટકાવી રાખી ભારતીય સંસ્કૃતિ તરફ અભિમુખ કરવાનો પ્રશ્ન તથા પ્રયાસ જોવા મળે છે કે જેમાંથી બે પેઢી વચ્ચેનું સામાજિક-અંતર તથા સંઘર્ષ સંભવે છે. આ સંદર્ભમાં જ ભારતીય સાધુ-સંતો, કથાકારો, કલાકારોને પરદેશમાં આમંત્રિત કરવામાં આવે છે. પરદેશમાં જ જન્મેલા અને ઉછરેલા બીજી પેઢીના ભારતીય વસાહતીઓમાં તેમના બેવડા સાંસ્કૃતિકીકરણ તથા સમાજીકરણ અને તેમાંથી ઉત્પન્ન થતો સામાજિક સંઘર્ષ અને દ્વિધાત્મક સ્થિતિને કારણે તેઓ માટે એ.બી.સી.ડી. એટલે કે અમેરિકન બોર્ન કન્ફયુઝ દેશી શબ્દપ્રયોગ થાય છે. આ બીજી પેઢીના ભારતીય વસાહતીઓમાં તેમનામાં રહેલી ભારતીયતા અને તેને કારણે તેમના માટે સર્જાતી સમસ્યાઓનો અભ્યાસ કરવો જોઈએ.

**(૯) ઈન્ડિયન ડાયસ્પોરાનાં કેટલાંક વણખેડાયેલાં શોધ-ક્ષેત્રોઃ**

ઈન્ડિયન ડાયસ્પોરા ઉપર થયેલા અભ્યાસોના સર્વેક્ષણના આધારે કેટલાંક નવાં અલ્પ કે વણખેડાયેલાં ક્ષેત્રો સ્પષ્ટ થાય છે. તેના ઉપર ભાવિ સંશોધન થવું જોઈએ. આવાં કેટલાંક અગત્યનાં ક્ષેત્રોમાં (૧) પરદેશમાં અભ્યાસ માટે ગયેલા ભારતીય વિદ્યાર્થીઓ અને તેમના ડિપેન્ડન્ટ્સના સમૂહનો અભ્યાસ. (૨) પરદેશમાં ખાસ કરીને અખાતી દેશોમાં રોજગારી માટે ગયેલા ગુજરાતી કોન્ટ્રાક્ટ કામદારોનો અભ્યાસ. (૩) યુરોપમાં ખાસ કરીને ઈંગ્લેન્ડમાં ગયેલા ખૂબ જ કુશળ સ્થળાંતરિતો (Highly Skilled Migrants)નો અભ્યાસ. (૪) અમેરિકાની સિલકોન વેલી જઈ વસેલા આઈ.ટી. અને કોમ્પ્યુટર વ્યસાયિકોનો અભ્યાસ. (૫) અને ઓસ્ટ્રેલિયામાં કાયમી વસાહત (પા.આર.શીપ) અધિકાર ધરાવતા સ્થળાંતરિતો અને તેમના આશ્રિત ભારતીયો તથા (૬) પરદેશમાં ગેરકાયદેસર રીતે સ્થળાંતર કરી વસેલા ભારતીય વસાહતીઓના સમૂહમાં સમાવેશ થાય છે. આ સમૂહો ઉપર ખાસ કરીને ગુજરાતી ડાયસ્પોરા ઉપર જૂજ

અભ્યાસો થયા છે. થોડાક આધારી પ્રોફેશનલ્સને બાદ કરતાં મોટા ભાગના સમૂહો કાયમી વસવાટ અને રોજગારી સંદર્ભે ભારે અનિશ્ચિતતા અનુભવી રહ્યા છે. વધુમાં તેઓ કામના પ્રમાણમાં ઓછું વેતન તથા એજન્ટો અને તેમને કામ ઉપર રાખનારા સ્થાનિક કે ભારતીય વસાહતીઓ દ્વારા આર્થિક શોષણનો ભોગ બને છે. આ સમૂહોનો તેમના વાસ્તવિક સ્થાન, સ્થિતિઓ તથા સમસ્યાઓના સંદર્ભે સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવો જોઈએ.

•

## સંદર્ભ


૧. ભારત સરકારના પ્રવાસી ભારતીય વિભાગ દ્વારા ભારતીય સંમેલનમાં રજૂ કરાયેલો અહેવાલ, દિવ્ય ભાસ્કર દૈનિક, અમદાવાદ-૮-૧-૨૦૦૬, પૃ. ૧

૨. એચ.પી.ઈ.સી. (મુંબઈ)નો અહેવાલ, ગુજરાતી દૈનિક 'સંદેશ', અમદાવાદ, ૨૭ એપ્રિલ, ૨૦૦૭, પૃ. ૧૪

૩. વર્લ્ડ બેન્ક સ્ટડીઝ રિપોર્ટ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, અમદાવાદ, ૧૮ નવેમ્બર, ૨૦૦૫

૪. 'The Impact of Home Land upon Diaspora' by Walter Cannor in Modern Diaspora nad International Politics, St. Martin, pp. 16-46

5. Diaspora in Modern Society: Myths of Homeland Returns' by Willian Saffroan in 'Diaspora' Vol. I 1991, p. 93

6. 'Bibliopraphy on Indian Diaspora' by Jaypraksh Trivedi, University Press, Sadar Patel University, Vallbh Vidhyanagar, 2004

7. 'Other side of Indian Diaspora' by P. S. Chundeul research paper presented in international seminar on Indian Diaspora organized by Dept. of Sociology, S. P. University, V. V.Nagar 4-5 January, 2005.

# અમેરિકામાં વસતા ઉચ્ચ શિક્ષિત 'દેશી લોકો'ના દીકરી સંબંધિત મંતવ્યો

–પ્રો. નલિની કિશોર ત્રિવેદી*

વિશ્વના જુદા જુદા ભાગોમાં અન્ય દેશોમાંથી આવીને વસેલા સમુદાયોનો ઉગમ એ આધુનિક સમયની વિશેષતા છે. પોતાના દેશમાંથી અન્ય દેશોમાં સ્થળાંતર કરનાર લોકોની સંખ્યા ૨૦મી સદીમાં ઘણી વધી છે. તેની નોંધ ઇતિહાસે પણ લેવી પડી છે. પોતાના વતનમાંથી પરદેશમાં ગયેલી અને ઠેકઠેકાણે વસેલી પ્રજા માટે 'ડાયસ્પોરા' શબ્દ પ્રયોજવામાં આવે છે.

મૂળભૂત રીતે ડાયસ્પોરા શબ્દ યહૂદીઓએ કરવી પડેલી હિજરતને અનુલક્ષીને વાપરવામાં આવ્યો હતો. તેઓને પોતાનું વતન છોડવું પડ્યું હતું. આ દોડધામમાં તેઓને ઘણું સહન કરવું પડ્યું હતું અને ૧૪૦ લાખમાંથી માત્ર ૪૦ લાખ યહૂદીઓ જ ઈઝરાયલમાં પુનઃ સ્થાપિત થઈ શક્યા હતા (The New Encylopaedia Britanicca, Vol-4, para 68, 69).

સાંપ્રત સમયમાં 'ડાયસ્પોરા' શબ્દને કોઈ પણ દેશના નવવસાહતી સમુદાય માટે કે કોઈ દેશના ઘણી મોટી સંખ્યામાં લોકો પરદેશમાં પથરાયેલા હોય તેને માટે વાપરવામાં આવે છે. વળી આ ઘટના યહૂદીઓની જેમ બધા માટે પીડાદાયક પણ ન હોઈ શકે. શેઠે (૨૦૦૪-૦૪) નોંધ્યું છે કે 'સાંપ્રત યુગમાં આર્થિક પ્રવાહ, ટેકનોલોજીની પ્રગતિ અને પરિવહન સંવહન ક્ષેત્રમાં આવેલી ક્રાંતિને કારણે સ્થળાંતર અને નવવસાહતીની ઘટના આજના યુગનું એક પ્રમુખ લક્ષણ બનતું જાય છે.' અગાઉ લાંબા અંતરના સ્થળાંતર માટે જરૂરી વાહન વ્યવહારની ભૌતિક સુવિધાઓ ન હતી. છતાં વતનમાંથી કમાવા માટે બીજા દેશોમાં જનારા લોકો દુનિયાના મોટા ભાગના દેશોમાં જોવા મળ્યા છે. કેમકે માનવી હંમેશાં સ્થિર જીવનની કલ્પના સાથે પોતાની આર્થિક અને સામાજિક સ્થિતિને ઉચ્ચ સ્તરે લઈ જવાની મથામણ કરતો આવ્યો છે.

ભારતમાં પણ વિદેશમાં કમાવા જવાની કે પ્રવાસ ખેડવાની વાત ઘણી જૂની છે. જૈને (૧૯૮૯-૧૫૫) નોંધ્યું છે કે આધુનિક ભારતમાંથી પરદેશ જવાની ઢબ બ્રિટિશરોની દેન છે. તેની શરૂઆત ૧૮૩૪થી થઈ કે જ્યારે બ્રિટિશ સંસ્થાનોમાં મજૂરોની જરૂર પડી. ત્યાર બાદ કામ મેળવવાની મથામણમાં ઘણા ભારતીયો દેશ છોડીને અન્યત્ર વસતા થયા. એક રીતે જોઈએ તો ગાંધીજી પણ એક વર્ષનો કરાર કરીને દક્ષિણ આફ્રિકા ગયા હતા અને લાંબું (૨૧ વર્ષનું) રોકાણ કર્યું હતું. તેઓએ તેમની આત્મકથા (૨૦૦૫-૧૨૧)માં આફ્રિકા વસતા ભારતીયો માટે 'હિંદી નિવાસીઓ' એવો શબ્દપ્રયોગ કર્યો છે. તેને સાંપ્રત 'ઇન્ડિયન ડાયસ્પોરા' શબ્દસમૂહનો પર્યાય ગણાવી શકાય.

જગતના ઘણાખરા દેશોમાં ભારતીયો જોવા મળે છે. શર્મા (૧૮૮૯-૩)એ નોંધ્યું છે કે ભારતીયો દક્ષિણપૂર્વ અને દક્ષિણ પશ્ચિમ એશિયામાં અને પૂર્વ આફ્રિકા, પશ્ચિમ યુરોપ, ઉત્તર અમેરિકા અને કેરેબિયન દેશો જેવા ત્રેપનથી પણ વધારે દેશોમાં જોવા મળે છે. મોરેશિયસ, ફિજી અને ગુયાનામાં ભારતીયોની સંખ્યા સવિશેષ છે. ભારત છોડીને અન્યત્ર ગયેલા અને વિસ્તરેલા લોકો માટે 'ઇન્ડિયન ડાયસ્પોરા' (ભારતીય નવવસાહતીઓ) એવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે.

અમેરિકામાં વસતા કેટલાક ભારતીયો અંગેનો પ્રસ્તુત અભ્યાસ વ્યક્તિગત-મર્યાદિત અવલોકનો પર આધારિત છે અને તેમાં અનૌપચારિક રીતે મેળવેલી માહિતીનો ઉપયોગ કરેલો છે.

છેલ્લા ચારેક દસકાથી ભારતમાંથી અમેરિકા જતા અને વસતા લોકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતો રહ્યો છે. તેમાં ગુજરાતીઓની સંખ્યા સવિશેષ છે. શેઠે (૨૦૦૪-૧૦) નોંધ્યું છે અમેરિકામાં વસવાટ કરતા કુલ ભારતીયોમાં ૪૦ટકા ગુજરાતીઓ છે. તેઓએ જણાવ્યું છે કે વિશ્વમાં વિવિધ દેશોમાં વસેલા નવવસાહતી ભારતીયોમાં સૌથી શિક્ષત અને સંપન્ન અમેરિકામાં જોવા મળે છે.

* વ્યાખ્યાતાઃ સમાજશાસ્ત્ર, શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ

પશ્ચિમના દેશોની યુનિવર્સિટીઓમાં ડાયસ્પોરાના અભ્યાસો સવિશેષ થાય છે. ત્યાં ડાયસ્પોરાશાસ્ત્ર (Diasporology) એ એક મહત્ત્વના વિષય કે અભ્યાસની એક નવી શાખા તરીકે આકાર લીધો છે. ભારતમાં આ પ્રકારના અભ્યાસો છેલ્લા પાંચેક દાયકાથી શરૂ થયા છે. તેના ભાગરૂપે જ 'ઇન્ડિયન એબ્રોડ' (Indians Abroad) શીર્ષક હેઠળ અભ્યાસ લેખોનો એક વિશિષ્ટ અંક (Sociological Bulletin (Vol-38, 1989) એ પ્રકાશિત કર્યો છે.

સામાન્ય રીતે ભારતીય નવવસાહતીઓને અનુલક્ષીને થતા અભ્યાસો બે પ્રકારે કરવામાં આવે છેઃ (૧) પોતાના દેશમાંથી અન્ય દેશમાં ગયેલા લોકોને ત્યાંના મૂળ વતનીઓ તરફથી પડતી મુશ્કેલીઓ અંગે અને (૨) પોતાના દેશમાંથી વિદેશમાં ગયેલા લોકોને પોતાની આગવી રીત-રસમો અને સંસ્કૃતિ જાળવી રાખવામાં પડતી મુશ્કેલીઓ અંગે.

પ્રસ્તુત અભ્યાસ અમેરિકામાં વસેલાં કેટલાંક યુગલોના તેઓના વતનમાં પ્રવર્તમાન રીતરિવાજ કે માન્યતાઓને લગતાં મંતવ્યો અંગેનો છે.

**પ્રસ્તુત અભ્યાસનો હેતુઃ**

લાંબા સમયથી અમેરિકામાં સ્થાયી થયેલા અને ઉચ્ચ વ્યાવસાયિક ડિગ્રી ધરાવતા પ્રૌઢ કે નિવૃત્તિ વયના દંપતીઓ તેમ જ ભારતમાંથી જ ઉચ્ચ કક્ષાનું વ્યાવસાયિક શિક્ષણ મેળવીને અમેરિકામાં વધારે શિક્ષણ પ્રાપ્ત કરી, ઉચ્ચ વ્યવસાયમાં ગોઠવાયેલા યુવાન યુગલો ભારતીય સમાજમાં તેમ જ ગુજરાતમાં પ્રવર્તતી દીકરીના જન્મ, અસ્તિત્વ અને તેના અંગેની માન્યતાઓ તેમ જ વતનમાં પ્રચલિત રિવાજો કે કુરિવાજો, શ્રદ્ધા-અંધશ્રદ્ધા, ધાર્મિક માન્યતાઓ વગેરે અંગે કેવું વલણ ધરાવે છે તે તપાસવાનો પ્રસ્તુત અભ્યાસનો હેતુ છે.

**અભ્યાસ એકમની પસંદગી અને માહિતીનું એકત્રીકરણઃ**

અમેરિકા જવાનું નક્કી થયું ત્યારથી ત્યાં વસતા ગુજરાતીઓ કે ભારતીય સ્ત્રી-પુરુષો ગુજરાતના 'બેટી બચાવો' આંદોલનથી કેટલાં પરિચિત છે, તેમ જ દેશના અને ગુજરાતના સ્ત્રી-પુરુષના પ્રમાણમાં ઉદ્‌ભવેલા અસમતોલન અંગે કેટલી સંવેદનશીલતા ધરાવે છે એ અંગે જાણકારી મેળવીને અભ્યાસ કરવો એવું વિચાર્યું હતું પરંતુ આ યુગલો પાસેથી કઈ રીતે માહિતી એકત્ર કરવી એ અગાઉથી નક્કી ન હતું. આથી જે જે ગુજરાતી યુગલના ઘરે જવાનું થયું ત્યાં તેઓ સાથે સાહજિક રીતે થતી વાતો દરમિયાન, ચર્ચા દ્વારા કે પ્રશ્નોત્તરી દ્વારા જરૂરી માહિતી મેળવી છે. દિવસ દરમિયાન થતી વાતચીત રાત્રે નોંધી લેવાનો ઉપક્રમ રાખ્યો હતો. બે-એક કુટુંબોમાં ગયા પછી માહિતી મેળવવા માટે જરૂરી વાતો કરવાની આવડત પણ હું કેળવી શકી હતી.

ક્યારેક પતિ-પત્ની બંને સાથે ચર્ચા કરીને માહિતી મેળવી છે તો ત્યારેક પતિ અને પત્ની બંનેને રસોડામાં અને ડ્રોઈંગરૂમમાં અલગ અલગ મળીને વાતચીત દ્વારા માહિતી મેળવી છે. એક કિસ્સામાં પત્ની બહારગામ હોવાથી એકલા પતિ સાથે વાતચીત કરી છે. આ બધાં જ યુગલો પાસેથી માહિતી મેળવવા માટે પ્રશ્નાવલિ કે મુલાકાત જેવી કોઈ નિશ્ચિત પદ્ધતિનો ઉપયોગ નથી કર્યો. આમ છતાં હું દરેકને મળી છું, દરેકના ઘરે ઓછામાં ઓછું બે દિવસ રહેવાનું થયું છે. એ ગાળા દરમિયાન મારા અભ્યાસનો આશય દર્શાવ્યા વગર જે જે વાતચીત થઈ છે અને મને જે મહત્ત્વની જણાઈ છે તેની નોંધ લીધી છે અને તેનું પૃથક્કરણ કર્યું છે. આ રીતે અભ્યાસ 'કેસ સ્ટડી'નો બની રહે છે.

એ રીતે પ્રસ્તુત અભ્યાસમાં કુલ ૧૧ દંપતીઓ- જેમાં ચાર દંપતીઓ ૬૦થી વધારે વય ધરાવતા સિનિયર સિટિઝન્સ છે અને ૭ તો ૪૦ની અંદરની વયનાં છે.

**અભ્યાસનું મહત્ત્વ અને મર્યાદાઃ**

પ્રસ્તુત અભ્યાસમાં માત્ર અગિયાર દંપતીઓ અને એક છૂટાછેડા લીધેલી વ્યક્તિ પાસેથી માહિતી મેળવી છે. વળી, પતિ-પત્ની બંને કે તેમાંથી કોઈ એક ઉચ્ચ વ્યાવસાયિક ડિગ્રી ધરાવતાં હોય તેવાં યુગલોને જ મળવાનું થયું છે. વિનયન વિદ્યાશાખામાં ઉચ્ચ શિક્ષણ મેળવેલા કે ઓછું શિક્ષણ લઈને ગોઠવાયેલાં યુગલોને મળવાનું બન્યું નથી. આથી તેના આધારે વ્યાપ્તિ મુશ્કેલ છે.

છતાં દેશમાં અને ગુજરાતમાં કેટલાક રીતરિવાજો અને પ્રથાઓમાં પરિવર્તન લાવવાની દિશામાં વિચારાઈ રહ્યું છે, ત્યારે વિશ્વના સૌથી વધારે સમૃદ્ધ દેશમાં 'દેશી' શિક્ષિત દંપતીઓ કેવી માન્યતા ધરાવે છે એ અંગેનો પ્રસ્તુત અભ્યાસ ભવિષ્યના આવા અન્ય અભ્યાસોને દિશાસૂચન કરી શકે તેવી આશા છે.

ભારતમાં અને ગુજરાતમાં સ્ત્રીપુરુષના પ્રમાણમાં અસમતોલન જોવા મળે છે. એ અંગે સ્વૈચ્છિક સંસ્થાઓએ બે દાયકા પહેલાં જ ધ્યાન દોર્યું હતું આજે એ બાબતને અનુલક્ષીને ગુજરાતમાં 'બેટી બચાવો' આંદોલનને મહત્ત્વ આપવામાં આવ્યું છે. એ અંગે અમેરિકા વસતાં કેટલાંક યુગલોના વિચારોને જ તપાસ્યા છે. અમેરિકા સિવાય અન્ય દેશોમાં વસવાટ કરતાં તેમ જ ભારતના ઉચ્ચ વ્યાવસાયિક શિક્ષણ ધરાવતાં યુગલો આ અભ્યાસમાંથી બાકાત રહે છે એ આ અભ્યાસની એક મોટી મર્યાદા છે.

**પ્રાપ્ત માહિતી અને તેનું પૃથક્કરણઃ**

પ્રસ્તુત અભ્યાસ માટે કુલ ૧૧ અને એક છૂટાછેડા લીધેલી વ્યક્તિ મળીને કુલ ૨૩ વ્યક્તિઓ પાસેથી વાતચીત દ્વારા માહિતી મેળવી છે. આ દરેક અમેરિકાના જુદાં જુદાં ૬ રાજ્યો-ઓહાયો (૪), ફલોરીડા (૪), મેસેચ્યુસેટ્સ (૩), ઇલિનોઈસ (૮), વિસ્કોન્સીન (૨) અને મિશિગન (૨)માં વસે છે. તેમાં ઇલિનોઈસ-શિકાગોમાં પ્રસ્તુત અભ્યાસમાંના સૌથી વધારે (ચાર યુગલો) રહે છે. આ બધાં યુગલો ભારતમાંથી સ્થળાંતરિત થઈને અમેરિકા ગયાં છે. તેમાં બે પુરુષ સિવાયની તમામ ૨૧ વ્યક્તિઓ ગુજરાતી છે. તેઓ બ્રાહ્મણ (૧૧), વાણિયા (૩), નાગર (૪), લોહાણા-ઠક્કર (૨), પંચાલ (૧) અને પટેલ (૨) જ્ઞાતિના છે. બે બિન-ગુજરાતી બ્રાહ્મણ અને વાણિયા છે.

અભ્યાસમાં સમાવિષ્ટ દંપતીઓ સ્ત્રી અને પુરુષોને વયને આધારે બે ભાગમાં વહેંચ્યાં છે. એ મુજબ સાત દંપતીઓ અને એક અશક્ત એકલી સ્ત્રી ચાલીસ કે તેથી ઓછી વયના છે. જ્યારે દંપતીઓ ૬૧થી ૭૦ વચ્ચેની વય ધરાવતાં સિનિયર સિટિઝન છે અને તેઓ બધાં અમેરિકાનું નાગરિકત્વ ધરાવે છે.

પશ્ચિમના દેશોમાં અને ખાસ કરીને અમેરિકામાં રહેતી વ્યક્તિ દેશમાં કયા પ્રકારનો દરજ્જો ધરાવે છે તે મહત્ત્વનું છે. કેમકે અમેરિકામાં નાગરિક તરીકેનો દરજ્જો ધરાવનારને અન્ય દરજ્જો ધરાવનારા કરતાં પ્રમાણમાં વધારે તક અને અધિકારો પ્રાપ્ત થાય છે. અત્રે એ મહત્ત્વનું છે કે અભ્યાસમાં સમાવિષ્ટ ૨૩માંથી ૧૪ (૫ પુરુષ અને ૯ સ્ત્રીઓ) વ્યક્તિઓને અમેરિકન નાગરિકત્વ મળ્યું છે. બે પુરુષોને પત્નીને કારણે ગ્રીનકાર્ડ મળ્યું છે. માત્ર એક સ્ત્રી તેના પતિ પર આધારિત છે. બાકીની વ્યક્તિઓ કામ કરવાનો અધિકાર (વિઝા) ધરાવે છે.

આ દંપતીઓ કેટલાં વર્ષોથી અમેરિકામાં વસવાટ કરે છે તે અંગેની વિગતો નીચેના કોષ્ટક નં. ૧માં છે.

સામાન્ય રીતે સ્થળ કે દેશમાં વસવાટનાં વર્ષો વધતાં તે જગ્યા-સ્થળ સાથે તાદાત્મ્યતાની ભાવના દૃઢ થઈ જતી હોય છે. ઘણી વાર વ્યક્તિ એ સ્થળને જ વતન માનવા લાગે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ૩ દંપતીઓ ૨૬થી પણ વધારે વર્ષોથી અને ૨ દંપતીઓ ૧૬થી ૨૫ વર્ષથી અમેરિકામાં સ્થાયી થયાં છે. આમાંથી ચારનાં લગ્ન ભારતમાં જ

**કોષ્ટક નં. ૧ઃ ઉત્તરદાતા યુગલોનો અમેરિકામાં વસવાટઃ વર્ષમાં**

| ક્રમ | વસવાટનાં વર્ષો | પતિ | પત્ની | એકલી વ્યક્તિ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | - ૫ | - | ૦૨ | - | ૦૨ |
| ૨ | ૫ - ૧૫ | ૦૫ | ૦૪ | ૦૧ | ૧૦ |
| ૩ | ૧૫-૨૫ | ૦૨ | ૦૩ | - | ૦૫ |
| ૪ | ૨૬-૩૫ | ૦૧ | - | - | ૦૧ |
| | | ૧૧ | ૧૧ | ૦૧ | ૨૩ |

થયાં હતાં. અને બંને સાથે જ અમેરિકા ગયાં હતાં. જ્યારે એકે અમેરિકા જઈને જ લગ્ન કર્યાં હતાં. ભારતીય સમાજમાં પિતૃ સ્થાનીય લગ્ન પ્રથામાં લગ્ન પછી સ્ત્રી પુરુષના ઘરે રહે છે. આથી જે તે સ્થળે પુરુષનો વસવાટ વધારે વર્ષોનો હોય છે. લગ્ન પછી સ્ત્રી પણ ત્યાં વસવા લાગે છે. આ અભ્યાસમાં માત્ર બે સ્ત્રીનો વસવાટ પાંચ વર્ષથી ઓછો છે. તેઓ લગ્ન પછી પતિના ઘરે અમેરિકા ગઈ છે. બાકીની તમામ પાંચથી વધારે વર્ષોથી અમેરિકા રહે છે.

આ યુગલોના લગ્નજીવનનો સમયગાળો જાણવાથી સ્થિર-કૌટુંબિક જીવનનો ખ્યાલ આવે છે. એ રીતે જોઈએ તો પાંચ કે તેથી ઓછાં વર્ષોનું લગ્નજીવન ધરાવતાં ૫ દંપતીઓ છે. એ જ રીતે ૨૫ વર્ષથી વધારે વર્ષોનું લગ્નજીવન ધરાવતાં-નિવૃત્તિ વય ધરાવતા ૪ દંપતીઓ છે. જ્યારે ૬-૧૫ વર્ષનું દાંપત્ય ધરાવતાં ૨ દંપતીઓ ૪૦થી ઓછી વયનાં છે. જે એક એકાકી વ્યક્તિ છે એ સ્ત્રી છે અને તેણે લગ્નના એક વર્ષમાં છૂટાછેડા લીધેલા છે.

સામાન્ય રીતે લાંબા ગાળાનો વસવાટ, લાંબું દાંપત્ય જીવન, પોતાની માલિકીનું ઘર, સ્થિર-વ્યવસાય વગેરે બાબતોને લક્ષમાં લેતાં એમ કહી શકાય કે આ તમામ યુગલો સ્થિર સામાજિક જીવન જીવી રહ્યાં છે. કારણ કે ૧૧માંથી ૪ દંપતીઓ અને એક સીંગલ સ્ત્રી ખૂબ મોટું અને અનેકાનંક સુવિધાઓવાળું પોતાની માલિકીનું મકાન ધરાવે છે.

ચાર દંપતીઓ 'ઘરના ઘર' (માલિકીના ઘર) માટે સખત પ્રયત્નશીલ છે. અને તેઓમાં ઘર માટેની લોન, તેનું વ્યાજ, વિસ્તાર વગેરે અંગેની ચર્ચાઓ ચાલુ થઈ ચૂકી છે. બાકીનાં ત્રણ પણ નોકરીની સ્થિરતા થતાં અને પોતાને જોઈતો દરજ્જો (ગ્રીન કાર્ડ કે સિટીઝનશીપ) મળતાં 'ઘરનું ઘર' બનાવવા અંગે ગંભીર છે.

ટૂંકમાં, આ તમામ યુગલો પાંચ કે તેથી વધારે વર્ષોથી અમેરિકામાં રહે છે, તેઓનું લગ્નજીવન અને વ્યાવસાયિક જીવન પ્રમાણમાં સ્થિર છે. પાંચ તો ઘરની માલિકી ધરાવે છે. બાકીના એ માટે પ્રયત્નશીલ છે. વળી, આમાંનાં મોટા ભાગનાં યુગલો માત્ર શિક્ષિત જ નહિ ઘણી ઊંચી વ્યાવસાયિક ડિગ્રીઓ ધરાવે છે. અભ્યાસમાં સમાવિષ્ટ વ્યક્તિઓમાં શિક્ષણનું પ્રમાણ કોષ્ટક નં. ૨માં દર્શાવ્યું છે.

કોષ્ટક નં. ૨માં સ્પષ્ટ છે કે અભ્યાસમાં સમાવિષ્ટ બધાં જ ૨૩ સ્ત્રીપુરુષો શિક્ષિત છે.

અમેરિકામાં મારે (અભ્યાસકર્તાને) મહદ્ અંશે ઉચ્ચ વ્યાવસાયિક શિક્ષણ ધરાવતાં કુટુંબોમાં રહેવાનું બન્યું છે. કુલ તેવીસમાંથી આઠ પુરુષો અને ચાર સ્ત્રીઓ મળીને કુલ ૧૨ એન્જીનિયર છે, ત્રણ ડૉક્ટર છે. માત્ર એક પુરુષ સાયન્સ ગ્રેજ્યુએટ છે. ત્રણ સ્ત્રીઓને વ્યાવસાયિક ડિગ્રી નથી પણ તેઓએ એમ.એસ. પછી અમેરિકામાં કોમ્પ્યુટરની વિશેષ તાલીમ મેળવી છે.

આમ અભ્યાસમાં સમાવિષ્ટ ત્રેવીસમાંથી એકવીસે ઉચ્ચ શિક્ષણ અને તેમાંથી પંદરે મેડિકલ કે

**કોષ્ટક નં. ૨ અભ્યાસમાં સમાવિષ્ટ વ્યક્તિઓનું શિક્ષણ**

| ક્રમ | વસવાટનાં વર્ષો | પતિ | પત્ની | ડાયવોર્સી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | એસ.એસ.સી.-હાયર સેકન્ડરી | - | ૦૨ | - | ૦૨ |
| ૨ | સ્નાતક કે અનુસ્નાતક-આર્ટ્સ | - | ૦૨ | - | ૦૨ |
| | સ્નાતક કે અનુસ્નાતક-સાયન્સ | ૦૧ | ૦૩ | - | ૦૪ |
| ૪ | એન્જીનિયર | ૦૮ | ૦૩ | ૦૧ | ૧૨ |
| ૫ | ડૉક્ટર | ૦૨ | ૦૧ | - | ૦૩ |
| | | ૧૧ | ૧૧ | ૦૧ | ૨૩ |

એન્જીનિયરિંગનું શિક્ષણ મેળવ્યું છે અને તેને લગતો જ વ્યવસાય પણ કરે છે. વળી, તેઓ પશ્ચિમના અને જગતના સૌથી વધારે વિકસિત દેશમાં રહે છે. આથી આ બિન-નિવાસી શિક્ષતો તેઓના મૂળ વતનના દેશમાં જે વિચારો (સમાનતા વગેરેના) રિવાજો, (લગ્નના કે અન્ય) કે વલણો (દીકરા-દીકરીના જન્મ વગેરે અંગેના)માં પરિવર્તનના પ્રયત્નો થઈ રહ્યાં છે એ અંગે શું વિચારી રહ્યાં છે તેમ જ પોતાના વ્યવહારોમાં પરિવર્તન લાવવા અંગે શું વિચારે છે એ જાણવાનો પ્રયત્ન અનૌપચારિક રીતે વાતચીત કરીને મેળવી માહિતી દ્વારા કર્યો છે.

અભ્યાસમાં સમાવિષ્ટ બધા જ ઉત્તરદાતાઓ હવે અમેરિકામાં સ્થાયી થવા માંગે છે. જો કે, તેઓ વતન સાથે હંમેશાં સંબંધ રાખશે તેવું પણ કહે છે. આ તમામ ઉત્તરદાતાઓમાંથી બાળકોવાળાં યુગલોનાં બાળકો અંગેની સામાન્ય જાણકારી મેળવી હતી તેમ જ યુવા દંપતીઓનું કુટુંબ જીવનને વિસ્તૃત કરવાનું કેવું આયોજન છે એ અંગે પણ અનૌપચારિક વાતો થઈ હતી.

**કેટલાક કિસ્સાઓઃ**

નિવૃત્તિ વયના અર્થાત્ ૬૦થી વધારે વય ધરાવનારા ચારમાંથી કુલ ત્રણ દંપતીઓ અને અન્ય ત્રણ યુવા દંપતીઓ એમ કુલ છ દંપતીઓને બાળકો છે. બાકીનાં બધાં-પાંચ દંપતીઓ અને એક એકાકી સ્ત્રી બાળક ઇચ્છે છે. એ માટે જરૂરી સારવાર લે છે તેમ જ વડીલોએ સૂચવેલા ધાર્મિક ઉપાયો પણ કરે છે. આ દરેકના દીકરી કે દીકરાના જન્મ અંગેના વિચારો નાંધવા જેવા જણાય છે.

**દીકરીના જન્મ અંગેનાં વલણોઃ**

ભારતીય સમાજમાં પરંપરાથી દીકરાનું-પુત્રનું મહત્ત્વ જોવા મળ્યું છે અને આજે પણ એ ઘણુંખરું અકબંધ છે. કેમકે સમાજની ઘણી મહત્ત્વની ગણાતી ધર્મ અને કુટુંબ જેવી સંસ્થા પુત્રજન્મના ખ્યાલને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોષે છે. નર્કનો ડર દર્શાવીને કે સાચીખોટી સ્વર્ગની સીડીની લાલચ આપીને પુત્ર જન્મના મહત્ત્વને બળવત્તર બનાવતો રહે છે. એટલું જ નહિ એક માતાને 'માતા' તરીકે નહિ પણ પુત્રની માતા તરીકે વધુ મહત્ત્વ મળે છે અને ગોરણી (ધાર્મિક વિધિમાં જમવા માટે આમંત્રવામાં આવતી સૌભાગ્યવતી સ્ત્રી) જેવા કેટલાક ધાર્મિક કામ માટે આજે પણ તેની પસંદગી કરવામાં આવે છે. વળી, આજે પણ તેવી માન્યતા પ્રભાવી છે કે માતા-પિતા દીકરાના ઘરે જેટલા હક્કથી રહી શકે એટલા અધિકાર સાથે દીકરીને ત્યાં ન રહી શકે. આ સિવાય દીકરાથી જ વંશવેલો જળવાઈ શકે અને દીકરો જ પિતાનો વારસદાર હોઈ શકે વગેરે જેવી માન્યતા પ્રચલિત છે. આવી માન્યતાઓ વચ્ચે ઉછરેલાં યુવા પરિણિત યુગલો પશ્ચિમમાં કે ભારતમાં પુત્ર પ્રાપ્તિ ઇચ્છે તે સ્વાભાવિક છે, એ માટે તેઓ કંઈ પણ સારવાર, વિધિ કે અવિધિ અર્થાત્ ન સમજાય તેવા નુસખા કે ઉપાયો કરવા તૈયાર થઈ જાય છે, કદાચ એથી જ ભારતમાં અને ગુજરાતમાં દીકરીઓનું પ્રમાણ ઘટતું ચાલ્યું છે એ ચિંતાનો વિષય બન્યો છે.

સાંપ્રત સમયમાં દેશમાં અને ગુજરાતમાં દીકરી-જન્મને આવકારવા માટે અને સમાજમાં દીકરીના શિક્ષણ અને વિકાસ તરફ હકારાત્મક વલણો વિકાસ પામે એ માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ અને નિસ્બત ધરાવતા સૌ કોઈ વિવિધ કાર્યક્રમો કરીને, જાહેરાતો આપીને પ્રચાર કરી રહ્યા છે. 'બેટી બચાવો' અભિયાન પણ તેના ભાગરૂપે છે. એ સંજોગોમાં વિશ્વના સૌથી વધારે સમૃદ્ધ રાષ્ટ્ર એવા અમેરિકામાં ગયેલા અને સ્થાયી થયેલા ઉચ્ચ વ્યાવસાયિક શિક્ષણ પ્રાપ્ત કરેલા ભારતીય અને મહદ્ અંશે ગુજરાતી યુગલોના દીકરીઓના શિક્ષણ વગેરે પાસાંઓ અંગેનાં વિચારો અને વલણો જાણવાં જરૂરી છે.

પ્રથમ સિનિયર સીટિઝન એવાં ચાર દંપતીઓનાં એ અંગેનાં મંતવ્યો અને ત્યાર બાદ યુવા દંપતીઓનાં મંતવ્યોનું આલેખન કરીશ.

દંપતી A ને બે દીકરા છે, તેમાંનો નાનો પરણ્યો છે, મોટાને પરણવું નથી. એક પૌત્રી છે, જે તેઓને ખૂબ વહાલી છે અને આ પૌત્રીએ આ દંપતીની 'દીકરી'ની ઇચ્છા પૂર્ણ કરી છે. આ વયસ્ક પતિ (૬૯ વર્ષ) અને પત્ની (૬૬ વર્ષ)નો મોટો દીકરો ન પરણ્યો હોવાનો રંજ છે અને દાદીમા કહે છે કે 'હવે એ લોકોએ

(નાના દીકરા-વહુએ) સમજવું જોઈએ...' એક દીકરો આવી જાય તો સૌનું હર્યું ભર્યું બની જાય. ત્રણ-ત્રણ ઘર છે, પાર વગરનું રાચરચીલું છે તેને સંભાળવા પણ દીકરો હોય તો ચિંતા ન રહે ! (બંને દીકરા અલગ અલગ ફ્લેટ લઈને રહે છે.)

B અને C ને બે દીકરીઓ પછી દીકરો છે તેમાંના એકે (પતિ ૭૦ વર્ષના, પત્ની ૬૧ વર્ષના) દીકરા માટે પ્રથમ પત્નીના મૃત્યુ પછી પુનઃલગ્ન કર્યું છે. તેઓ અમેરિકામાં મોટેલ ધરાવે છે. દીકરાની પરદેશી રીતભાત તેઓને ગમતી નથી. છતાં મોટી મોટેલનો વારસ હોવાથી તેઓને નિરાંત છે. જો કે, તેઓની ઇચ્છા ભારતમાં ઉછરેલી છોકરીને જ પુત્રવધૂ બનાવવાની છે અને પૌત્રનું મૌ જોવાની તડપ છે. દંપતી C કે જેઓ ડૉક્ટર છે. તેઓની આર્થિક સમૃદ્ધિ કોઈ પણ સામાન્ય માણસને આકર્ષે તેવી છે. તેઓને દીકરો હોવાથી નિરાંત છે. તેઓ કહે છેઃ 'બંને બહેનો માટે ઘર ખુલ્લું રહે ને !' આ દંપતી સતત કાર્યશીલ રહે છે પણ કોઈ પણ નાનોમોટો નિર્ણય લેતી વખતે દીકરાને ખાસ પૂછે છે. વાસ્તવમાં દીકરો દૂર અલગ રહે છે.

દંપતી D ને બાળકો નથી. તેઓ કહે કે 'તેઓને અમેરિકામાં જીવન જીવવું સરળ પડે છે ભારતમાં કદાચ લોકોએ જીવવા દીધાં ન હોત'. તેઓ ભાઈઓનાં સંતાનોને પોતાના ગણે છે ભાઈની દીકરીને એક દીકરી છે તેઓ કહે છે કે હવે દીકરો આવી જાય તો સારું.

ટૂંકમાં, અભ્યાસના એકમ એવા ચારેય સિનિયર સિટિઝન દંપતીઓ કોઈ ને કોઈ રીતે દીકરાની ઇચ્છા રાખે છે. હવે આ ઇચ્છા તેમનાં સંતાનો માટે છે. અલબત્ત દીકરીની અવહેલના જણાઈ નથી. તેઓની દીકરીઓએ પણ માસ્ટર ડિગ્રી મેળવી છે. છતાં ઘરમાં દીકરીનો મત લેવામાં આવતો હોય તેવું મારી હાજરીમાં બન્યું નથી.

અભ્યાસમાં સમાવિષ્ટ યુગલોમાં E યુગલ સૌથી નાની વયનું છે. (પતિ-૨૯, પત્ની-૨૬) પત્ની ધોરણ ૧૨ પછી અમેરિકા ગઈ અને સિટીઝન બની, ભણી ન શકી, માતા-પિતાની પસંદગીથી લગ્ન કર્યાં. પતિ સર્જન છે. બે વર્ષની દીકરી છે. તે પાંચ વર્ષની થતાં બીજું બાળક અને તે પણ દીકરો જોઈએ છે. તેના ડૉ. પતિની પણ એ જ ઇચ્છા છે. કારણ કે તે 'એકના એક' છે. પત્ની કહે છે 'અમારે કોઈ સુધારા-બુધારા નથી જોઈતા, એક દીકરો આવી જાય એટલે કુટુંબમાં માન વધી જાય' અને મોટી વયે ભાઈ-બહેન એકબીજાના ઘરે આવી જઈ શકે.

F અને G દંપતીને બંને જાતિનાં સંતાનો છે. આ કિસ્સામાં પતિ-પત્ની બંને એન્જીનિયર છે. બિલ્ડર પતિનો વ્યવસાય (કોમ્પ્યુટર પર પત્ર વ્યવહાર વગેરે) સંભાળવા પત્નીએ નોકરી છોડી દીધી છે. તેને સંતોષ અને ગૌરવ છે પણ તેના મોટા ભાઈને ત્યાં બે દીકરીઓ હોવાથી તે ચિંતિત છે, દુઃખી છે. તે કહે છે કે તેનો ભાઈ ખૂબ કમાણી કરે છે તેને એક દીકરો હોય તો તે પોતાના ઘડપણમાં બધો કારોબાર દીકરાને સોંપી શકે. એફની પત્નીના ઘરના બધા વડીલો સભ્યો આ વાત સાથે સંમત છે જ પણ તેની નાની ભાભીએ (જે ૨૩ વર્ષની છે એમ.એસ. થઈ છે તે ત્યાં જ હતી) પણ એણે જ કહ્યું 'દીકરો છે તો બધું જ છે. દીકરી તો પરણે એટલે પતિના ઘરની થઈ જાયને !' કેટલાક સવાલોને અંતે તે કહે છે, 'હું પપ્પાને મદદ નથી કરી શકતી તેમ કોઈ ન કહી શકે.'

G દંપતીમાં પતિ એન્જીનિયર છે પણ વીમા એજન્ટ તરીકે કામ કરે છે. પત્ની સ્નાતક છે, ગૃહિણી છે. બંને સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઊંડાં ઊતરેલાં છે. આથી રજાઓમાં મંદિરમાં સેવા આપે છે. પત્ની અને તેનાં સાસુ કહે છે કે હવે અભિ (દીકરો) આવવાથી નિરાંત છે. વળી તે કહ્યામાં (આજ્ઞાંકિત) છે, (દીકરીના જન્મ પછી છ વર્ષે દીકરો આવ્યો છે, અત્યારે પાંચ વર્ષનો છે).

G કિસ્સામાં પતિ સાથે ગુજરાતની, ભૃણહત્યા અને છોકરીઓની અછત, દીકરા-દીકરી વગેરે વાતો થઈ, પતિએ જણાવ્યું અમારે (જી યુગલને) કંઈ ફરક નથી પડતો પણ બાને વ્યાજ વહાલું લાગે ને!

'દીકરી પણ વ્યાજ જ છે ને!' પ્રશ્ન

હા...પણ...ફરક પડે (પકડાયાનો ખ્યાલ આવતાં

ધીમેથી કહે...'અમેરિકામાં તો આમેય બધા અલગ જ રહેતા હોય છે. છતાં ખરે ટાણે (સાચી મુશ્કેલીમાં) દીકરો જ સાથ આપે. દીકરી તો તેના ઘરે હોય ને?'

ટૂંકમાં, સંતાનવાળાં ત્રણેય દંપતીઓ અને જેઓને બંને જાતિના સંતાનો છે તેઓ પણ 'દીકરી નહિ પણ કુટુંબ માટે દીકરો' જરૂરી કરતાં અનિવાર્ય હોવાનું સમજે છે. ૨૩ વર્ષની યુવાન છોકરી પણ 'દીકરો જ જોઈએ' તેવું ભારપૂર્વક જણાવે છે. આથી એવું માની શકાય કે આવા સંજોગોમાં કદાચ ગર્ભમાંના બાળકની જાતિ છોકરીની હોય તો તેને જાળવવાનું વલણ ઓછું હકારાત્મક હોઈ શકે છે. જો કે, આ પ્રકારની વાતો ઓછી ન હોવાથી એ અંગે ખાતરીપૂર્વક કહી ન શકાય.

બાકીનાં પાંચ યુગલો અને એક એકાકી સ્ત્રી હવે બાળકો ઇચ્છે છે. તેઓના આ આયોજન અંગે પણ ઔપચારિક વાતો થઈ હતી. આમાંનાં ચાર યુગલો માને છે કે જેમ ભણવું, નોકરી, ઘર વખરી વસાવવી અમારા હાથમાં હતું એમ બાળકો પણ પોતે ઇચ્છે ત્યારે અને ઇચ્છે એ (છોકરી કે છોકરો) જ હશે. આથી તેઓએ વિચાર્યું હોય તેનાથી કંઈક જુદી વાત થઈ જાય તો એ પણ તેઓને પંસદ નથી પડતી. તેઓનાં મંતવ્યો પણ જાણ્યાં-તારવ્યાં છે.

એચ યુગલને લગ્નનાં પાંચ વર્ષ પછી બાળક જોઈએ છે, બંને એન્જીનિયર છે. પતિએ એન્જીનિયરિંગમાં ડૉક્ટરેટ મેળવી છે. કેટલીક વાતચીત પછી પત્ની કહે છે 'ઓછામાં ઓછો એક દીકરો જરૂરી છે. દીકરાને ઘર-સંપત્તિ સોંપી શકાય અને તેની વહુ માતાપિતાના ઘડપણમાં તેઓની સંભાળ લે.' તેણે જણાવ્યું 'અમે ચાર બહેનો છીએ પણ અમારા મમ્મી-પપ્પાને શું કામ લાગ્યા? નાનો ભાઈ જ કામ લાગશેને !' તે પતિએ પણ ગોળ ગોળ વાતને અંતે કહ્યું:

'મને તો દીકરી જ વધુ ગમે, આજ કાલ એ પણ ક્યાં કમ છે ?' પણ એકાદ દીકરો હોય તો વડીલોને સંતોષ અને આપણા મૃત્યુ પછી ધાર્મિક વિધિ પણ કરે ને! એક એન્જીનિયરિંગમાં પીએચ.ડી. મેળવનારની આ માનસિકતા છે. તેઓ બે બાળકો ઇચ્છે છે.

આઈ યુગલ પણ એન્જીનિયર્સ છે. લગ્નને દોઢ વર્ષ થયું છે પણ બાળક જલદી જોઈએ છે. આઈ પત્ની સાહજિક રીતે કહે છે કે 'પહેલા ધડાકે દીકરો આવી જાય એટલે વાત પૂરી ! સાસુમા (પતિના મમ્મી) ખુશ ખુશ !'

આઈ પત્નીને ચાર બહેનો છે આથી નવાઈ લાગી. વાતચીત દરમિયાન તેણે કહ્યું-તેની સાથે ઓફિસમાં કામ કરનાર મિત્રો કહે છે કે તેના સાઉથ ઇન્ડિયન સાસરિયાંને ખુશ કરવા માટે દીકરો જરૂરી છે. તે કહે છે કે તેના પતિને અને અન્ય ઘરનાને એ જ પસંદ છે ત્યારે તેને પણ એ જ પંસદ છે. 'એવા સુધારાવાદી બનીને પણ શું?' જવાબની રાહ જોયા વગર આઈ પત્નીએ વધુમાં કહ્યું કે, 'આપણે તો કુટુંબમાં આપણો વટ પાડવો છે, ધેટ્સ ઓલ!!'

જે દંપતીમાં પતિ એન્જીનિયર છે, બંને વાણિયા છે. પત્નીએ સોફ્ટવેરનો ખાસ કોર્સ કર્યો હોવાથી આંતરરાષ્ટ્રીય કંપનીમાં કામ મળ્યું છે, તેણે બીજા રાજ્યમાં રહેવું પડે છે અને વારંવાર પરદેશ પણ જવાનું થાય છે.

આ કિસ્સામાં પતિ શક્ય એટલું જલદી બાળક ઇચ્છે છે તેની પાછળનું કારણ પત્ની તેની સાથે રહેવા માંડે અને તેઓ સ્થિર કૌટુંબિક જીવન જીવી શકે એ છે. તે પત્નીની કારકિર્દી અંગે ગંભીર નથી. એ અંગે વાત થતાં તેમણે જણાવ્યું, નાનુંમોટું કામ બધે જ મળી જાય. થોડું ઘણું કામ કરે અને બાળકને ઉછેરે એ તેની અપેક્ષા છે. બાળકના આવ્યા પછી જવાબદારી વધશે એ વાતના અનુસંધાનમાં તેણે ખૂબ સાહજિકતાથી જણાવ્યું, 'બનતા સુધી એક જ બાળક જોઈએ છે, પછી પહેલાં દીકરી આવે તો બીજા માટે વિચારવું પડે.'

છેલ્લાં બારેક વર્ષથી અમેરિકામાં વસતી એન્જીનિયરિંગમાં એમ.એસ. થયેલી, ખૂબ કમાતી વ્યક્તિ સ્વાભાવિક વાતચીતમાં પોતે ખરેખર શું માને છે એ અંગે સત્ય જણાવી દે છે.

આ કિસ્સામાં પત્નીને મળી શકાયું ન હતું. પરંતુ જે પતિ સાથે હળવાશની ક્ષણોમાં વાત થયેલી કે 'તારી

પત્નીનું કામ તું કરતો હોત તો સારું હતું ને?' તેના જવાબમાં તેણે 'હા-ના' નહોતી કહી પણ હાથના વળાંક સાથેનું આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

કે યુગલમાં પતિ એમ.એસ. એન્જીનિયર છે. પત્ની બી.કોમ. છે, સંગીત વિશારદ છે. બંને ઉચ્ચ જ્ઞાતિ ધરાવે છે. કે પત્ની જોબ શોધે છે. પણ તેને ગમતી જોબ નથી મળતી, આથી ઇચ્છે છે કે 'જલદી બાળક થઈ જાય તો ઉછરતું થાય.' તે કહે છે કે 'બે બાળકોને ઉછેરવાનું મારા માટે શક્ય નથી આથી 'દીકરો આવી જાય તો કામ પૂરું' (તેણે થોડા સમય પહેલાં ગર્ભપાત પણ કરાવડાવ્યો હતો).

કે પતિ કહે છે કે હું તો દત્તક લેવાનું કહું છું, જેથી 'ડિલિવરી'ની લપમાં ન પડવું. પણ એવી એને પોતાનું બાળક જ જોઈએ છે અને વળી 'દીકરો' જોઈએ છે. તુરત જ પત્નીના પ્રતિભાવથી ખ્યાલ આવ્યો કે પતિ પણ દીકરો ઇચ્છે છે તે માને છે કે તેથી માતા-પિતાને રાહત થશે. કેમકે તેનો નાનો ભાઈ વ્યસની અને દેવાળિયો છે. કોઈ પણ કારણસર બંનેને દીકરી કરતા દીકરો વધુ પસંદ છે.

એલ એકાકી સ્ત્રી છે, બ્રાહ્મણ છે, ડિવોર્સી છે. તેણે પણ એન્જીનિયરિંગમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. એક વર્ષના લગ્નજીવન પછી છૂટાછેડા લીધા છે પણ તેને બાળકની તીવ્ર ઇચ્છા છે. દીકરો-દીકરી ગમે તે ચાલે પણ તે કહે છે-દીકરો હોય તો તેને એ રીતે તૈયાર કરું કે જેથી મને કોઈકના દીકરાથી તકલીફ થઈ એવી કોઈની દીકરીને ન થાય. તેઓ ત્રણ બહેનો છે. એલ તેની મમ્મીને રાખે છે પણ તેણે દીકરાને યોગ્ય રીતે ઉછેરવાની ચેલેન્જ ઝીલવી છે, ઉપાડવી છે. તે બાળકોનો દત્તક લેવા તૈયાર છે પણ એ કહે છે એ છેલ્લો ઉપાય છે કેમકે તેની પરણવાની ઇચ્છા પણ છે.

આ બધાં જ દંપતીઓ અને એક એકાકી સ્ત્રી શિક્ષિત છે. મોટા ભાગનાએ વ્યાવસાયિક ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે. તેમાંથી છ યુગલોનાં લગ્ન તેઓની જ્ઞાતિમાં જ થયાં છે. પાંચે પસંદગીનાં લગ્ન કર્યાં છે. તેમાંથી બે ગુજરાતી છોકરીઓના જીવનસાથી અલગ ભારતીય પ્રાન્તના છે. આ તમામ યુવાન અને બાળકના જન્મ અંગે આયોજન કરી રહેલાં યુગલો પણ તેઓના બાળકની જાતિ, પુરુષ હોય તેવું ઇચ્છે છે. એકાકી સ્ત્રી પણ એ જ ઇચ્છે છે, ભલે તેનો આશય જુદો છે. આમાંથી ઘણાખરાને રૂપાળી દીકરીઓ પસંદ છે. સંબંધીઓની દીકરીઓને રમાડવી, તેને માટે ખાસ ખરીદી કરવી એ તેઓનો શોખ જણાયો છે પણ પોતાનાં માટે સંતાનોની જાતિ પસંદગીની વાત આવે છે ત્યારે મત બદલાયેલો હોય છે. આ પસંદગીમાં તમામ વયનાં દંપતીઓ (બાળકો વગરનાં પણ) અને એકાકી સ્ત્રી સરખાં છે.

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ નવવસાહતી યુગલોને વતનમાં પ્રચલિત રિવાજોનું કેટલું વળગણ છે એ અંગે તેમજ તેઓની ધાર્મિક માન્યતાઓ, શ્રદ્ધા-અંધશ્રદ્ધા વગેરે અંગે પણ કેટલીક જાણકારી મેળવી છે.

**સામાજિક રીતરિવાજો, ધાર્મિક માન્યતાઓ, શ્રદ્ધા-અંધશ્રદ્ધાઃ**

ભારતની જ્ઞાતિઓ અને કુટુંબ વ્યવસ્થાને મહદ્ અંશે રિવાજો જેવાં અનૌપચારિક ધોરણો ટકાવે છે. ક્યારેક તો રિવાજના ભંગ પછી શિક્ષા નક્કી ન હોય છતાં ભાગ્યે જ કોઈ તેનો ભંગ કરવાનું પસંદ કરે છે. તો ક્યારેક જ્ઞાતિને બહાર મૂકી દેવાની શિક્ષાને સૌથી આકરી શિક્ષા માનવામાં આવે છે. આથી ભારતમાં રિવાજો હંમેશાં કાનૂન કરતાં પણ વધુ પ્રભાવી રહ્યાં છે. આ પ્રકારનો જ્ઞાતિ બહાર મૂકવા જેવો ભય અમેરિકામાં નથી છતાં ત્યાં ઘણાખરા રિવાજો પળાય છે.

અમેરિકાના રોકાણ દરમિયાન બે લગ્નોમાં હાજરી આપી હતી. તેમાં એક લગ્નની તમામ વિધિઓ-રિવાજોનું પાલન પ્રત્યક્ષ રીતે નિહાળ્યું હતું. બીજા લગ્નમાં પૂરેપૂરું સામેલ થઈ શકાયું નહોતું.

દીકરીના લગ્નમાં લગ્ન પૂર્વેની તમામ વિધિઓ પૂર્ણતયા ધાર્મિક આસ્થા અને રિવાજ પાળ્યાના સંતોષ સાથે કરવામાં આવી હતી. જેવી કે અનાજ સાફ કરવાની, સાથિયા કરવાની, કંકોતરી લખવાની. માંડવો, માણેકસ્તંભ, મીંઢોળ બાંધવો, પીઠી ચોળવી, પીઠી સમયે માથામાં તેલ સીંચવું, ખોળા પૂજવાની અર્થાત્ ચાર

જણાના ખોળામાં જુદી જુદી ચીજ (ગોળ, મિઠાઈ, ખાજા, પૈસા, પાપડ વગેરે) આપવાની, રાંદલ ને આમંત્રણ, છંદ ગાવાની વગેરે વિધિ અને કન્યાએ લીંબુ રાખવાની, રાઈ-મીઠું ઉતારવાની માન્યતા જોવા મળી. એટલી હદે કે સંપૂર્ણ સ્વચ્છ અને સાફસુથરા દેશમાં ઉકરડીને આમંત્રણ આપવાની અને ઉકરડીને વિદાય આપવાની વિધિ પણ સંપન્ન કરી હતી. વળી, ગુજરાતી હિંદુઓમાં મેંદી મૂકવાનો રિવાજ છેલ્લા કેટલાક સમયની જ દેન છે. પણ તેય 'ધામધૂમ'થી ઉજવાયો હતો.

મંડપમાં થતાં લગ્નની આખી વિધિ સ્ટેપ-બાય સ્ટેપ સોપાનુક્રમિક લખીને બધાં આમંત્રિતોને આપી હતી. તેમાં હિંદુ ધર્મમાં સૂચવ્યા મુજબનું અર્થઘટન પણ આપ્યું હતું. જેથી તમામ આમંત્રિતો વિધિમાં સામેલ થઈ શકે. આ રીતે તમામ આમંત્રિતોને વિધિમાં સામેલ કરવાની બાબત થોડી જુદી હતી પણ આકર્ષક હતી.

અત્રે એક વાત નોંધવી જરૂરી છે કે કોઈ પણ રિવાજના પાલનમાં કોઈને ભાર કે માનસિક તાણ ન હતી. કન્યાના માતા-પિતા પણ પ્રસંગને માણતાં હતાં. કદાચ તેનું કારણ આર્થિક સમૃદ્ધિ હોઈ શકે.

આ સિવાય પણ નિત્યના જીવનના કેટલાક રિવાજો કે માન્યતાઓ કોઈ આયાસ વગર પળાતા હોય તેવું જણાયું. જોબ-કામ પર જતાં પહેલા ફ્રિજ ખોલી દહીં ખાઈ લેવું, વડીલોના ફોટાને અને ઘરના નાના મંદિર પાસે જઈને પ્રણામ કરીને બહાર નીકળવું, બહાર નીકળતી વખતે કોઈ ભૂલેચૂકે ચા પીધી કે ખાધું કે-એવું કંઈ પૂછે તો-પાછું ફરી પાણી પી લેવું વગેરે માન્યતાઓને રિવાજની જેમ જ મારા સંપર્કનાં આ કુટુંબોમાં પળાતી જોઈ છે. આમાંની કેટલીક બાબતો રિવાજોમાં આજકાલ ભારતમાં પણ સુધારા માટે પ્રયત્નો થાય છે અથવા તો એવું સમજાયું કે જે યુવાનો ભારતમાં હતા ત્યારે આ પ્રકારની માન્યતાઓ માટે ગંભીર ન હતા તે અમેરિકામાં ગયા પછી પરંરાગત આચારોમાં માનવા માંડ્યા હતા.

વતનથી દૂર જવાને કારણે કે અજાણ્યા વાતાવરણનો ભય ખાળવા માટે આ નવવસાહતી યુગલોમાં ધાર્મિક આસ્થા પણ વિશેષ જણાઈ છે. વળી, આ યુગલોને પોતાના ધર્મ-સંપ્રદાયની ઓળખ જાળવવી ગમે છે. તેમાં પણ જેઓ અંગ્રેજી ભાષાની ઓછી જાણકારી ધરાવે છે તેઓને, ખાસ કરીને સંયુક્ત કુટુંબોના વડીલોને, ધાર્મિક સ્થળો જીવવાનું બળ આપતા હોય તેવું જણાયું. કિવલેન્ડ અને શિકાગોના મંદિરોમાં સમાન ભાષા ધરાવનારાઓનાં જૂથ પણ જોવા મળ્યાં હતાં. અમેરિકામાં ઘણા ખરા હિંદુ દેવોનાં ઘણાં સ્વરૂપો (રામ, કૃષ્ણ, શિવ, શક્તિ વગેરે)ને સ્થાન આપવામાં આવ્યું છે. આ અંગે શેઠે (૨૦૦૪-૬૬) રેમન્ડ વિલિયમ્સને ટાંકીને કરેલું વિધાન પ્રસ્તુત જણાય છે. 'એક રીતે તો, ભારત અને અમેરિકા વિશ્વમાં સૌથી વધુ ધર્મો પાળતી પ્રજાઓનું ઘર બની ગયા છે. બંને લોકશાહીઓનું બહુત્વવાદી સ્વરૂપ ઉભય દેશોને વિશ્વના 'સૌથી ધાર્મિક દેશો' બનાવે છે.

એલ યુગલ કોઈ પણ સારું કામ થાય (નોકરી મળે, વધાર વધે, સારા સમાચાર મળે, ટૂંકમાં તેનું ધાર્યું થાય) એટલે ૨૦૦ માઈલ દૂર આવેલાં પિટ્સબર્ગનાં મંદિરોમાં દર્શન કરવા અચૂક જાય અને થાળ પણ ધરાવે.

બે સિનિયર સિટિઝન યુગલો પણ નિયમિત રીતે સ્વામિનારાયણ મંદિરમાં જાય, પ્રસાદ ધરાવે અને આવ્યા પછી આજુબાજુ બધાંને વહેંચે પણ ખરા. જો કે એક સિનિયર સિટિઝન યુગલને ત્યાં મંદિર અર્થાત્ ઘરમાં બનાવેલું દેવસ્થાન જોઈને નવાઈ લાગી હતી. તેઓને પ્રશ્ન કરતાં ખ્યાલ આવ્યો કે તેઓ સ્વામી વિવેકાનંદના વિચારોને અનુસરે છે. આથી સવારે એક કલાક સુધી કસરત કરે છે. તેઓએ બેઝમેન્ટમાં બનાવેલા 'જીમ'માં સ્વામી વિવેકાનંદનો ફોટો અને પુસ્તકો રાખ્યાં છે.

બાકીનાં તમામ યુગલો દરરોજ દીવો કરે છે, ઘરમાં પોતાના આરાધ્ય દેવ માટે એક 'કોર્નર' ચોક્કસ રાખ્યો છે. ધાર્મિક તહેવારોને યાદ રાખે છે અને વ્રતો, ઉપવાસ પણ કરે છે. કેટલાક અગિયારસ, પૂનમ, સોમવતી અમાસ, સંકટ ચોથ વગેરેમાં ઉપવાસનું વ્રત રાખે છે. ત્રણ સિનિયર યુગલોના ઘરમાં ઘરમાં અને બે યુવા યુગલોનાં ઘરમાં પ્રાર્થનાઓ, ગાયત્રી અને હનુમાન ચાલીસા, મૃત્યુંજયમંત્ર, વિષ્ણુસહસ્રનામ, ગીતા, મોરારિ

બાપુની રામાયણની સીડી વગેરેના પૂરા 'સેટ્સ' વસાવેલા જોવા મળ્યા છે. ત્રણેક વડીલોવાળા ઘરોમાં સવારમાં આ પ્રકારની પ્રાર્થના, કથા, વાર્તા સાંભળવા મળી હતી.

કેટલાંક યુગલો સત્યનારાયણની કથા, વાસ્તુ-વિધિ, રાંદલ, મહાલક્ષ્મીપૂજન વગેરે પણ પોતાની અનુકૂળતા પ્રમાણે કરે છે. ટૂંકમાં સમૃદ્ધ રાષ્ટ્ર એવા અમેરિકામાં રહેતા ભારતીય નિવાસીઓમાંથી ઘણાખરાએ અમેરિકાનું નાગરિકત્વ લઈ લીધું છે, છતાં ભારતીય આચાર-વિચાર, આસ્થા, વગેરે તેઓમાં ભારોભાર જોવા મળ્યા છે. તેઓ નિયમિત રીતે 'સંદેશ', 'ગુજરાત સમાચાર' વગેરે વાંચે છે પણ ગુજરાતની સામાજિક ઘટનાઓ-ખાસ કરીને સ્ત્રી ભ્રૂણહત્યા અને 'બેટી બચાવો' અંગે ભાગ્યે જ જાગૃત છે. અલબત્ત તેઓને જાણકારી છે.

જે કાંઈ પરિવર્તન આવ્યું છે એ બાહ્ય પરિવેશ, રહેણીકરણી, નવા વાતાવરણ માટે જરૂરી ભાષા અને શિસ્તપાલન, કામના સ્થળે અને સમયે પૂરી નિયમિતતા અને પ્રમાણિકતા વગેરેમાં ફરક છે, અલબત્ત એ સમયનો તકાદો જણાય છે. પણ તેથી આ યુગલો અને તેમનાં કુટુંબીજનો આર્થિક સમૃદ્ધિ મેળવી શક્યાં છે. એ સાથે મૂળ સંસ્કૃતિ અને સાંસ્કૃતિક ઘરેડને જાળવવાની ઘેલછામાં વતનના સ્થળે પણ જે પરંપરાઓમાં પરિવર્તન માટે પ્રયત્નો થઈ રહ્યા છે એ પરંપરાઓને અમેરિકાના નવવસાહતી ભારતીયો તેના મૂળ સ્વરૂપે જ ટકાવી રહ્યા છે. દા.ત. ભારતમાં અને ગુજરાતમાં 'બેટી બચાવો'ની વાત દીકરીના જન્મને મહત્ત્વ આપવા માટે છે તે બાબત આ શિક્ષિતો સમૃદ્ધ દેશમાં જઈને પણ ભાગ્યે જ સમજી શક્યાં છે તેમ જ ખોટા વિધિ-વિધાનમાં ન પડી 'માનવધર્મ'ની વાતનો પ્રચાર ધીરે ધીરે વધવા લાગ્યો છે ત્યારે અમેરિકા જેવા દેશોમાં રજાના દિવસોમાં મંદિરો હિંદુસ્તાનીઓથી ઉભરાવા લાગ્યાં છે.

**તારણોઃ**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રત્યેક કેસ પાસેથી અનૌપચારિક રીતે મેળવેલી અને ચર્ચાને અંતે ફલિત થતા મુદ્દાઓ નીચે પ્રમાણે છેઃ

- અભ્યાસમાં સમાવિષ્ટ તમામ નિવૃત્ત વયના બાળકોવાળાં, બાળકોના જન્મ માટે આયોજન કરી રહેલાં યુગલો, તેમ જ એકાકી સ્ત્રી પણ દીકરીના જન્મ કરતાં દીકરાના જન્મને મહત્ત્વ આપે છે.
- કેટલાંક યુગલોને જણાય છે કે 'દીકરો હોય તો ઘરમાં કે કુટુંબમાં માન વધી જાય છે.' અલબત્ત જેઓને દીકરીઓ છે તેઓ તેના ઉછેરમાં શિક્ષણમાં અને વિકાસમાં કાળજી લે છે.
- એક યુગલને છોડીને તમામ યુગલો ધાર્મિક-સામાજિક વિધિ-વિધાનોમાં દઢ માન્યતા ધરાવે છે અને સમયની અનુકૂળતાએ વિધિ-વિધાન, વ્રત, ઉપવાસ કરતાં રહે છે.
- સામાજિક રીતરિવાજો અને ચાલી આવતી માન્યતાઓ પાછળનું બૌદ્ધિક કારણ જોયા-જાણ્યા વગર તેનું પાલન થતું હોવાનું જોવા મળ્યું છે.
- યુવાન ઉચ્ચ શિક્ષિત નવવસાહતીઓ અમેરિકામાં શિક્ષણ લેવામાં, વ્યવસાય મેળવવામાં અને સ્થાયી થવામાં ખૂબ ઝડપી રહ્યા છે. આથી લગ્ન પછી બાળક-પુત્ર પ્રાપ્તિના ધ્યેયમાં પણ ઝડપી અને પોતાની ધારણા મુજબ સફળ થશે તેવું ઘણે અંશે માનવા લાગ્યા છે.

અંતે કહી શકાય કે અમેરિકામાં સ્થાયી થયેલા ઉચ્ચ શિક્ષિત ભારતીય કે ગુજરાતી તેઓના વ્યાવસાયિક જ્ઞાનને લીધે ઘણા સફળ થયા છે. વળી, અમેરિકા જેવા વિકસિત દેશમાં જઈને તેઓએ ત્યાંની શિસ્ત, સ્વચ્છતા અને પ્રમાણિકતાને ઘણે અંશે સ્વીકારી છે પરંતુ એ સાથે પોતાના વતનની સંસ્કૃતિને જાળવવા-બચાવવાના ભાગરૂપે પરંપરાગત વિધિવિધાન, આચાર, ધર્મ કે તેની માન્યતાના વળગણને છોડી શક્યાં નથી કે એ અંગે જરૂરી મૂલ્યાંકન દૃષ્ટિ કેળવી શક્યા નથી. પરિણામે એક ભારતીય જૂથ તરીકે તેઓ વિદેશમાં-અમેરિકામાં ટકી શક્યા છે ખરા પણ ભારતમાં જેમ પારસી લોકો હળીભળી ગયા છતાં પોતાની અલગ સંસ્કૃતિની ઓળખ ટકાવી શક્યા છે તે રીતે આ ભારતીય વસાહતીઓ એ સમાજ સાથે પૂરેપૂરા

ભળી જઈને જુનવાણી રીતરિવાજો ટકાવવાના સાચા-ખોટા ઉત્સવમાં ભારતીય સંસ્કૃતિની સાચી ઓળખ વિકસાવી શક્યા નથી. અલબત્ત લાંબા ગાળે આ પ્રક્રિયા પણ સંભવી શકે છે.

•

**નોંધ :**

(૧) પ્રસ્તુત લેખ તા. ૨૭/૨૮ સપ્ટેમ્બર-૨૦૦૮ના રોજ વસો ખાતે યોજાયેલા ગુજરાત સમાજશાસ્ત્ર મંડળના ૧૬મા અધિવેશનમાં રજૂ થયો હતો.

(૨) અમેરિકામાં વસતા ભારતીય લોકો ત્યાંના અન્ય ભારતીયોને 'દેશી' કહે છે.

**સંદર્ભ**


(i) The New Encylopaedia Britanica: Volume-4, Micropaedia Ready Reference.

(ii) Sharma, S L : (Guest Editor) : 1989 Sociological Bulletin : Journal of the Indian Sociological Society : Special Number on Indians Abroad Vol. 38, No.-1

(iii) ગાંધી, મો.ક. (૧૯૨૭), (પુનર્મુદ્રણ : ૨૦૦૫) સત્યના પ્રયોગો અથવા આત્મકથા : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ

(iv) શેઠ, પ્રવીણ ન. (૨૦૦૪), અમેરિકામાં વસતા ભારતીયો (ઓળખની ખોજ, વિકાસની દોડ) ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

(v) શેઠ, પ્રવીણ ન., દવે, જગદીશ (૨૦૦૭), બ્રિટનમાં ગુજરાતીઓ: ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

# ગરાસિયા આદિજાતિમાં જીવનચક્ર

—ડૉ. ગિરધરલાલ ટી. પટેલ*

ગુજરાતમાં ગરાસિયા આદિજાતિ જાતિની વસ્તી સાબરકાંઠા જિલ્લામાં વધુ જોવા મળે છે. ગરાસિયા જાતિનો ઇતિહાસ ૧૩મી સદીથી જોવા મળે છે.

ગરાસિયાઓના ઇતિહાસમાં ઈ.સ. ૧૯૩૪ પછીનો સમય મહત્ત્વનો ગણાય છે. આ સમયમાં શ્રી ગરાસિયા પંચની સ્થાપના થઈ. ઈ.સ. ૧૯૪૦-૪૧ના સમયમાં પોશીના વિસ્તાર સિવાયના ગરાસિયાઓનું પંચ રજિસ્ટર થયું. ઈ.સ. ૧૯૫૬થી અનુસૂચિત જનજાતિની યાદીમાં આંતરસુબા-વિજયનગરના સોખલા ગરાસિયાઓ અને શામળાજી વિસ્તારના ગરાસિયાઓનો ડુંગરી ગરાસિયા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ જ્યારે રાજસ્થાનની વિવિધ ગરાસિયા જાતિઓનો 'ગરાસિયા'ના શીર્ષક હેઠળ એક અલગ આદિવાસી જાતિ તરીકે ઉલ્લેખ થયો છે.

સંસ્કૃત શબ્દ ગ્રાસ પરથી ગિરાસ. ગિરાસ શબ્દ પરથી સમય જતા ગરાસિયા શબ્દ ઉતરી આવ્યો છે. આ શબ્દ અલગ અલગ વપરાય છે. તેનો નિર્દેશ રાસમાળા ગેઝેટીઅરમાં અને ભગવદગોમંડલમાં કરવામાં આવેલ છે. આદિવાસી જાતિમાં ગરાસિયા જાતિને ધ્યાનમાં રાખી અલગ અલગ પરંતુ એક જ અર્થ ધરાવતી લોક કહેવતો જોવા મળે છે. જેવી કે ગરાસ વગરનો કોઈ ગરાસિયો હોય? (ગરાહ વનાન્ કઈ ગરાહજ્જો અહે?) ગરાસ ન હોય તો ગરાસિયો શાનો? (ગરાહ નિ હેત ગરાહજ્જો હિનો?), ગરાસિયો હશે તો તેનો ગરાસ હશ (ગરાહજ્જો અહેંત ગરાહ અહે.).

આમ, ગરાસિયા માટે જે 'ગરાહ' (ગિરાસ) જમીનની માલિકીના અર્થમાં હશે કારણ કે ગરાસિયા સમાજમાં જમીન ધરાવવી અનિવાર્ય ગણાતી હતી. જો ગરાસિયા પાસે જમીન ન હોય તો તે ગરાસિયા સમાજનું સભ્યપદ ગુમાવતો હતો. ગુજરાતમાં 'ગરાસિયા' જૂથ શબ્દમાં ત્રણ જાતિઓનો સમાવેશ થાય છે. તેમાં સ્તરરચના પણ સ્પષ્ટ દેખાય છે. તેમાં ઉપલા ક્રમે સોકલા ગરાસિયા, બીજા ક્રમે ડુંગરી ગરાસિયા અને ત્રીજા ક્રમે ભીલ ગરાસિયા આવે છે. સોકલા ગરાસિયાઓ ડુંગરી ગરાસિયાઓનું અને ભીલ ગરાસિયોનું રાંધેલું ખાતા નથી અને પોતાને બંને જાતિ કરતા ઉચ્ચ માને છે. તેમ જ ડુંગરી ગરાસિયાઓ ભીલ ગરાસિયાઓનું રાંધેલું ખાતા નથી. તેઓ ભીલ ગરાસિયાઓ કરતાં ઊંચા માને છે. સોકલા ગરાસિયાઓ પોતાને અસલ ગરાસિયા કે રાજપૂત તરીકે ઓળખાવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના એકત્રીકરણ માટે મુલાકાત અનુસૂચિ, સહભાગી અવલોકન, નિરીક્ષણ પ્રયુક્તિઓ અને ગ્રંથાલયનો ઉપયોગ કરાયો છે. આ અભ્યાસમાં ક્ષેત્ર તરીકે સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાને ધ્યાનમાં રાખેલો છે અને નિદર્શ તરીકે ૨૦૦ ઉત્તરદાતાને સાદા યદચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા પસંદ કરેલ છે.

ગરાસિયા જાતિ એ અરવલ્લીની ગિરમાળાના નાના-મોટા ડુંગરો અને જંગલોમાં વસવાટ કરતી જાતિ છે. આ જાતિનું સામાજિક, આર્થિક અને ધાર્મિક જીવન તાણાવાણાની જેમ ગૂંથાયેલું જોવા મળે છે. આ જાતિના સામાજિક રીતરિવાજો કે ધાર્મિક જીવન વ્યવહારો આર્થિક જીવનની આસપાસ ગોઠવાયેલાં છે. આ જાતિમાં જોવા મળતા સ્ત્રીનું રજસ્વલા થવું, ગર્ભધારણ, બાળજન્મ, બાળપણ, યુવાવસ્થા, લગ્ન, મૃત્યુ, મૃત્યુ બાદના રિવાજો વગેરે પરંપરાગત સમયથી એટલે કે પેઢી દર પેઢી ચાલ્યા આવે છે. અલગ અલગ ભૌગોલિક વિસ્તારોમાં વસવાટ કરતા ગરાસિયાઓના રીતરિવાજોમાં થોડા ઘણા અંશે ફરક દેખાય છે. પણ એક જ વિસ્તારમાં વસવાટ કરતા ગરાસિયાઓના રિવાજોમાં બહુ ફરક પડતો નથી.

**૧. રજસ્વલા સ્ત્રીઃ**

ગરાસિયા જાતિમાં જ્યારે સ્ત્રી રજસ્વલા હોય છે ત્યારે તેને અપવિત્ર ગણવામાં આવે છે. તેથી આ સમય દરમિયાન તે સ્ત્રીને ચોક્કસ પ્રકારના કેટલાક આચારો પાળવા પડતા હોય છે. જેવા કે રજસ્વલા સ્ત્રી રસોડામાં

* સમાજશાસ્ત્ર અને સમાજમાનવશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

રાંધવાની જગ્યાએ જઈ શકતી નથી. અનાજની કોઠીઓમાંથી અનાજ કાઢતી નથી, દેવદેવીના સ્થાનકની જગ્યાએ કે કોઈ ધાર્મિક વિધિઓમાં ભાગ લઈ શકતી નથી. રજસ્વલા સ્ત્રી જ્યાં સુધી માથું ધોઈ સ્નાન કરીને પવિત્ર ન થાય તેટલા દિવસ એ રાંધવાનું, અનાજ દળવાનું, પાણિયારા પર પાણી ભરવાનું, ધાર્મિક વિધિનું કામ કરતી નથી. પરંતુ ઘરમાં સાફ-સફાઈ કરી શકે છે. વાસણ માંજવા, કપડા ધોવા, પશુની કોઢમાં કે વાડામાં જઈ છાણ-વાસીદું, ખેતીનાં કામો, ઢોર ચરાવવી જવું, ઢોરને પાણી કે ત્રાસ આપવું, જંગલમાંથી લાકડાં કે જંગલી ખાદ્ય સામગ્રી એકઠી કરવાનું વગેરે કામો કરી શકે છે. રજસ્વલા સ્ત્રી માસિક આવ્યા પછીના ત્રીજા દિવસે અથવા કેટલાંક કુટુંબોમાં સ્ત્રી માલિક આવ્યાના પાંચમા દિવસે માથું ધોઈ સ્નાન કરી પવિત્ર થાય છે અને ત્યાર બાદ ઘરનાં તમામ કામો કરી શકે છે.

સ્ત્રી રજસ્વલા હોય ત્યારે જાતીય સંબંધ બાંધવામાં આવતો નથી. કારણ એ છે કે રજસ્વલા સ્ત્રીને અપવિત્ર માને છે. તેની સાથે આભડછેટનો સંબંધ રાખવામાં આવે છે. ગરાસિયા જાતિમાં પુત્રી જ્યારે માસિક ધર્મમાં આવતી થાય છે ત્યારે તે પુત્રી પુખ્ત થઈ છે તેમ માનવામાં આવે છે. પુત્રી જ્યારે પ્રથમ વખત રજસ્વલા બને છે ત્યારે તેને તેની બહેનપણીઓ અને ભાભી તરફથી માર્ગદર્શન મળે છે. આ જાતિમાં પુત્રી પુખ્ત બન્યા પહેલાં લગ્ન થતાં નથી.

વર્તમાન સમયમાં પણ રજસ્વલા સ્ત્રી પ્રત્યે રખાતા નિષેધો કે ચોક્કસ પ્રકારના આચારો વિશે બહુ મોટા ફેરફાર જોવા મળતા નથી.

**૨. ગર્ભાધાન (ગર્ભધારણ):**

ગરાસિયા પુખ્ત સ્ત્રી લગભગ દર અઠ્ઠાવીસ દિવસે રજસ્વલા બને છે. આવી પુખ્ત સ્ત્રીનું નિયમિત આવતું માસિક જ્યારે બંધ થાય એટલે તે સ્ત્રી ગર્ભવતી બની છે એમ માનવામાં આવે છે. ગર્ભવતી બનવાનું કારણ પુરુષ સાથેના જાતીય સંબંધ હોય છે તે અંગેનું જ્ઞાન બધા જ પરિણિત ગરાસિયા સ્ત્રી-પુરુષોમાં જોવા મળે છે. ગર્ભવતી સ્ત્રી પોતે અને કુટુંબના સભ્યો ગર્ભાવસ્થાને આનંદ અને ગૌરવપૂર્ણ પ્રસંગ ગણે છે. પરંતુ લગ્ન બાદ અમુક વર્ષો સુધી જો તે સ્ત્રી સગર્ભા ન બને તો ભગત-ભૂવા કે બડવા પાસે જઈ માનતા-બાધા રાખવામાં આવે છે. તેમ જ આ ભગત-ભૂવા પાસે જંગલની જડીબુટ્ટીઓની દવા કરાવવામાં આવે છે. તેમ છતાં સ્ત્રી સગર્ભા ન બને તો ગરાસિયા પુરુષ બીજું લગ્ન કરે છે. આ જાતિમાં સ્ત્રીને ગર્ભ રહ્યા પછી કસુવાવડ થતી હોય અથવા તો જન્મ્યા બાદ તરત બાળક મરી જતું હોય ત્યારે પણ ભગત-ભૂવા પાસે જઈ દાણા જોવડાવે છે અને ભગત-ભૂવા જે બાધા આપે તે બાધા રાખે છે. આ બાધાની સમયમર્યાદામાં સ્ત્રીને ગર્ભ રહે અને જન્મ બાદ બાળક મૃત્યુ ન પામે તો આપેલી બાધા પૂરી કરે છે. આ બાધા પૂરી કરવામાં ખાસ તો દેવ-દેવીને મરઘી કે બકરાની બલી ચડાવવામાં આવે છે. ગરાસિયા જાતિમાં ગર્ભ રહ્યા બાદ સ્ત્રી ધાર્મિક વિધિઓમાં ભાગ લઈ શકતી નથી. તેમ જ કોઈ વ્યક્તિનું મૃત્યુ થવાની તૈયારી હોય કે મૃત્યુ થયું હોય ત્યાં પણ સગર્ભા સ્ત્રીને જવાનો નિષેધ હોય છે. તેનું કારણ એ છે કે મૃતદેહનો આત્મા ગર્ભવતી સ્ત્રીના શરીરમાં પેસી જઈ ગર્ભને ખલેલ ન પહોંચાડે. તેમ જ કોઈ સ્ત્રી બાળકને જન્મ આપતી હોય (સ્ત્રીને પ્રસવ થાય) ત્યારે પણ સગર્ભા સ્ત્રી હાજર રહી શકતી નથી. તેની પાછળ એવી માન્યતા છે કે સગર્ભા સ્ત્રી આવી જગ્યાએ હાજર રહે તો તેની પ્રસૂતિ સમયે વધુ દુઃખી થાય છે. સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ જોવાનો પણ નિષેધ છે. સગર્ભા સ્ત્રી આ જુએ તો બાળક અંધ જન્મે છે.

આ જાતિમાં સગર્ભ સ્ત્રી માટે ખોરાકમાં કોઈ ફેરફાર કરવામાં આવતો નથી. ઘરમાં કુટુંબના સભ્યો જે ખોરાક ખાતા હોય તે જ ખોરાક સામાન્ય રીતે સગર્ભા સ્ત્રી પ્રસૂતિ સુધી ખાય છે. સગર્ભા સ્ત્રીનું ઘરનું તેમજ ખેતીનું કામ પ્રસૂતિ સુધી કરતી જોવા મળે છે.

ગરાસિયા જાતિમાં સ્ત્રી લગ્ન બાદ પ્રથમ વખત ગર્ભવતી બને છે ત્યારે તેની પ્રથમ પ્રસૂતિ માટે તેને પોતાના પિયરમાં (મા-બાપના ઘેર) તેડી જવામાં આવે છે. ગર્ભવતી થયા પછીનાં પાંચમાં માસે તો કેટલાક સાતમા માસે પિયર પક્ષેથી તેને તેડવા માટે આવે છે. આ વિધિને ગરાસિયા જાતિમાં 'ખોળો ભરવો'ની વિધિ તરીકે ઓળખાય છે. મોટે ભાગે આ વિધિ કુટુંબની સ્ત્રીઓ જ કરે છે. તેને આપણે સીમંત વિધિ તરીકે

ઓળખીએ છીએ. આ વિધિમાં સ્ત્રીના ખોળામાં ટોપરું, ગોળ અને અનાજ મૂકે છે અને ચાંદલા કરે છે.

આ જાતિમાં આજે પણ ગર્ભવતી સ્ત્રી માટે કેટલાક નિષેધો અને કેટલીક માન્યતાઓ જોવા મળે છે. આજે જે કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, નોકરી કરે છે, જે સ્ત્રીઓ બિન-આદિવાસી સ્ત્રીઓના સંપર્કમાં વધુ આવેલ છે તે સ્ત્રીઓમાં ગરાસિયામાં જોવા મળતી કેટલીક પરંપરાગત માન્યતાઓ અને નિષેધોમાં થોડા ઘણા અંશે પરિવર્તન દેખાય છે.

**૩. પ્રસવઃ**

ગરાસિયામાં પ્રસવને ‘હુવાવડ’ તરીકે ઓળખવામાં આવે છે. તેઓ માને છે કે ગર્ભધાન થયા બાદ જો પુત્ર હોય તો દશ મહિના અને પુત્રી હોય તો નવ મહિના ‘હુવાવડ’ને લાગે છે. ગરાસિયા સ્ત્રીની પ્રથમ પ્રસૂતિ તેના માતા-પિતાના ઘેર (પિયર) કરાવવામાં આવે છે. આર્થિક રીતે સુખી અને શિક્ષિત કુટુંબ પ્રસૂતિ દવાખાને ડૉક્ટર કે નર્સ પાસે  પણ કરાવતા થયા છે. આ જાતિમાં સ્ત્રીની પ્રસૂતિ ઘરે કરવામાં આવે ત્યારે જો વધારે રૂમ હોય તો અલાયદા રૂમમાં અથવા તો ઘર નાનું હોય તો રૂમના એકાદ ખૂણે અલાયદી જગ્યા ઉપર ખાટલો ઢાળવામાં આવે છે. પ્રસૂતિ કરાવનાર સ્ત્રી (દાયણ) અને કુટુંબની અનુભવી સ્ત્રીઓ હાજર રહે છે. પુરુષ હાજર રહી શકતો નથી. દાયણ પણ ગરાસિયા જાતિની જ અનુભવી અને જાણકાર સ્ત્રી હોય છે.

પ્રસૂતિની પીડા સગર્ભાને થતાં કુટુંબનો કોઈ પુરુષ કે કુટુંબની સ્ત્રી જઈને દાયણને બોલાવી લાવે છે. અને દાયણ આવી પ્રસૂતિ કરાવે છે. પ્રસૂતિ થયા બાદ દાયણ તે બાળકની નાડ તીર, દાતરડા, ચપ્પુ કે બ્લેક જેવા ધારદાર સાધનથી કાપે છે. બાળકની નાડને ઘરની પાછળની બાજુ કે પશુના વાડાના એકાદ ખૂણે દાટવામાં આવે છે. પ્રસૂતિ બાદ પ્રસૂતા સ્ત્રીના ખાટલા નીચે તીર, દાતરડું, તલવાર જેવું કોઈ એક સાધન મૂકવામાં આવે છે. તેની પાછળની માન્યતા એવી છે કે સ્ત્રીને ભૂત-ડાકણની બીક લાગતી નથી અને તે પ્રસૂતા સ્ત્રીની નજીક પણ આપવતું નથી. પ્રસૂતિ બાદ નાડ કાપી અલગ કરી દાયણ દ્વારા બાળકને નવડાવવામાં આવે છે. પછી દાયણને કપડાં, અનાજ કે પૈસાની ભેટ આપવામાં આવે છે. પ્રસૂતા સ્ત્રી એ સાત દિવસ સુધી અપવિત્ર ગણાય છે. તેથી તે કોઈને સ્પર્શ પણ કરી શકતી નથી. આ દિવસ દરમિયાન પ્રસૂતા ઘરનું કોઈ કામ કરતી નથી. જે રીતે રજસ્વલા સ્ત્રીએ કેટલાક નિષેધો પાળવા પડે છે તેવા જ નિષેધો પ્રસૂતાએ પણ પાળવા પડે છે.

બાળકના જન્મમાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી જેવું લાગે અથવા પ્રસૂતા વધુ દુઃખી થતી હોય અને પ્રસવ ન થતો હોય ત્યારે ભગત-ભૂવા કે બડવાને બોલાવી મંત્ર-તંત્ર કે દાણા જોવડાવવામાં આવે છે. તેમ જ જંગલની વનસ્પતિમાંથી બનાવેલ દવા પીવડાવીને ઉપચાર કરવામાં આવે છે. કેટલાંક કુટુંબો પ્રસૂતાની આવી સ્થિતિમાં ડૉક્ટરને પણ બોલાવે છે. ગરાસિયા જાતિમાં એવો રિવાજ છે કે જે સ્ત્રીનાં બાળકો પ્રસૂતિ બાદ તરત મૃત્યુ પામતા હોય તો તેના નિવારણ માટે બાળકને જન્મે તરત ફોઈને આપી દેવામાં આવે છે.

પ્રસૂતા સ્ત્રીને ખોરાકમાં પચે તેવો અને બાળકને માતાના ધાવણથી પેટમાં ચૂંક ન આવે તેવો ખોરાક આપવામાં આવે છે. ખાસ કરીને પ્રસૂતાને રાબ બનાવીને આપે છે. આ ઉપરાંત ખીચડી, મગની દાળ, ઘઉંની રોટલી પણ આપે છે. પ્રસૂતિ થયા બાદ સાત-આઠ દિવસ પછી મકાઈનો રોટલો ખાવા આપવામાં આવે છે.

આજે શિક્ષિત, આર્થિક રીતે સંપન્ન, કેટલાંક ગરાસિયા કુટુંબો સ્ત્રીના પ્રસવ સમયે દવાખાને લઈ જાય છે અથવા ડૉક્ટર કે નર્સને ઘરે બોલાવી પ્રસૂતિ કરાવે છે.

**૪. નામકરણવિધિઃ**

પ્રસૂતા સ્ત્રીના કુટુંબમાં સાત દિવસ સુધી સૂતક પાળવામાં આવે છે. સાત દિવસ સુધી સ્ત્રી ઘરમાં કોઈ ચીજવસ્તુને અડકતી નથી તેમ જ કોઈ કામ પણ કરતી નથી. સાતમા દિવસે નાહી માથું ધોઈ પવિત્ર બને છે. ત્યાર બાદ સૂતક પાળવામાં આવતું નથી અને પ્રસૂતા સ્ત્રી ઘરના સામાન્ય કામ કરે છે. તેની સાથે આભડછેટનો વ્યવહાર રાખવામાં આવતો નથી. સવા મહિના સુધી સ્ત્રીએ આવા નિષેધો પાળવા પડે છે. સવા મહિના પછી પ્રસૂતા સ્ત્રી માથું ધોઈ નાહીને પવિત્ર થાય છે ત્યાર બાદ તે કુળદેવીના સ્થાનકે જઈ દેવ-દેવીને પગે લાગે છે અને ત્યાર બાદ ઘરનાં તમામ કામો કરી શકે છે.

નામકરણ વિધિમાં પ્રસૂતા છઠ્ઠા તો કેટલાંક કુટુંબોમાં સાતમા દિવસે માથું ધોઈ નાહી પવિત્ર થાય છે. છાણ અને માટીથી ઘરને લીંપણ કરવામાં આવે છે. લીંપણ કરવા પાછળની એવી માન્યતા છે કે સાતમા દિવસે વિધાતા બાળકના લેખ લખવા માટે આવે છે. તેથી આંગણું ચોખ્ખું અને લીંપણથી પવિત્ર કરવું જોઈએ. સાતમા દિવસે બાળકનું નામ પાડવું પડે તેવી માન્યતા છે. આ દિવસે દાયણ બાળકને સ્નાન કરાવીને હાથે પગે કાળા દોરા બાંધે છે. આ કાળા દોરા બાંધવા પાછળનું કારણ એ છે કે બાળકને કોઈની નજર ન લાગે. આ દિવસે બાળકનું નામ પાડવામાં આવે છે ત્યારે કુટુંબની સ્ત્રીઓ, પડોશની સ્ત્રીઓ, ગામમાંથી સગાસંબંધીની સ્ત્રીઓ આવે છે. બાળકનું નામ પાડે ત્યારે મકાઈના દાણાની બાફેલી 'ઘુઘરી' ઘેર આવેલ સૌને વહેંચવામાં આવે છે.

નામ પાડવા અંગે એક બાબત એ પણ જાણવા મળી કે જે સ્ત્રીના બાળક પ્રસૂતિ બાદ એક બે માસમાં મરી જતા હોય તો તેવી સ્ત્રીના બાળકોના નામ પુત્રી હોય તો 'જીવલી', 'મરતી' અને પુત્ર હોય તો 'મરતો', 'જીવલો' જેવા નામ પણ પાડવામાં આવે છે.

કેટલાંક બાળકોના નામ જે વારના દિવસે તેનો જન્મ થયો હોય તે વારના નામ ઉપર પણ પુત્ર કે પુત્રીનું નામ પાડવામાં આવે છે. જો કે આજે નામ પાડવા અંગે થોડું પરિવર્તન દેખાય છે. આજે તેઓ રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ મેળવનાર વ્યક્તિઓના નામ ઉપરથી પણ પોતાના બાળકનું નામ રાખતા થયા છે.

બાળક માતાના ગર્ભમાં હોય છે ત્યારથી અને તેના જન્મ થયા બાદ દરેક સમાજમાં કોઈને કોઈ પ્રકારની વિધિઓ થતી જોવા મળે છે. તેમાં ખાસ કરીને સીમંત વિધિ, છઠ્ઠીની વિધિ, બાળકના રાશિ કઢાવવા, વર્ષગાંઠ ઉજવવી વગેરે ગરાસિયા જાતિમાં પણ કેટલીક વિધિઓ કરવામાં આવે છે તે અંગેની માહિતી નીચે પ્રમાણે જોઈએ.

અભ્યાસનાં કુટુંબોમાં સીમંત વિધિ કે જેને આ સમાજમાં ખોળો ભરવાની વિધિ તરીકે ઓળખાવે છે તે વિધિ ૯૮.૦૦ ટકા કુટુંબો કરતા જોવા મળે છે. જ્યારે ૨.૦૦ ટકા કુટુંબો આ વિધિ કરતાં નથી. બાળકના જન્મ બાદ છઠ્ઠીની વિધિ ૯૭.૦૦ ટકા કુટુંબો કરે છે અને ૩.૦૦ ટકા કુટુંબો આ વિધિ કરતાં નથી. બાળકના જન્મ બાદ ૨.૫૦ ટકા કુટુંબો બાળકનાં રાશિ કઢાવે છે અને ૯૭.૫૦ ટકા કુટુંબો બાળકની રાશિ કઢાવતાં નથી. બાળકના જન્મને એક વર્ષ પૂરું થાય ત્યારે ૭.૫૦ ટકા કુટુંબો બાળકની વર્ષગાંઠ ઉજવે છે અને ૯૨.૫૦ ટકા કુટુંબો વર્ષગાંઠ ઉજવતા નથી.

આમ, ગરાસિયા જાતિમાં મોટા ભાગનાં કુટુંબો સીમંત વિધિ અને છઠ્ઠીની વિધિ કરતા જોવા મળે છે. જ્યારે બાળકના જન્મ બાદ રાશિ કઢાવવા અને બાળક વર્ષનું થાય ત્યારે તેની વર્ષગાંઠ ઉજવતાં હોય એવાં કુટુંબોનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળે છે.

સીમંત વિધિ અને છઠ્ઠીની વિધિ એ પરંપરાગત વિધિઓ છે આ વિધિઓ આજે પણ આ સમાજમાં થાય છે. જ્યારે બાળકના જન્મ બાદ રાશિ કઢાવવા અને વર્ષગાંઠ ઉજવવા અંગે પરંપરાગત સમાજમાં આ બાબત જોવા મળતી નહિ. પરંતુ શિક્ષણમાં વધારો થતાં, સભ્ય સમાજનો સંપર્ક વધતાં, સંચાર વ્યવહાર માધ્યમનો ઉપયોગ વધતાં આજે ગરાસિયા જાતિમાં આ બંને બાબતોનું પ્રમાણ ધીમે ધીમે વધતું જાય છે.

**૫. બાળપણ, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થાઃ**

**બાળપણઃ**

બાળકના જન્મ પછી બાળકની માતા બાળકને છોડીને ક્યાંય જતી નથી. પરંતુ અમુક સમય માટે જંગલમાંથી લાકડાં લેવા, ઘાસ લેવા કે ખેતી કામ માટે ખેતરમાં જવાનું થાય ત્યારે તેનાથી મોટાં ભાઈ-બહેનોને સોંપીને જાય છે. મોટાં બાળકો તેના ભાઈ-બહેનને સાચવે છે. જો બાળકની માતા એક-બે દિવસ કે તેથી વધુ સમય માટે બહારગામ જવાનું હોય તો તે બાળકને તેની સાથે લઈ જાય છે. માતા કામે જાય ત્યારે નાના બાળકની સંભાળની જવાબદારી મોટા ભાઈ-બહેનની રહે છે. આમ બાળપણથી જ બાળકો તેની ઉંમર અને તાકાત પ્રમાણે કામ કરે છે. ૧૦-૧૧ વર્ષના બાળક છોકરો હોય કે છોકરી તે ઢોર ચરાવવાનું કાર્ય કરે એછે. અથવા જંગલમાંથી ઢોર માટે ઘાસ પણ લઈ આવે છે. આ ઉપરાંત જંગલમાંથી લાકડાં વીણવા જવાનું કે પછી લાકડાં લઈ નજીકના ગામમાં વેચવા જવાનું પણ કામ કરે છે.

થોડાં મોટાં બાળકો ખેતીકામમાં તેનાં કુટુંબીજનોને મદદ કરે છે. ખેતરમાં તૈયાર પાકના રક્ષણ માટે પક્ષીઓને ઉડાડવા ગોફણ જેવાં સાધનોનો ઉપયોગ કરે છે. તેર-ચૌદ વર્ષનો છોકરો તેના પિતા સાથે ખેતીકામની લગભગ મોટા ભાગની જવાબદારીઓ ઉપાડી લે છે. અને જો છોકરી હોય તો તેના માતાને ઘરકામ કે રસોઈમાં અને જરૂર પડે ખેતીમાં વાવણી, લણણીમાં કે નિંદામણમાં મદદરૂપ થાય છે. આવી રીતે બાળકોને પરંપરાગત કાર્યો દ્વારા તાલીમ મેળવતાં મેળવતાં મોટાં થતાં જાય છે.

ગરાસિયા જાતિમાં ધીમે ધીમે શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે. તેથી બાળકો ઉપરોક્ત કાર્યો ઉપરાંત શિક્ષણનું કાર્ય પણ સાથે સાથે કરતાં જોવા મળે છે. વર્તમાન સમયમાં મોટા ભાગનાં કુટુંબો બાળકોને શાળાએ મોકલતાં થયાં છે.

**યુવાવસ્થાઃ**

ગરાસિયા યુવક-યુવતી લગભગ ૨૮ વર્ષ પછી લગ્ન કરે છે. લગ્નની પસંદગીમાં તેમને સ્વતંત્રતા મળે છે. લગ્ન બાદ બાળકોને ઉછેરવાની, ભરણપોષણ વગેરેની જવાબદારી પતિ-પત્ની સાથે મળી પૂરી કરે છે. મોટા ભાગે યુવક લગ્ન કરી અલગ ઘર બનાવી રહે છે અને પોતાની જાતે જ પોતાના કુટુંબની આર્થિક જવાબદારી ઉપાડી લે છે. તેથી માતા-પિતાએ યુવાન છોકરા પ્રત્યે કોઈ વિશેષ આર્થિક ફરજો કે જવાબદારીઓ રહેતી નથી. જો યુવાને ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હોય તો તે નોકરી કરવાનું પસંદ કરે છે. ઓછું ભણેલા કે અભણ યુવાનો ખેતીનું કાર્ય કરે છે. ભણેલ વ્યક્તિને નોકરી ન મળે તો તે ખેતીના કામમાં જોડાઈ જાય છે. યુવાન સ્ત્રીઓ ઘરનું તમામ કામ કરે છે. સાથેસાથે પશુ સાચવવાનું અને ખેતીમાં વાવણી, લણણી કે નિંદામણના કામમાં સહકાર આપે છે.

**વૃદ્ધાવસ્થાઃ**

ગરાસિયા સ્ત્રી-પુરુષો કુદરત આધિન જીવન જીવતા હોવાને કારણે સામાન્ય રીતે તેઓ તંદુરસ્ત હોય છે. વૃદ્ધાવસ્થામાં પણ પોતાનાથી થાય તેટલું કોઈને કોઈ પ્રકારનું આર્થિક ઉપાર્જનનું કામ કર્યા કરે છે. વૃદ્ધ સ્ત્રી પોતાની પુત્રવધૂ કે પૌત્રવધૂને ઘરકામમાં મદદ કરે છે. નાના બાળકોને સાચવવાનું કામ પણ વૃદ્ધ સ્ત્રી કરે છે. કુટુંબના બધા જ સભ્યો ખેતીના કામે ગયા હોય ત્યારે ઘર સાચવવાનું કામ પણ કરે છે. તેમજ ખેતીના પાકો સાચવવાનું ખેતરમાં કાર્ય કરે છે. પુત્ર-પૌત્ર તેમ જ પુત્રવધૂ કે પૌત્રવધૂઓ વૃદ્ધોની છેલ્લી ઘડી સુધી સેવા-ચાકરી કરે છે. આ જાતિના વૃદ્ધો કોઈ વૃદ્ધાવસ્થામાં ગયા હોય એવું સાંભળ્યું નથી. તેમ જ આ જાતિમાં તો વૃદ્ધાશ્રમની વાત જ નવાઈ પમાડે એવી લાગે છે. આ જાતિમાં વૃદ્ધોનું જીવન સ્વમાનભર્યું અને પુત્ર માટે આદર્શરૂપ હોય છે.

ઉપર પ્રમાણે ગરાસિયા સમાજમાં પુનર્લગ્ન થાય છે. પુનર્લગગ્ન થયા બાદ પણ તે કાયમી નથી. પુનર્લગ્ન કરેલ પતિ-પત્નીને એકબીજા સાથે ન ફાવે અથવા છૂટાછેડામાં જે કારણો બતાવ્યા હોય તેવા કોઈ કારણને લઈ છૂટાછેડા લઈ શકે છે. આમ લગ્ન જીવનનાં કાયમી કોઈ બંધન નથી. સ્ત્રી-પુરુષ બંને સ્વતંત્ર છે.

પરંપરાગત ગરાસિયા સમાજમાં લગ્નની સામાજિક, આર્થિક અને કંઈક અંશે ધાર્મિક અનિવાર્યતા સ્વીકારાયેલી છે. દરેક વ્યક્તિએ પોતાની જાતીય જીવન અંગેની ઈચ્છાઓ પૂરી કરવા વંશવૃદ્ધિ જાળવવા તેમ જ આ જાતિ મુખ્યત્વે ખેતી કરનારી જંગલ વિસ્તારમાં વસવાટ કરનારી અને સતત પરિશ્રમ કરનારી છે તેથી ખેતીનાં કાર્યોમાં પત્ની અને સંતાનો ખેતીમાં મદદ કરનાર નજીકના સગાં છે. પરિણામે પત્ની અને સંતાન પ્રાપ્તિ લગ્ન દ્વારા જ થાય છે. આમ ગરાસિયા જાતિમાં 'લગ્ન' એ જાતીય ઈચ્છાની પરિતૃપ્તિ, સંતાન પ્રાપ્તિ અને વંશવૃદ્ધિ તેમ જ જીવનમાં આર્થિક સહકાર મેળવવાના વિવિધ ઉદ્દેશોવાળી આ સંસ્થા જોવા મળે છે. તેમાં પણ કોઈ કારણો કે સમસ્યાઓ ઊભી થતાં સ્ત્રી અને પુરુષ પોતાના લગ્ન સંબંધો તોડી શકે અને પુનઃ જોડી પણ શકે છે.

લગ્નના દરજ્જામાં પરણિત યુગલો, વિધુર, વિધવા, છૂટાછેડા અંગેની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**૬. મૃત્યુના રિવાજો અને વિધિઓઃ**

ગરાસિયા જાતિમાં વ્યક્તિ ખૂબ જ બીમાર હોય કે મરણ પથારીએ હોય ત્યારે સગાંવહાલાં અને ગામના વ્યક્તિઓને ખબર પૂછવા માટે આવે છે. આ જાતિમાં વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે તેની અંતિ વિધિ કેટલાક ગરાસિયા કુટુંબો દફનાવીને કરે છે. પરંતુ મોટા ભાગનાં

ગરાસિયા કુટુંબો મૃતકની અંતિમવિધિ અગ્નિસંસ્કાર દ્વારા કરે છે. અભ્યાસનાં ગામોમાં મૃતકની અંતિમવિધિ અગ્નિસંસ્કાર દ્વારા કરવામાં આવે છે.

આ જાતિમાં કોઈ પણ વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે તેને સૌ પ્રથમ ખાટલામાંથી ઊતારી જમીન ઉપર સુવડાવવામાં આવે છે અને ત્યારબાદ નક્કી કરેલ વ્યક્તિ સમગ્ર ગામમાં સાદ પાડે છે. 'ગોમમાય મોનવી ખુટું હે આવી દેજો' (ગામમાં વ્યક્તિનું મૃત્યુ થયું છે, આવી જજો) આ સાદ સાંભળી ગામ લોકો આવે છે તેમ જ કુટુંબમાં વ્યક્તિનું મૃત્યુ થતાં સંબંધીઓનો રડવાનો અવાજ સાંભળી તરત જ નજીકના ઘરોમાંના લોકો પહોંચી જાય છે. મૃત્યુ પામનાર વ્યક્તિના મૃતદેહ ઉપરથી દાગીના હોય તો તે ઉતારી લેવામાં આવે છે.

શબને સ્નાન કરાવ્યા બાદ નવાં કપડાં પહેરાવવામાં આવે છે. નનામી ઉપર મૃતદેહને પુરુષ હોય તો સફેદ ધોતિયું અને સ્ત્રી હોય તો સાડલો ઓઢાડવામાં આવે છે. મરનાર પરણિત સ્ત્રી હોય તો પિયર પક્ષના કોઈ પણ માણસને આવા સમયે અવશ્ય હાજર રાખવું પડે છે. તેનું કારણ એ હોય છે કે પિયર પક્ષનું માણસ હાજર ન હોય અને મૃતકની સંસ્કાર વિધિ કરી નાખવામાં આવે તો સ્ત્રીના મૃત્યુને શંકાની દૃષ્ટિએ જોવામાં આવે છે. પરિણામે મોટો ઝઘડો થવાનો સંભવ રહે છે.

મૃતદેહને સ્મશાન લઈ જવા માટે વાંસનાં લાકડાંમાંથી કાટી (ઠાઠડી, નનામી) બનાવવામાં આવે છે. મૃતદેહને નનામી ઉપર લઈ જતી વખતે સ્માશાનયાત્રામાં ગામનાં પુરુષો અને કુટુંબીજનો સાથે જાય છે અને લઈ જતા રસ્તામાં ચાલતા-ચાલતા જોડાયેલ સર્વે 'રામ બોલો ભાઈ રામ' બોલતા બોલતા તેને સ્મશાને પહોંચાડે છે. સ્મશાનયાત્રામાં જોડાયેલ સર્વે પોતાના ઘરેથી એકાદ લાકડાંનો ટુકડો મૃતદેહને અગ્નિદાહ દેવા માટે લેતા આવે છે. સ્મશાનયાત્રા સાથે એક માટલીમાં સળગતું છાણું લઈ જાય છે તે અગ્નિ દ્વારા ચિતાને અગ્નિદાહ આપવામાં આવે છે. આ સાથે ઘી અને શ્રીફળ પણ લઈ જાય છે. મૃતદેહને સ્મશાનઘર લઈ જવામાં આવે ત્યારે સ્ત્રીઓ સાથે જતી નથી પરંતુ ઘરેથી થોડે દૂર ગયા પછી પાછી વળે છે. વ્યક્તિ મરી જાય છે ત્યારે તેના નજીકના સંબંધીઓ મોટેથી રડે છે અને છાતી અને માથું કૂટે છે. મૃતદેહને લઈ જતી વખતે રસ્તામાં મકાઈના દાણા મૃતાત્માની તૃપ્તિ માટે વેરે છે. જેએથી જીવ અવગતિએ ન જાય અને ઘરમાં પાછો ન આવે તેવી માન્યતા ધરાવે છે. સ્મશાને લઈ જતી વખતે ઘરથી નીકળ્યા બાદ થોડે દૂર જઈ નનામી નીચે મૂકવામાં આવે છે ત્યાં થાકલીની વિધિ કરવામાં આવે છે. ઘરમાં જે જગ્યાએ ખાટલામાંથી નીચે ઊતારી મૃતદેહને જમીન પર મૂકવામાં આવ્યો હોય તે જગ્યાને ગાયના છાણ-મૂત્રથી લીંપણ કરવામાં આવે છે.

સ્મશાનઘાટે પહોંચ્યા બાદ મરનારનો મોટો પુત્ર, ભાઈ કે અન્ય કુટુંબીજન મૃતદેહનું મોઢું ધોવે છે અથવા સ્મશાનઘાટ પાસે નદી કે ઝરણું હોય તો કેટલીક જગ્યાએ મૃતદેહને નવડાવવામાં આવે છે. ત્યાર બાદ મુખમાં ચાંદી કે પૈસો મૂકે છે અને મૃતદેહને ચિતા ઉપર મૂકવામાં આવે છે. અગ્નિદાહ દેતાં પહેલાં મૃતકના મોઢા ઉપરનું કપડું ખુલ્લું કરી બધા લોકો વારાફરતી પગે લાગી શ્રદ્ધાંજલિ આપે છે. ચિતા ઉપર મૂકતી વખતે મૃતદેહનું ઉત્તર દિશામાં માથું રહે અને પગ દક્ષિણ દિશા તરફ રહે તે પ્રમાણે સૂવડાવવામાં આવે છે.

મૃતદેહને સ્મશાનમાં લાવતી વખતે મૃત વ્યક્તિનો પુત્ર, ભાઈ કે સ્વજન ઘરમાંથી સળગતું છાણું લઈ માટીની હાંડલી કે એવા કોઈ વાસણમાં લઈને વાસણને દોરી વડે બાંધી હાથમાં લટકતું રાખીને સ્મશાન યાત્રા આગળ-આગળ ચાલે છે. મૃતદેહને ચિતા ઉપર ગોઠવ્યા બાદ ચિતા ફરતે બે આંટા ફર્યા પછી તે ચિતાને અગ્નિદાહ આપે છે એન અગ્નિદાહ આપ્યા પછી મૃતદેહની છાતી ઉપર ઘી નાખવામાં આવે છે.

અગ્નિસંસ્કાર વિધિ પૂરી થયા બાદ સ્મશાનમાં ગયેલ લોકો નદી, તળાવ કે કૂવા ઉપર સ્નાન કરી મૃત્યુ પામનારના ઘરેથી થોડી દૂર ગામજનો મળીને બેસણાનો દિવસ નક્કી કરે છે અને મૃતકનાં સગાંસંબંધીઓને મરણનો સંદેશો મોકલવા માટે બે-બેના જૂથ પ્રમાણે જુદા જુદા ગામે માણસોને મોકલવામાં આવે છે. તેને ગરાસિયાઓ 'કપાડીયા' કહે છે.

સ્ત્રીઓ નદીએ નાહી આવીને મરનારનાં પગલાં જોવાની વિધિ કરે છે. આ વિધિ માટે ગામની વૃદ્ધ

સ્ત્રીઓ ઘરમાંથી લોટ લઈ ઘરના એક ખૂણામાં જમીન ઉપર પાથરી થાળી ઘસીને સરખો કરી સપાટ કરે છે અને પછી આ લોટને ટોપલી વડે ઢાંકી દેવામાં આવે છે. બાજુમાં પાણીનો લોટો અને દાતણ મૂકવામાં આવે છે. બીજે દિવસે સવારે ઉઠીને ટોપલી લઈ લોટ ઉપર જોવામાં આવે છે. મરનાર માણસ જે યોનિમાં ફરીને જન્મ લે તેનાં નાનાં-નાનાં પગલાં આ લોટ પર પડે છે એમ માનવામાં આવે છે. જેમકે મૃતકના આત્માને મનુષ્યનો અવતાર મળ્યો હોય તો પશુ કે પક્ષીના પગની નિશાનીઓ હોય છે. આ ગરાસિયાઓમાં પૂર્વજન્મ અંગેની માન્યતા જોવા મળે છે. તો કેટલાક એવું પણ માને છે કે આત્મા કોઈ પુનઃ જન્મ લેતો નથી પણ સ્વર્ગ કે યમલોકમાં જાય છે.

બેસણાનો દિવસ નક્કી થયા પ્રમાણે આજુબાજુનાં ગામનાં સગાંસંબધીઓ મૃતકના ઘરે લોકીકે આવે છે. બેસણાના દિવસે ઘર આગળ પાથરણું પાથરવામાં આવે છે. લોકીકે આવેલ દરેક માણસ આ પાથરણા ઉપર બેસે છે અને સ્ત્રીઓ ઘરમાં જાય છે. પુરુષો બેઠા હોય ત્યાં બીડીઓ પીવા માટે આપવામાં આવે છે.

ગરાસિયા સમાજમાં કુટુંબમાં મૃત્યુ થયાના પાંચમા દિવસે મરનારના નજીકના કુટુંબીજનોમાં પુરુષો માથાના વાળ, દાઢી અને મૂંછ ઊતરાવે છે. જ્યારે જે દૂરના પુરુષ કુટુંબીજનો માત્ર દાઢી અને મૂંછ ઊતરાવે છે. બારમું ન થાય કે શોક મૂકવામાં ન આવે ત્યાં સુધી મરનારના સ્વજનો ખાટલાનો ઉપયોગ સૂવા કે બેસવા માટે કરતા નથી. રાત્રે જમીન ઉપર જ સૂવે છે.

અવસાન પામેલ વ્યક્તિ પુરુષ હોય તો બારમે દિવસે અને સ્ત્રી હોય તો અગિયારમાં દિવસે કારજ કરવાનું નક્કી થાય છે. તેને ગરાસિયા જાતિમાં કાયટું કહેવામાં આવે છે. આ કાયટામાં સગાસંબંધીઓ અને ગ્રામજનોને ભોજન આપવામાં આવે છે. કાયટાનો ખર્ચ ચાર-પાંચ હજારથી માંડીને દસ-બાર હજાર જેટલો થતો હોય છે. આ ખર્ચ માટે નિયત કરેલ ફાળો ગામલોકોએ આપવો પડે છે. આ કાયટામાં દાળ-ભાતનું ભોજન આપવામાં આવતું હતું. જ્યારે અત્યારે તેની સાથે બુંદી મીઠાઈ તરીકે આપવામાં આવે છે. તો કેટલીક જગ્યાએ ઘઉંની લાપસી પણ આપે છે. આ કાયટાના દિવસે પ્રથમ ભોજન મૃતદેહને નનામીમાં ઊંચકી જનાર કાંધિયા, ભાણેજ અને નાના બાળકોને આપવામાં આવે છે. ત્યાર બાદ મોટાઓ ભોજન લે છે. બારમાની સમગ્ર વિધિ રાવલભીલ જાતિના પુરુષ દ્વારા થાય છે. આ વિધિ બદલ તેને રોકડી રકમ અને થોડું અનાજ આપવામાં આવે છે.

મૃત્યુ પામનાર દરેક વ્યક્તિના પાળિયા મૂકવામાં આવતા નથી પરંતુ જે વ્યક્તિ મોટી ઉંમરની હોય, કુટુંબ ગામ કે જાતિની આગેવાન હોય અને સારાં કામો કર્યાં હોય તેવી વ્યક્તિના પાળિયા મૂકાય છે. પાળિયો ગામ બહાર નક્કી કરેલ જગ્યાએ મૂકવામાં આવે છે. દોઢથી બે ફૂટ જેટલી ઊંચાઈના પથ્થર ઉપર ઘોડા પર હાથમાં તલવાર ઊંચી કરી પુરુષ સવારી કરતો હોય એવો પાળિયો બનાવવામાં આવે છે. આ પાળિયો મૂક્યા પછી તેના કુટુંબીજનો તહેવારે પાળિયા પાસે જઈ અગરબત્તી કરી નાળિયેર વધેરવામાં આવે છે.

•

## સંદર્ભ સૂચિ


૧. આચાર્ય, શાંતિભાઈ, **ગુજરાતી ભીલી વાતચીત,** અમદાવાદ, ગૂજરાત વિદ્યાપીઠ, ૧૯૭૮.

૨. ગઢવી, વી. એસ., **ગુજરાતી આદિવાસી સંસ્કૃતિ, સાબરકાંઠા જિલ્લો,** ગાંધીનગર, માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ૨૦૦૦.

૩. પટેલ, ભગવાનદાસ, **અરવલ્લી પહાડની અસ્થા,** તારામતી ભગવાનદાસ પટેલ, જામળા, હિંમતનગર, ૧૯૮૪

૪. મડિયા, કે. ડી., **પ્રેરણાદાયી ગરાસિયા આદિવાસી સંસ્કૃતિ,** ૩૬૪, કે. કે. નગર કો.ઓ.હા. સોસાયટી, ઘાટલોડિયા, અમદાવાદ, ૧૯૯૯.

૫. સોલંકી, સિદ્ધરાજ, **શામળાજીના ગરાસિયા,** ગુજરાત યુનિવર્સિટીનો પીએચ.ડી. મહાનિબંધ, અમદાવાદ, ૧૯૭૪.

૬. સોલંકી, સિદ્ધરાજ, **શામળાજીના ગરાસિયાઓ-અહેવાલ,** આદિવાસી તાલીમ અને સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, ૧૯૭૮.

# સામાજિક બહિષ્કાર અને સામાજિક સમાવેશ (Social Exclusion and Social Inclusion)

– મનુભાઈ એચ. મકવાણા*

ભારતીય સમાજ વ્યક્તિની સામાજિક ઓળખ સાથે જોડાયેલા અનેક પ્રકારના બહિષ્કારનાં લક્ષણો ધરાવતો સમાજ છે. આ બહિષ્કાર જ્ઞાતિ, વંશીયતા, લિંગ અને ધર્મને આધારે સામાજિક, રાજકીય અને આર્થિક પાસાંઓ સાથે ભારતીય સમાજમાં વ્યક્તિ, સમૂહ સાથે જોડાયેલો રહ્યો છે. બહિષ્કૃતની અનેક સમસ્યાઓ છે અને તેની ચર્ચા ઘણી વિસ્તૃત રીતે થાય છે. આ ચર્ચામાં ભારતીય સમાજનાં (પરંપરાગત અને વર્તમાન) લક્ષણો, સામાજિક રીતે પછાત, નિમ્ન ગણાતા એવા દલિત, અન્ય પછાત વર્ગો, ધાર્મિક લઘુમતીઓનો સમૂહ, સ્ત્રીઓ અને અન્ય બહિષ્કાર પામેલાં જૂથો દ્વારા વેઠવામાં આવતી સમસ્યાઓ અને તેના સંભવિત ઉકેલો ઇત્યાદિનો સમાવેશ થાય. આ બાબતે સમજવા 'સામાજિક બહિષ્કાર'ની સમજ મેળવવાની શરૂઆત કરવાની રહે.

**સામાજિક બહિષ્કારઃ અર્થ અને સ્વરૂપ (Social Exclusion: Meaning and Nature)**

સામાજિક બહિષ્કારનો ખ્યાલ બે અર્થમાં સમજવો જરૂરી બને છે. એક, સામાન્ય અર્થમાં અને બીજો, બજારનો ભેદભાવ-બહિષ્કાર (market discrimination). સામાન્ય અર્થમાં સામાજિક બહિષ્કારના ખ્યાલને સૌપ્રથમ ૧૯૭૦માં લીનોયર (Lenoir) દ્વારા વિકસાવવામાં આવ્યો. જો કે, અર્થશાસ્ત્રની રીતે આ ખ્યાલનો ઉપયોગ ગેરી બેકર (Gary Becker) દ્વારા ૧૯૬૫માં કરાયો હતો. લીનોયર દ્વારા સમાજમાં જેનો બહિષ્કાર કરવામાં આવ્યો છે અથવા બહિષ્કાર કરવામાં આવે છે તેવા માનસિક અને શારીરિક વિકલાંગો, આત્મહત્યા કરનારાઓ, વૃદ્ધ વ્યક્તિ, ત્યજી દેવાયેલા બાળકો, બાળગુનેગાર, એકલા જીવન જીવતાં મા-બાપ, અનેક સમસ્યાઓ ગ્રસ્ત કુટુંબો, સામાજિક રીતે તરછોડાયેલાં, અસામાજિક વ્યક્તિ અને એવા જ અન્યો જે સમાજમાં ભળી શકે તેમ ના હોય તેવાઓનો સમાવેશ થતો હતો. સમય જતાં જેમ જેમ આ મુદ્દા ઉપર ચર્ચાઓ થતી ગઈ, ચિંતકો દ્વારા ચિંતનો કરતાં ગયાં તેમ તેમ આ યાદીમાં વધુ ને વધુ જૂથો, વ્યક્તિઓનો સમાવેશ કરાતો ગયો, યાદી મોટી બનતી ગઈ. આ નવા સમાવિષ્ટોમાં જેઓને આજીવિકા કમાવા અને પોતાનું ગુજરાન ચલાવવા તક અપાતી નથી તેવા લોકો જેઓના જીવન રક્ષણને નકારવામાં આવે છે, (જીવન રક્ષણ પૂરું પડાતું નથી), જેઓને કાયમી રોજગાર અપતાં નથી, જેઓની સ્થાયી (કાયમી) આવક નથી, મિલકત વસાવવા દેવાતી નથી (મિલકતનો અધિકારી છીનવી લેવાય છે) લોન અથવા જમીન અપાતી નથી, જેઓ મકાન વિહોણા છે (ઘરબાર વગરના), જેઓ શિક્ષણનો અધિકાર મેળવી શકતા નથી, જેઓ પાસેથી તેમની સાંસ્કૃતિક ધરોહર છીનવી લેવાઈ છે તેવા જેઓને કલ્યાણ રાજ્યના લાભ, નાગરિકત્વ અને કાયદા સમક્ષ સમાનતા પ્રાપ્ત કરાવાતી નથી. જે લોકો લોકશાહી વ્યવસ્થાના ભાગીદાર બની શકતા નથી અથવા જેઓના લોકશાહી અધિકારો છીનવી લેવાય છે તેવા, જેઓને જાહેર મિલકત વાપરવાનું નકારાય છે, જેઓ પ્રભાવી વંશ, કુટુંબ કે સામાજિકતા ધરાવવાવાળા નથી તેમ કહેવાય છે તેવા અને આને કારણે જેઓ પ્રત્યે માનવતા રખાતી નથી, કે માન-સન્માન (દરજ્જો) અપાતાં નથી તેવા તમામ લોકો, જૂથોનો સમાવેશ કરાયો અને વર્તમાન સમયે આપણે સામાજિક રીતે બહિષ્કાર પામેલા અનેક લોકો અને વિવિધ જૂથોની એક લાંબી યાદીવાળો સમૂહ જોઈએ છે, જેઓ સામાજિક બહિષ્કારની પ્રક્રિયાને કારણે અસર પામેલા છે. આમ હોવા છતાં બીજી તરફ બુવિનીક (Buvinic-2005) દ્વારા કહેવાયું છે તેમ, સામાજિક બહિષ્કારના મુખ્ય ખ્યાલ અંગે, એના મૂળ સૂચકો (Principal indicators) અને તેનાં પરિણામો અંગે સર્વસામાન્ય સહમતી છે. (તે અંગે કોઈ વિવાદ નથી.)

* રીડર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી

બુવિનીકે સામાજિક બહિષ્કારનો અર્થ આપ્યો છે તે જોઈએ તો તેણે કહ્યું છે કે, 'સમાજના રાજકીય, આર્થિક અને સામાજિક એવા કાર્યોની ભાગીદારીમાં વ્યક્તિની અશક્તિ' 'The inability of an individial to participate in the basic political, economic and social functioning of the society' (Buvinic-2005). વધુમાં તે ઉમેરે છે અને કહે છે કે, સમાજમાં કેટલાક જૂથના લોકો દ્વારા સમાજમાં પ્રાપ્ત તકો અન્ય લોકો ના લઈ શકે તેમ નકારાય છે અથવા તેવી પરિસ્થિતિ ઊભી કરવામાં આવે છે. બુવિનીક દ્વારા અપાયેલી સામાજિક બહિષ્કારની વ્યાખ્યા આપણને તેની ત્રણ મહત્ત્વની બાબતો તરફ દોરે છે. તેમાં પ્રથમ સામાજિક બહિષ્કાર કરાયો છે તેવા લોકોના અન્ય સભ્યો સાથેના સામાજિક સંબંધો  બંધ કરે છે અને છેલ્લે તે બહિષ્કારના પરિણામોને આલેખે છે. (સન ૧૯૯૭ અને સન ૨૦૦૦) બહિષ્કૃત સમૂહોમાં બહિષ્કારનાં પરિણામોને ખાસ કરીને ઓછી આવક અને અત્યંત ગરીબાઈવાળાં બહિષ્કાર પામેલાં જૂથોમાં સામાજિક અને આર્થિક સંસ્થાઓનાં કાર્યો ઉપર નિર્ભય રહે છે. તેમાં સામાજિક સંબંધોના તાણાવાણાની ભૂમિકા અગત્યની હોય છે. સામાજિક બહિષ્કારની ઘણી મોટી અસર વ્યક્તિને પ્રાપ્ત થતી સમાન તકો અને સમૂહમાં પોતાનાથી નિમ્ન દરજ્જાના સાથીઓ સાથે સત્તાના સંબંધો ઉપર પડે છે. બુવિનીકનું કહેવું છે કે, સામાન્ય રીતે સમૂહમાંથી વ્યક્તિનો બહિષ્કારને કારણે વ્યક્તિને પ્રાપ્ત દરજ્જાને આનાથી કોઈ અસર થતી નથી.

વર્ષ ૨૦૦૦માં અમર્ત્ય સેન દ્વારા અમુક ચોક્કસ પરિસ્થિતિમાં વ્યક્તિનો બહિષ્કાર કરીને તેને તરછોડી દેવાય છે અથવા અણગમતી સ્થિતિમાં વ્યક્તિનો સમાવેશ કરવામાં આવે છે ત્યારે ઉદ્ભવતી સ્થિતિવાળા સામાજિક બહિષ્કાર અંગે લોકોનું ધ્યાન દોરવામાં આવ્યું છે. તેઓ આ પ્રકારના બહિષ્કારને બિન-અનુકૂળ બહિષ્કાર (unfavourable exclusion) અને બીજી પરિસ્થિતિને બિન-અનુકૂળ સમાવેશ (unfavourable inclusion) તરીકે ઓળખાવે છે. આ સાથે જ અમર્ત્ય સેન દ્વારા કાર્યરત (active) અને નિષ્ક્રિય (passive) સામાજિક બહિષ્કાર વચ્ચેનો ભેદ પણ દર્શાવાયો છે. વધુમાં તેઓ કહે છે કે કાર્યરત સામાજિક બહિષ્કારની ચર્ચા આપણે એટલા માટે અને એ બાબતને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ કે જેમાં હેતુપૂર્વક સરકાર દ્વારા ચોક્કસ નીતિ નક્કી થાય અને તેના દ્વારા સામાજિક બહિષ્કાર સામાજિક પ્રક્રિયાના ભાગરૂપે કાર્ય કરે છે કે જેમાં ગણતરીપૂર્વક આયોજનબદ્ધ હેતુ સાથેના પ્રયાસો થતા જોવા મળતા નથી. પરંતુ આમાં પણ સામાજિક બહિષ્કાર તો થાય છે જ, જે ઉદ્ભવતી સામાજિક પરિસ્થિતિનું પરિણામ હોઈ શકે છે.

સામાજિક બહિષ્કારના ખ્યાલને અર્થશાસ્ત્રમાં પણ વ્યવસ્થિત રીતે વંશ અને લિંગના સંદર્ભમાં સમજવાનો પ્રયાસ ૧૯૬૫માં કરવામાં આવ્યો હતો. મુખ્ય ધારાના અર્થશાસ્ત્રના સાહિત્યમાં આપણને બજારીય અને બિન-બજારીય (market and non-market) આર્થિક વ્યવહારોમાં કેવી રીતે વંશ અને લિંગના આધારે ભેદભાવ કરાય છે તે દર્શાવાયું છે. કેટલાંક તારણો દ્વારા બજારના ભેદભાવનો ખ્યાલ વિકસાવાયો છે. બજારીય બહિષ્કાર (ભેદભાવ)માં કેટલાંક ચોક્કસ જૂથો અમુક લોકોને બજારના વ્યવહારો (ખરીદ-વેચાણ)માં પ્રવેશતા અટકાવે અથવા તો પસંદગીયુક્ત વ્યવહારોમાં જ ભાગ લેવા દે અને આમ કરીને તેઓ સાથે ભેદભાવ પળાય. બીજા અર્થમાં લિંગ-વંશના આધારે બજારની પ્રવૃત્તિઓ (ખરીદ-વેચાણ)માં તેઓનો બહિષ્કાર કરાય છે. અમર્ત્ય સેને આ સમગ્ર વ્યવહારોને 'પસંદગીયુક્ત સ્વીકાર, અયોગ્ય સ્વીકાર' (unfavourable inclusion) ઇત્યાદિ શબ્દો દ્વારા ઓળખાવ્યા છે. બજારમાં સેવા લેવાના સંદર્ભમાં પણ આવો જ ભેદભાવ પળાતો જોવા મળે છે. જેમ કે, એકસમાન અનુભવ, આવડત અને શૈક્ષણિક લાયકાત ધરાવનાર બે વ્યક્તિઓમાંથી તેઓ કેટલાંક બિન-અર્થશાસ્ત્રીય લક્ષણોમાં અલગ પડતા હોવાથી (વંશ-લિંગ) તેઓમાંથી કોઈ એકને અથવા બંનેને કામ અપાતું નથી. આમ તેઓનો બહિષ્કાર કરાય છે.

**સામાજિક બહિષ્કારની પ્રક્રિયાઃ લક્ષણો અને વ્યવહાર**

સમાજમાં સમાજના સભ્યો દ્વારા અન્ય સભ્યના બહિષ્કાર માટેનાં અનેક કારણો અને પરિબળો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પરંતુ આ બને તે પહેલાં વ્યક્તિના મનમાં રહેલી ઇચ્છાઓ, ખાસ કરીને અન્યો ઉપર પ્રભુત્વ દાખવવાની મનોવૃત્તિ કામ કરતી હોય છે અને આ મનોવૃત્તિ બહિષ્કાર કરવા, કરાવવા માટેની ભૂમિકા (પૃષ્ઠભૂમિ) રચે છે. સમાજમાં વ્યક્તિ કે સમૂહનો સામાજિક બહિષ્કાર સામાજિક પ્રભુત્વ (સ્થાન, દરજ્જો, જ્યેષ્ઠતા પ્રાપ્તિ અથવા અન્યને નિમ્ન દર્શાવવા) પ્રાપ્ત કરવા, આર્થિક કે રાજકીય સત્તા ઉપર ફક્ત પોતાનું જ વર્ચસ્વ સ્થાપી તેને કાયમી પોતાના હસ્તક રાખવા કે અન્ય સામાજિક સંસ્થાઓ ઉપર પોતાનો માલિકી હક્ક, પ્રભાવ ઊભો કરવા માટે કરાતો હોય છે. વિશ્વના લગભગ તમામ સમૂહોમાં આપણે આગળ ઉપર બહિષ્કારનો અર્થ જોતાં જોયું તેમ રંગ, જાતિ (પુ-સ્ત્રી), લિંગ, જ્ઞાતિ ઉપરાંત આર્થિક અને શિક્ષણને આધારે સામાજિક બહિષ્કાર થાય છે, કરવામાં આવે છે. આ માટે આપણી સમક્ષ ભારતની હિંદુ સમાજ વ્યવસ્થા કે જે વર્ણ અને જ્ઞાતિ આધારિત માળખાવાળી છે તે શ્રેષ્ઠ ઉદાહરણરૂપ સમાજવ્યવસ્થા છે. આપણે તેને લઈને સામાજિક બહિષ્કારની પ્રક્રિયા, તેનાં લક્ષણો અને તેમાં થતો-કરાતો વ્યવહાર સમજવાનો પ્રયાસ કરીએ.

**હિંદુ સામાજિક માળખું અને સામાજિક બહિષ્કાર (Hindu Social Structure and Social Exclusion).**

ભારતીય હિન્દુ સંસ્કૃતિમાં સામાજિક બહિષ્કાર માટે જુદા જુદા સિદ્ધાંતો અભ્યાસીઓ, સમાજમાનવશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ અને ચિંતકો દ્વારા આપવામાં આવ્યા છે. આ સિદ્ધાંતોમાં આર્યોનું આ દેશમાં આગમન અને મૂળ નિવાસીઓ સાથે યુદ્ધની ઘટનાને આવરી લેતો સિદ્ધાંત, મનુ ભગવાન દ્વારા સૃષ્ટિના નિર્માણ સાથે વર્ણની ઉત્પત્તિ તેમ જ દરેક વર્ણ (ચતુર્વર્ણ)ને અપાયેલાં વ્યવસાયનો ચતુર્વર્ણનો સિદ્ધાંત તેમ જ ડૉ. બી. આર. આંબેડકરે બ્રાહ્મણો દ્વારા કેટલાક ક્ષત્રિય રાજાઓના ધાર્મિક વિધિ-વિધાનના બહિષ્કારને કારણે ઊભી થતી પરિસ્થિતિનો આપેલો સિદ્ધાંત મહત્ત્વનો છે તમ કહી શકાય. આ સિદ્ધાંતો આપણને હિન્દુ સમાજિક માળખાની રચના, તેનાં સામાજિક માન્યતા, મૂલ્યો અને ધોરણો સાથેની સામાજિક આંતરક્રિયા અને તેમાં સામાજિક બહિષ્કારની ક્રિયા, પ્રક્રિયા દર્શાવે છે. આપણે પહેલાં આર્યોના આગમન અને તેમના મૂળ નિવાસીઓ સાથેના ઘર્ષણને કારણે રચાતી સમાજ વ્યવસ્થા અને તેમાં સામાજિક બહિષ્કાર અંગે જોઈએ.

વૈદિક સાહિત્યમાં જોવા મળે છે તે રીતે આર્યોનું મૂળ આર્કટીક (Arctic) પ્રદેશમાં છે. (ઉત્તર જર્મની અને સ્કેન્ડેનેવિયા (Scandinavia) -ઉત્તર સાઈબિરિયા (Siberia) વચ્ચેનો પ્રદેશ પરંતુ પછીથી તેઓ મધ્ય એશિયામાં સ્થાયી રીતે રહ્યા. (ટિળક-૧૯૫૬) ભાષાશાસ્ત્રની રીતે જોતાં ભારતીય ભાષા (સંસ્કૃત અને ઉત્તર ભારતની અન્ય ભાષાઓ) સંસ્કૃતનો ઇરાનીય ભાષા સાથે ગાઢ સંબંધ જોવા મળે છે. (Trautmann-1977) જ્હોન માર્શલ, આર.ઈ.મોર્ટીમેર-વ્હીલર, રામપ્રસાદ ચંદા, એસ. કે. ચેટરજી વગેરેના અભ્યાસો મુજબ દ્રવિડો સાથેના યુદ્ધમાં આર્યોએ સિંધુ નદીની ખીણની સંસ્કૃતિને ખેદાન-મેદાન કરી નાંખી. (રામસ્વામી-૨૦૦૧) આ તમામ સ્રોત સ્પષ્ટ રીતે દર્શાવે છે કે, આર્યો ઈ.સ. પૂર્વે ૧૫૦૦ની આસપાસના સમયગાળામાં ભારતના ઉત્તર પશ્ચિમ ભાગમાંથી ભારતમાં પ્રવેશ્યા. વૈદિક શાસ્ત્રના અભ્યાસી એવા શેન્દજ માલતીનાં (Malati-Shendge) લખાણોમાં જોવા મળે છે તે રીતે આર્યો અસુરો અને રાક્ષસો (મૂળ નિવાસીઓ) સાથે સતત લડતાં લડતાં ઉત્તર-પશ્ચિમના પ્રદેશમાં સિંધુ અને તેની સાથી નદીઓ પાર કરતાં કરતાં ભારતમાં પ્રવેશ્યા (Shendge-1977). આર્યો ભારતમાં આવ્યા તે પહેલાં અત્રે મૂળ નિવાસીઓમાં દશ્યુ, નિષાદ, દ્રવિડ અને દ્રવિડોમાં તામિલિયન લોકો, તુલુ, કુર્ગ, ગોંન્ડસ, ખોન્ડા, કોલ, સંથાલ, જુગ મુન્ડા, હો વગેરે મધ્ય પ્રદેશ અને દક્ષિણ ભારતની વર્તમાન સમયે આદિવાસી ગણાતી તેવી જાતિઓના લોકો હતા.

ઋગ્વેદના સમયકાળમાં આક્રમણખોર આર્યો અને સ્થાનિક મૂળ નિવાસીઓ વચ્ચે યુદ્ધો થયાં. આ યુદ્ધો કરનારા મૂળ નિવાસીઓમાં અસુર, (ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા-ખેડૂતો), રાક્ષસ (યુદ્ધવીરો લડાયક કોમ), યક્ષ, પીચાશ (Pisacas) (બાંધકામ નિષ્ણાતો-આર્કિટેક), દાસ (માછીમાર-વહાણવટીઓ), દશ્યુ (ગ્રામીણ સમૂહ) વગેરે લોકોનો સમાવેશ થતો હતો. આ તમામ આર્યો સાથેના યુદ્ધમાં હાર્યા. આર્યોએ જે સાહિત્ય લખ્યું તેમાં હારેલાઓને પોતાનાથી ઊતરતા, નિમ્ન અને હીન કક્ષાના દર્શાવા તેઓને તુચ્છકાર વાચક નામોથી સંબોધીને ડર લાગે તેવા, કદરૂપા અને ભયાનક શારીરિક દેખાવવાળા અને અમાનવીય ચીતર્યા. આ કરીને તેઓએ મૂળ નિવાસીઓને માનસિક રીતે તોડી નાંખી તેઓને તે હલકા, તુચ્છ છે અને આર્યો શ્રેષ્ઠ છે તે બાબત દર્શાવવાનો પ્રયાસ સફળ રીતે કર્યો. ભાષાકિય શબ્દોથી મૂળ નિવાસીઓનો સામાજિક બહિષ્કાર કર્યો. તે ઉપરાંત સમાજમાં તેઓ પાસે ગંદા, અસ્વચ્છ, હલકા પ્રકારના કામો કરાવ્યાં. તેઓના સામાજિક અધિકારો, સામાજિક સમાનતા અને જુદી જુદી જીવનકળાઓ (શિક્ષણ) શીખવાના અધિકારો છીનવી લીધા. સાથે સાથે તેઓ કોઈ પણ પ્રકારની મિલકત વસાવી શકે નહિ, તે મુજબનાં સામાજિક ધોરણો અસ્તિત્વમાં લાવીને વ્યવસાયો કરવાની તેમને ફરજ પાડવામાં આવી. આ તમામ પ્રકારના ભાષાકીય, સામાજિક, આર્થિક, રાજકીય પ્રયાસો સફળ રીતે પોતાના સાહિત્યમાં કરીને તેમજ સમાજમાં એક જીતેલી પ્રજા તરીકે એક ચોક્કસ સામાજિક માળખું રચીને સ્થાનિક મૂળનિવાસી, શૂરવીર અને ગૌરવશાળી પ્રજાને સામાજિક રીતે બહિષ્કૃત કરવાનો ખૂબ જ સફળ વ્યવસ્થિત પ્રયાસ કરાયો.

જયસ્વાલ અને સેંન્દજનાં લખાણોમાં જોવા મળે છે તેમ દાસ અને દશ્યુ લોકોના પોતાનાં રાજ્યો હતાં. તેઓ પાસે સ્ત્રી સૈનિકોનું દળ પણ હતું. કોસામ્બી (૧૯૬૪)એ લખ્યું છે કે, ઇન્દ્ર અને વિષ્ણુ નામના આર્યોએ પોતાના દુશ્મન મૂળ નિવાસી રાજાઓનો સંહાર કર્યો. મૂળ નિવાસી પ્રજાને રાક્ષસ સ્વરૂપે ચીતરીને યજ્ઞોમાં વિઘ્નો નાંખનારી અસૂર પ્રજા તરીકે ઓળખાવી તેઓને ગુલામ બનાવી તેમની પાસે સેવાનાં કામો કરાવ્યાં. તે કામો અસ્વચ્છ, તુચ્છ, હલકાં અને અપવિત્ર મનાતાં હતાં. તુર્તમાન (૧૯૯૭)નાં લખાણોમાં પણ આ હકીકતને પુષ્ટિ મળે છે. તુર્તમાન લખે છે, 'મૂળ નિવાસી દાસ અને દશ્યુ પ્રજાને આર્યોએ રાક્ષસ, મલેચ્છ અને લોહીમાંસ ભક્ષી બતાવી'. સામાજિક રીતે બહિષ્કૃત કરવા માટે આ રીત ખૂબ જ અસરકારક રહી. આની સાથે સાથે આર્યોએ યજ્ઞપૂજા (અગ્નિ સળગાવી હોમહવન દ્વારા પૂજા કરવી) વિકસાવી કે જેમાં આર્યોના વીરપુરુષો એવા વિષ્ણુ અને ઇન્દ્રને આર્યપૂજાએ મહાન લેખાવી ભગવાન બનાવી દીધા. (આર્ય પ્રજામાં આ વ્યક્તિ-વીરપૂજા આજ પર્યંત ચાલે છે.) સામે પક્ષે તેમની દુશ્મન મનાતી સ્થાનિક પ્રજાના વીરપુરુષોને દાનવ, ભૂતપ્રેત, દૈત્ય, અલૌકિક એવું ભયંકર પ્રાણીસ્વરૂપ જીવ, ક્રૂર અને અમાનવીય દર્શાવી તેમને નિમ્ન કોટિના, અનાર્ય, લોકોના ભગવાન (દેવદેવી) તરીકે ઓળખાવી સાથે સાથે યુદ્ધમાં હારેલા મૂળનિવાસી લોકોને સામાજિક માળખામાં નિમ્ન સામાજિક દરજ્જાના સ્થાને રાખ્યા અને તેઓ કોઈ પણ પ્રકારના ધર્મવિધિ-વિધાન, યજ્ઞ-પૂજા ઇત્યાદિ કરી શકે નહિ તેવા ધાર્મિક મૂલ્યો, માન્યતા, ધોરણો સાથેના સામાજિક નિયંત્રણો ઊભાં કર્યાં (કોસામ્બી-૧૯૬૪).

ઉપરોક્ત હકીકતોને આધારે આપણે એમ કહી શકીએ કે, આર્યો આ દેશમાં બહારથી આવેલી પ્રજા છે. તેઓએ એક એવા પ્રકારનો ધર્મ અને સામાજિક માળખું વિકસાવ્યું કે જેમાં યુદ્ધમાં હારેલા મૂળ નિવાસીઓ સામાજિક બહિષ્કારની સ્થિતિમાં ધકેલાઈ ગયા. આ સામાજિક બહિષ્કારની સ્થિતિએ તેઓને માનવગૌરવ-વિહોણી સ્થિતિમાં મૂકી દીધા. જ્યાં તેઓ પાસે નહોતો ઊંચો કહેવાય તેવો સામાજિક દરજ્જો, નહોતી સન્માનીય એવી કોઈ સામાજિક ભૂમિકા કે તેની સાથે જોડાયેલી અન્ય બાબતો. તેઓને જે કાર્યો કરવાની શરૂઆતમાં ફરજ પાડવામાં આવી તે એવા વ્યવસાયો બની રહ્યા કે જેમાંથી મૂડી ઊભી થઈ શકે તેવું કોઈ જ આર્થિક વળતર તેઓને મળતું નહોતું. સાથેસાથે સામાજિક-ધાર્મિક

ધોરણો, મૂલ્યો અને માન્યતાઓને કારણે તેઓને કોઈ સ્થાવર કે જંગમ મિલકત પણ વસાવવા દેવામાં આવતી નહોતી. હારેલી અને સામાજિક રીતે સૌથી નિમ્ન સ્તરે ધકેલાઈ ગયેલી આ પ્રજાનો વસવાટ પણ ગામની બહાર રહ્યો. કાળક્રમે વિકસેલા પવિત્ર-અપવિત્ર અને પાપ તેમ જ પુણ્ય જેવા ધાર્મિક ખ્યાલોએ અસ્વચ્છ અને ગંદા વ્યવસાય કરતાં મૂળ નિવાસીઓને અસ્પૃશ્ય બનાવી દીધા. કારણ કે પુનઃજન્મનો ખ્યાલ અને ગત જન્મના કર્મને કારણે તેઓએ આ સ્થિતિ ભોગવવી પડે છે. તેવી માન્યતાને તેઓમાં ગૌરવહીન માનસિકતા વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. આ માનસિકતા દૃઢીભૂત કરવામાં ધાર્મિક નિયંત્રણો અને તેના દ્વારા ઊભા થયેલા બ્રાહ્મણોના પ્રભુત્વે પણ વિશિષ્ટ અને મહત્ત્વની ભૂમિકા ભજવી છે. અને આમ બ્રાહ્મણ, વીર યોદ્ધાઓની વર્ણ એવી ક્ષત્રિય, સામાન્યજન ગણાતી વર્ણ એવી વૈશ્ય તેમ જ અસ્પૃશ્ય અને દાસ ગણાતી મૂળ નિવાસી પ્રજામાંથી ઊભી થયેલી એવી શૂદ્ર વર્ણ મળીને કુલ ચાર વર્ણોવાળી સમાજ વ્યવસ્થા ઊભી થઈ. તેને લઈને એક નવા જ પ્રકારનું સામાજિક માળખું વિકસ્યું. તેમાં શૂદ્રો સામાજિક રીતે બહિષ્કૃત બની રહ્યા (ઋગ્વેદ, મંડળ : ૧૦ સ્રોત-૯૦).

ભારતમાં વર્ણવ્યવસ્થાવાળા સામાજિક માળખાના વિકાસ માટે હિન્દુ ધર્મ શાસ્ત્રોમાં જે સિદ્ધાંત અપાયો છે તે મનુ ભગવાનનાં ચાર જુદાં જુદાં અંગોમાંથી ઉત્પન્ન થયેલા ચાર પુરુષો અને તેમાંથી વિકસેલા સમાજનો સિદ્ધાંત છે. આ સિદ્ધાંતમાં કહેવાયું છે કે, મનુ નામના વિરાટ પુરુષ (ભગવાન)નાં ચાર અંગો મુખ, બાહુ (પેટ) ઉદર અને પગમાંથી ચાર પુરુષો જન્મ્યા. મુખમાંથી જેનો જન્મ થયો તે બ્રાહ્મણ કહેવાયા, બાહુમાંથી જન્મનાર ક્ષત્રિય તરીકે ઓળખાવાયા, ઉદરમાંથી જન્મેલાઓ વૈશ્ય કહેવાયા જ્યારે પગમાંથી જન્મેલાઓને શૂદ્ર તરીકે ઓળખ્યા. આ ચાર પુરુષોને પોતાના અને પોતાના કુટુંબીજનોના જીવનનિર્વાહ માટે વ્યવસાય આપવામાં આવ્યા. બ્રાહ્મણને ધર્મકાર્ય, વિધિ-વિધાન સાથે કર્મકાંડ અને ધર્મના પ્રચાર-પ્રસારણનું કાર્ય સોંપાયું. બાહુમાંથી જન્મેલા લોકો શક્તિને વરેલા હોવાથી તેઓને સમાજના રક્ષણની જવાબદારી સોંપવામાં આવી. વૈશ્યોને સમાજના સભ્યોના ઉદર પાલન કરવામાં જરૂરી ચીજવસ્તુઓની આપલે કરવાનો એટલે કે વ્યાપાર-ધંધો કરવાનું સોંપાયું. પગ કે જે સમગ્ર શરીરનું વજન ઊંચકે છે, તેને ગતિશીલ રાખે છે (એક જગ્યાએથી બીજી જગ્યાએ શરીરને ઊંચકીને લઈ જાય છે) તેમાંથી જન્મેલા શૂદ્રોને સમગ્ર સમાજની ગંદકી સાફ કરીને સમાજને સ્વચ્છ અને તંદુરસ્ત રાખવાની એટલે કે સમાજરૂપી શરીરને નિરોગી રાખવામાં મદદ કરી બીજાં કાર્યો કરવા માટે ગતિશીલ રાખવાની જવાબદારી સોંપવામાં આવી. વેદકાળ સુધીના સમય સુધી આ વ્યવસાયો સમાજના સભ્ય કે વર્ણ સાથે અવિભાજ્ય કે જુદા પાડી જ ના શકાય તેવી રીતે જોડાયેલા નહોતા. સમાજનો કોઈ પણ સભ્ય પોતાની આવડત, કુશળતા, ઇચ્છા અને જરૂરિયાત મુજબ તેની પસંદગીનો કોઈ પણ વ્યવસાય કરી શકતો હતો. પરંતુ વેદ પછીથી સમાજમાં બ્રાહ્મણવાદ વધુ ને વધુ વિકસતો ગયો અને તેનું સમાજ ઉપરનું નિયંત્રણ સાથેનું પ્રભુત્વ વધુ મજબૂત બનતું ગયું. આ બ્રાહ્મણવાદે સમાજને વર્ણો અને વ્યવસાય બદલી શકાય નહિ તેવી સ્થિતિમાં લાવી, મૂકીને ઊભી થયેલી નવી સમાજ વ્યવસ્થાને કાયમી સ્વરૂપે દૃઢીભૂત કરી. ભગવાન મનુએ જે વ્યવસાયો આપેલા તેમાં અસ્વચ્છ, ગંદા, હલકા અને તુચ્છ તેમ જ આર્થિક રીતે નહિવત્ વળતર આપતા અને વધુ શારીરિક બળ-શ્રમની જરૂરિયાતવાળા વ્યવસાયો શૂદ્રોને ભાગે આવતા હતા. બ્રાહ્મણવાદે વિકસાવેલી ધાર્મિક સંસ્કૃતિ અને તેનાં મૂલ્યો, માન્યતા, ધોરણો સાથે પાપ-પુણ્ય, પવિત્ર, અપવિત્ર તેમ જ ગયા જન્મના કર્મના સિદ્ધાંતે આવા અસ્વચ્છ વ્યવસાય કરનાઓ સાથે સામાજિક ભેદભાવ પાળવાની ક્રિયાને જન્મ આપ્યો. સમાજના આ સભ્યો સાથે ભેદભાવ અને તિરસ્કારયુક્ત આંતરક્રિયાવાળા વ્યવહારો અસ્તિત્વમાં આવ્યા. તેનું સ્વરૂપ ભાષામાં વપરાતા અપમાનજનક શબ્દપ્રયોગો, શારીરિક-માનસિક અત્યાચાર, અમાનવીય વર્તન (ગંદકી ખવડાવવી, પેશાબ પિવડાવવો જેવી શિક્ષાઓ કરીને

સમાજમાં તેઓ હલકા અને તિરસ્કૃત છે તે સાબિત કરવાના પ્રયાસો) તેમ જ શારીરિક શોષણ વગેરેમાં વ્યક્ત થવાનું શરૂ થયું. તેઓ સ્થાવર કે જંગલ મિલકતો વસાવી શકે તેવી આવકવાળા વ્યવસાયો જ તેમની પાસે નહોતા. તેથી તેઓ ગરીબ દારૂણ સ્થિતિમાં રહ્યા. બ્રાહ્મણ ધર્મે તેઓને શિક્ષણથી વંચિત રાખ્યા. આને કારણે તેઓનો સર્વાંગી વિકાસ થવાની કોઈ જ શક્યતા રહી નહિ. આ સ્થિતિમાં તેઓ આર્થિક-સામાજિક, શૈક્ષણિક, રાજકીય તેમ તમામ રીતે પછાત રહેવા સાથે માનવીય ગૌરવ સિવાયના જીવન જીવનારાઓ તરીકે હિન્દુ સામાજિક માળખાની એક વર્ણ બની રહ્યા. આપણે જોયું કે આ માળખામાં વર્ણ અને વ્યવસાય એક સિક્કાની બે બાજુ બની રહ્યા. જે કાયમી રીતે એકમેક સાથે અતૂટ બંધનથી જોડાયેલા જોવા મળે છે. મનુ ભગવાને રચેલા ચતુર્વર્ણ વ્યવસ્થાવાળી સમાજ વ્યવસ્થામાં જેઓ સેવાનાં કાર્યો કરતા હતા તે શૂદ્ર વર્ણના લોકો હતા. તેઓના વ્યવસાયો વણાટકામ, કુંભાર, દરજી, સોની, સુથાર જેવી જીવન જરૂરિયાતની સેવા પૂરી પાડનારી વર્ણના લોકો હતા. પરંતુ અસ્વચ્છ વ્યવસાય સાથે જોડાયેલા હતા. ગામની બહાર વસતા હતા અને સામાજિક રીતે બહિષ્કાર પામેલા હતા. તેઓ વર્ણ બહારના ગણાતા અને તેમની પાંચમી વર્ણ 'પંચમવર્ણ' હતી. કાળક્રમે આ પાંચમી વર્ણનો લોપ થયો અને વર્ણવ્યવસ્થાવાળા સામાજિક માળખામાં ફક્ત ચાર વર્ણો અને તેમાંથી વિકસેલી જ્ઞાતિઓ રહી. આ વર્ણ વ્યવસ્થામાં આપણે ઉપર જોયું તેમ અસ્પૃશ્ય ગણાતા લોકોનો સામાજિક બહિષ્કાર કરાયેલો જોવા મળે છે.

વર્ણ વ્યવસ્થાવાળા હિંદુ સમાજમાં શૂદ્રો કેવી રીતે આવ્યા અને તેઓ અસ્પૃશ્ય કેમ થયા તે અંગેનો સિદ્ધાંત ડૉ. બી. આર. આંબેડકરે આપ્યો છે. તેઓએ સામાજિક બહિષ્કારની અસર અને તેને પ્રતાપે વીર અને સમાજનું રક્ષણ કરનારા રાજા-ક્ષત્રિયોની અવદશા દર્શાવતી પ્રક્રિયા નોંધી છે. આ સિદ્ધાંત મુજબ આર્યોના આગમન પછી ફક્ત ત્રણ જ વર્ણોવાળી સમાજ વ્યવસ્થા હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય. ક્ષત્રિયો રાજ્યકારોબાર ચલાવતા અને સમાજનું રક્ષણ કરતા બ્રાહ્મણો ધર્મ પ્રતિપાળ તરીકે ધાર્મિક ક્રિયાકાંડ કરીને, યજ્ઞો અને અન્ય પૂજાઓ દ્વારા ભગવાન પછીથી મૃત્યુલોકમાં રાજા એ જ સર્વશ્રેષ્ઠ ગણાય તે સાબિત કરતા. કર્મનો સિદ્ધાંત પવિત્ર-અપવિત્ર તેમ જ શુદ્ધ અશુદ્ધના ધાર્મિક ખ્યાલો સમાજમાં પોતાની મજબૂત પકડ ધરાવતા હતા અને મહદ્ અંશે સમાજમાં આ ખ્યાલોને ધ્યાનમાં રાખી તેની આજુબાજુ કેન્દ્રિત હોય તેવી રીતે જ સમાજના સભ્યો એક મેક સાથે આંતરક્રિયા, અને સામાજિક વ્યવહારો કરતા. આ ખ્યાલોને આધારે જ સામાજિક સ્તર, સામાજિક દરજ્જો અને ભૂમિકા સુદ્ધાં નક્કી થતી. મોટે ભાગે બ્રાહ્મણોનાં વાક્યોને પથ્થરની લકીર, ક્યારેય ઉથાપી શકાય નહિ તેવાં માનીને જ સમાજમાં વ્યવહાર કરાતો અને બ્રાહ્મણોની આજ્ઞાઓને શિરોમાન્ય ગણીને વગર તર્ક કર્યે તેને સ્વીકારી લેવામાં આવતી.

રાજાઓ બ્રાહ્મણોને રાજ વહીવટમાં ખૂબ જ માન-સન્માન અને અગ્રસ્થાન આપતા. રાજ્ય વહીવટના બધા જ કાર્યોમાં બ્રાહ્મણોની સેવા લેવામાં આવતી અને બ્રાહ્મણોનાં વચનો-આજ્ઞાઓને સ્વીકારતી. બીજી તરફ બ્રાહ્મણો શિક્ષણના જોરે રાજાઓને રાજ વહીવટ ચલાવવામાં સલાહ-સૂચનો આપતા અને ક્યારેક આ સલાહ-સૂચન તેમ જ રાજ્યકારોબાર ચલાવવામાં તેઓની દખલગીરી પ્રભુત્વ વધારવાના પ્રયાસો રાજા-ક્ષત્રિયોને પસંદ પડતા નહિ. આ કારણે બ્રાહ્મણો અને રાજાઓ વચ્ચે નાનાં-મોટાં ઘર્ષણો, વૈચારિક મતભેદો તેમ જ મનમાં કડવાશ ઊભી થતી. આવાં જ કારણોને લઈને બ્રાહ્મણોએ 'રાજા-ક્ષત્રિયોને ત્યાં ઉપનયન સંસ્કાર કરવાનો (પૂજા-વિધિ, કર્મકાંડ અને યજ્ઞો) ઈન્કાર કર્યો. આ કારણને લઈને જે તે સમયે જો બ્રાહ્મણ બહિષ્કાર કરે તો તેવી વ્યક્તિ-સમૂહનો આખો સમાજ બહિષ્કાર કરતો. આ રાજા-ક્ષત્રિયોનું પણ એવું જ થયું. તેઓને પોતાનું ક્ષત્રિય પદ ગુમાવવું પડ્યું અને તેઓ સામાજિક રીતે તિરસ્કૃત થવાની સાથે બહિષ્કૃત પણ થયા. આમ થવાની સાથે તેઓ વર્ણ વ્યવસ્થામાં ત્રીજું સ્થાન ધરાવતા વૈશ્યો કરતા પણ નિમ્ન સ્થાને આવી ગયા. આ રીતે વર્ણ વ્યવસ્થામાં ચોથો વર્ણ બન્યો. કાળક્રમે આ વર્ણના લોકોને

સમાજમાં હલકા, અસ્વચ્છ, વધુ શારીરિક શ્રમવાળા અને આર્થિક વળતર સિવાયના વ્યવસાયો બ્રાહ્મણોએ પોતાનું પ્રભુત્વ બતાવતા કરવાની તેઓને ફરજ પાડી, જેમાંથી તેઓ પોતાની આજીવિકા મેળવતા થયા (આંબેડકર બી. આર.).

સામાજિક રીતે બહિષ્કારની આ સમગ્ર પ્રક્રિયાએ હિન્દુ સમાજમાં દ્વિજ વર્ણોવાળી ત્રિસ્તરીય સમાજ વ્યવસ્થામાં ચોથા વર્ણનો ઉમેરો કરીને સામાજિક માળખાનું નવેસરથી ઘડતર કરેલું અત્રે આપણને જોવા મળે છે. ઉપરોક્ત ત્રણે સિદ્ધાંતોમાં ચોથા વર્ણના ઉદ્‌ભવ અને વિકાસ બાબતે અપાયેલી હકીકતોમાં તફાવત જોવા મળે છે. પરંતુ એક બાબતમાં તમામ સિદ્ધાંતોમાં અભૂતપૂર્વ સામ્ય છે અને તે, ચોથા વર્ણના લોકોનો સામાજિક બહિષ્કાર કરવાની બાબત. દરેકમાં આપણને આ વર્ણના લોકો બહિષ્કૃત થતા, સામાજિક માળખામાં નિમ્ન સ્તરે ધકેલાઈ જતાં, ગંદા, હલકા અને વળતર સિવાયના વધુ શારીરિક શ્રમવાળા વ્યવસાયો કરતા જોવા મળે છે. સાથે સાથે આ લોકોના સામાજિક, રાજકીય, શૈક્ષણિક (વ્યાવસાયિક), આર્થિક અને ધાર્મિક અધિકારો છીનવી લઈને તેઓને માનવીય ગૌરવવિહોણું જીવન જીવવાની ફરજ પાડવામાં આવે છે. આ અધિકાર વિહોણા અને અન્યોની દયા ઉપર અવલંબિત બની રહેલા લોકો માનસિક રીતે તેમની તે જિંદગીને સ્વીકારી લે છે. તેઓ માનતા થઈ જાય છે કે, 'તેઓ માટે તો આમ જ હોય આથી વિશેષ સારી જિંદગી હોઈ શકે જ નહિ.' અને કારણમાં તેઓને ધર્મરૂપી પિવડાયેલા અફીણનો નશો કે જેમાં પાપ-પુણ્ય, પવિત્ર-અપવિત્ર અને ગયા જન્મનાં ફળ (કર્મનાં ફળ) ભોગવવાં પડે તો જ આવતો જન્મ સારો મળે અને આત્માનું કલ્યાણ થાય જેવી બાબતોએ સમાજની વાસ્તવિક ભેદભાવભરી સ્થિતિ અને દ્વિજ જ્ઞાતિ સમૂહોએ પોતાનું સામાજિક પ્રભુત્વ ટકાવી રાખવા ઊભી કરેલી વ્યવસ્થા દેખાવા દીધી નહોતી.

ઉપરોક્ત સામાજિક બહિષ્કાર ફક્ત અસ્પૃશ્યો એકલા માટે જ હતો તેવું પણ નહોતું. શૂદ્ર વર્ગની સેવા કરનારી જ્ઞાતિઓ માટે પણ તે એટલો જ લાગુ પડતો હતો. આ જ્ઞાતિઓને વંશપરંપરાગત વ્યવસાયનું વારસાગત જ્ઞાન મળતું બાકી શિક્ષણ, રાજકીય, મિલકત વસાવવા જેવા અધિકારો તો તેમને પણ પૂરેપૂરા અપાયા નહિ હોવાથી તેઓ આર્થિક, શૈક્ષણિક અને રાજકીય રીતે પછાત તો રહ્યા હતા જ. આ જ્ઞાતિઓ અને અસ્પૃશ્યો વચ્ચે સામાજિક બહિષ્કારનો મોટો અને મહત્ત્વનો તફાવત હતો તે અસ્પૃશ્યતાનો, વ્યવસાયના ગંદા, હલકા અને તુચ્છપણાનો, સામાજિક માળખાની અને ગામની બહારના વસવાટનો. આ જ એક મહત્ત્વનો સામાજિક બહિષ્કારનો તફાવત હતો કે જેણે અસ્પૃશ્યોને અમાનવીય જીવન જીવવા ફરજ પાડી હતી. આ જ સામાજિક બહિષ્કારે ભારતની સ્વતંત્રતાનાં થોડાં વર્ષો પહેલાંથી શરૂ થયેલી વિકાસની પ્રક્રિયા અને ૨૦મી સદીનાં છેલ્લાં વર્ષોમાં સ્વીકારાયેલા વૈશ્વિકીકરણે સામાજિક બહિષ્કારને ભારતીય સમાજમાં એક નવા 'આર્થિક બહિષ્કાર' સ્વરૂપે આપણી સમક્ષ મૂક્યો.

**સામાજિક બહિષ્કારનો વ્યાપ અને અગત્યતા**

ભારતમાં સ્વતંત્રતા પહેલાંના સામાજિક માળખાની હિન્દુ સમાજ વ્યવસ્થામાં આપણે જોયું તે રીતે વર્ણ વ્યવસ્થા સાથે જ્ઞાતિઓના ઊંચા-નીચા સામાજિક કોટિ ક્રમ અને દરજ્જાવાળો સમાજ જોવા મળતો હતો. આ માળખામાં દરેક વર્ણ, જ્ઞાતિ અને જે તે સમાજના સભ્યોની નક્કી કરાયેલી ચોક્કસ ભૂમિકા હતી. જે તેનો વ્યવસાય બની. આ ભૂમિકા અને સામાજિક સ્તરને આધારે વ્યક્તિ સાથે આંતરક્રિયા કરાતી કે જેનું સ્વરૂપ અને અર્થ નક્કી કરાયેલાં હતાં. આજ સમાજ વ્યવસ્થામાં વર્ણ અને જ્ઞાતિને આધારે સામાજિક, આર્થિક, શૈક્ષણિક તેમ જ રાજકીય અધિકારો અપાયેલા હતા. નિમ્ન સ્તરની વર્ણ જ્ઞાતિઓ અધિકાર વગરની હતી. આને કારણે આ જ્ઞાતિઓ સામાજિક રીતે બહિષ્કૃત અને સર્વાંગી રીતે પછાત હોવા ઉપરાંત ચોથા વર્ણમાંના કેટલાક સામાજિક સમૂહો અસ્પૃશ્ય ગણાયેલા રહી. જેઓ માનવીય ગૌરવ સિવાયનું જીવન ગુજારતા. સ્વતંત્રતા પહેલાં અને ભારતમાં બ્રિટિશ રાજ્યની સ્થાપના પછીનાં વર્ષોમાં હિન્દુ સમાજની આ સ્થિતિ હતી.

બ્રિટિશરોની સાથે સમાજ જાગૃતિ અને માનવીય ગૌરવનો એક નવો વિચાર ભારતમાં પ્રવેશે છે. આ વિચાર પાછળનાં પરિબળોમાં અંગ્રેજોએ દાખલ કરેલી નવી શિક્ષણ નીતિ, વૈજ્ઞાનિક અને તાર્કિક જ્ઞાનનો ફેલાવો, ઉદ્યોગીકરણ અને શહેરીકરણની સાથે વિકસેલી મુસાફરી માટેની સુવિધાઓ (રેલવે, તાર, ટપાલ) અને શહેરોમાં ઊભી થયેલી વ્યવસાય-ધંધા માટેની જ્ઞાતિ-જાતિના ભેદભાવ સિવાયની નવી તકો વગેરેને ગણાવી શકાય. આ ઉપરાંત, બ્રિટનમાં અંગ્રેજી શિક્ષણ મેળવીને પરત આવેલા ભારતીયો દ્વારા શરૂ કરાયેલી સમાજ સુધારણાની ચળવળ અને ભારતની સ્વતંત્રતા માટેનું આંદોલન પણ તેના માટે મહત્ત્વના પરિબળ તરીકે અગત્યની ભૂમિકા ભજવનાર બની રહેલું જોવા મળે છે.

**સામાજિક સમાવેશ** (Social inclusion)

ભારતીય હિન્દુ સમાજમાં માનવ અધિકાર અને માનવગૌરવ સિવાયનું જીવન જીવતા લોકોને જીવનની સમાન તક, સ્વવિકાસના અધિકારો અને ગૌરવપૂર્ણ જીવન આપવાનો પહેલો પ્રયાસ ગૌતમ બુદ્ધ દ્વારા ઈ.સ. પૂર્વ છઠ્ઠી સદીમાં (ઈ.સ. પૂ. ૫૩૨-૪૮૭) બૌદ્ધ ધર્મની સ્થાપનાથી કરાયો તેમ કહેવાય. બૌદ્ધ ધર્મમાં સમતા, બંધુતા, માનવ તરીકે પ્રાપ્ત તમામ કુદરતી અધિકારો અને વિકાસ સાધવાની સમાન તક આપવામાં આવી. હિન્દુ સમાજ વ્યવસ્થામાં વંચિત રહેલા એવા અનેક લોકોના સામાજિક સ્વીકારનો માર્ગ મોકળો થયો. પશુથી પણ બદતર હાલમાં જીવન જીવતા લોકોનો માનવ તરીકે સ્વીકાર થવા સાથે તેઓને સામાજિક, આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક અને અન્ય અધિકારો પ્રાપ્ત થયા. તેઓની માનવ તરીકેની શક્તિને વિકસાવી ઊંચો દરજ્જો પ્રાપ્ત કરવાની તક તેમને મળી. પરંતુ ચંદ્રગુપ્ત મૌર્યના સમયકાળમાં બ્રાહ્મણવાદ ફરીથી પ્રભાવી બન્યો. ભારતમાંથી બૌદ્ધ ધર્મને નામશેષ કરી નંખાયો. બ્રાહ્મણ ધર્મ અને બ્રાહ્મણવાદ ફાલ્યો-ફૂલ્યો, પરંપરાગત વર્ણ વ્યવસ્થા તેના વરવા સ્વરૂપે વધુ પ્રબળ રીતે ત્રાટકીને સમાજ ઉપર નિયંત્રણ કરતી થઈ. આને કારણે ફરીથી સદીઓ સુધી ભારતમાં વર્ણ વ્યવસ્થા અને જ્ઞાતિ આધારિત સમાજ તેના તમામ કાર્યકલાપો સાથે અસ્પૃશ્યતા, અને સામાજિક ભેદભાવોની ઉંડી ખાઈ સહિત સંપૂર્ણ બળ સહિત કામ કરતો અને ટકી રહેલો જોવા મળે છે. આપણે ભારતમાં ગૌતમ બુદ્ધ અને તેમણે કરેલા પ્રયાસો પછીના અને ભારતની સ્વતંત્રતા પહેલાંના સમયગાળાની વિગતો જોઈએ તે પહેલા સામાજિક સમાવેશનો ખ્યાલ અને માનવ અધિકાર માટેની ચળવળનું ઐતિહાસિક વિહંગાવલોકન કરી લઈએ.

**સામાજિક સમાવેશઃ ખ્યાલ અને પ્રક્રિયા**

સમાજમાં બહિસ્કૃત કરાયેલાઓને માનવીય ગૌરવ પ્રસ્થાપિત કરવા સાથે સમાજના દરેક સભ્યને પ્રાપ્ત તમામ (લાભો) હક્ક અને અધિકારો સાથેનું ગૌરવ બક્ષવાની પ્રક્રિયાને 'સામાજિક સમાવેશ' તરીકે ઓળખાવી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો, સામાજિક સમાવેશ એટલે 'સમાજનાં જુદાં જુદાં પાસાંઓ, કાર્યો અને વર્તન વ્યવહારથી જેઓને વંચિત રખાયા છે તેવા તમામને તે આપીને તેમને માટે માનવીય ગૌરવ પ્રસ્થાપિત કરવું તે' એમ કહી શકાય.

આપણે જ્યારે કોઈ પણ સામાજિક જૂથ-વ્યક્તિના 'સામાજિક સમાવેશ'ની ચર્ચા કરતા હોઈએ ત્યારે જે તે જૂથને પોતાના સર્વાંગી વિકાસ માટે જે જે સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને ભૌતિક તેમ જ રાજકીય કે પછી સમગ્ર તથા સાંસ્કૃતિક બાબતોથી વંચિત રાખવામાં આવેલી હોય તે બાબતો પ્રાપ્ત કરવાની સમાન 'તક' અને તે માટેની જરૂરી 'સુવિધા' પૂરી પાડવાની બાબત મહત્ત્વની બને છે. ભારતની સ્વતંત્રતા પછીથી દેશ અને ભારતીય સમાજના સર્વાંગી વિકાસ અર્થે જ્યારે 'આયોજન' સ્વીકાર કરીને દર પાંચ વર્ષે પંચવર્ષીય આયોજન કરવાનું શરૂ થયું તેમાં ૧૧મી પંચવર્ષીય યોજનામાં સમાવેશક વિકાસ (Inclusive Growth)ની વ્યાખ્યા કરવામાં આવી છે. તેમાં લખાયું છે કે, 'A growth process which yields bradbased benefits and ensures equlity of opportunity for all'. એટલે એમ કહેવાય કે 'વિકાસની એવી પ્રક્રિયા કે જે તમામને વિશાળ પાયે લાભકર્તા બને અને

તમામને તકની સમાનતાની ખાતરી આપે.' બીજા શબ્દોમાં કહીએ તો, સમાજના દરેક સ્તર-ભાગને સ્રોત અને તેના લાભની સરખે હિસ્સે ભાગીદારી (વહેંચણી) દર્શાવે છે. સાથે સાથે તક ઊભી કરવાની અને ઉપલબ્ધ તકોમાંથી લાભો મેળવવાના સાધનોની પ્રાપ્તિ તેમજ તે માટે જરૂરી 'બળ' (Power) ઊભું કરવાની બાબતો ઉપર પ્રકાશ પાડે છે. સામાન્ય અર્થમાં સમાવેશક વિકાસ એટલે 'ગરીબીમાં ઘટાડો' માનવીય ગુણોનો વિકાસ, સામાજિક ન્યાય અને કામ કરવાની તકની ઉપલબ્ધિ સાથે ઉત્પાદકીય (Prductive) બનવાની તકો વિકસાવવી એવું કહી શકાય. આ માટે સમાજમાં સમાવેશપણા (inclu-sivness)માં ચાર બાબતો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેમાં તક, (opportunity) શક્તિ (capability), ઉપલબ્ધતા (access) અને (security)નો સમાવેશ થાય છે.

ઉપરોક્ત ચાર બાબતોને તેના અર્થમાં જોઈએ તો 'તક'નો અર્થ અત્રે વ્યક્તિઓને એવું વાતાવરણ અને પરિસ્થિતિ પૂરી પાડવી કે જેમાં તેઓ માટે વિકાસ અને તે સાધવાની સવલતો ભેદભાવ સિવાય સામાન્ય ધોરણે ઉપલબ્ધ હોય. બીજી તરફ 'શક્તિ' એટલે એવા સમાજ માન્ય સાધનોની ઉપલબ્ધિ સરળ બનાવવી કે જેના ઉપયોગ દ્વારા સમાજના તમામ સભ્યો 'સ્વ' વિકાસ માટેની 'તક' ઊભી કરવા જેટલી આવડત, કુશળતા અને બળ મેળવે અથવા તો ઉપલબ્ધ 'તકો'નો સ્વવિકાસમાં ઉપયોગ કરે. તેની સાથે જ 'ઉપલબ્ધતા' એટલે સભ્યોને એવા સમાજ માન્ય સાધનો પ્રાપ્ત હોવા જોઈએ કે જેના ઉપયોગ થકી તે 'તક' અને 'શક્તિ' બંનેને એકબીજામાં ભેળવીને તેનો હકારાત્મક રીતે ઉપયોગ કરે. છેલ્લે 'સલામતી' એટલે એવી સ્થિતિ અથવા સાધનો કે જેના દ્વારા તેને ઉપલબ્ધ જીવન નિર્વાહનાં સાધનોને કાયમી ધોરણે કોઈ પણ જાતના ભેદભાવ સિવાય ઉપલબ્ધ રાખી શકે. આ ચાર બાબતો સમાજમાં દરેક સભ્યને સમાન ધોરણે કોઈ પણ જાતના ભેદભાવ સિવાય ઉપલબ્ધ કરાવવાની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે 'સમાવેશ'ની (social inclusion) પ્રક્રિયા થઈ તેમ કહેવાય.

**સામાજિક સમાવેશ અને માનવ અધિકાર**

સામાજિક સમાવેશ (social inclusion) માટેની માંગણીનાં મૂળિયાં આપણે જોઈએ તો તે આપણને ગ્રીક સામ્રાજ્યના સમયકાળમાં જોવા મળે છે. આપણે એ હકીકતથી તો વાકેફ છે જ કે એક સમયે માનવીનોને પકડી, ગુલામ બનાવી, પશુથીયે બદતર હાલમાં રાખી તેઓ પાસે માલિકો તમામ પ્રકારનાં (સારાં-નરસાં, મહેનતનાં) કામો કરાવી અર્ધ ભૂખ્યા હાલમાં રાખતા હતા. આ 'ગુલામ' માલિકની મિલકત ગણાતા અને તેઓનું જીવન માનવગૌરવ, અધિકાર, કે હક્કો સિવાયનું હતું. આ પ્રથા ગ્રીક સામ્રાજ્યમાં પણ જોવા મળતી હતી. આ સમયગાળામાં એરિસ્ટોટલે 'માનવ અધિકાર' અંગે પોતાના વિચારો રજૂ કરીને ગુલામોના માનવીય જીવન અને માનવ તરીકેના અધિકારોની માગણી કરી હતી. તેઓએ 'અધિકારોને સમાન' સ્વતંત્રતા અને કાયદા સમક્ષ સમાનતા એ ગ્રીક લોકોનો પાયાગત અધિકાર છે તેમ કહ્યું હતું. આ સાથે જ 'તેમણે આવા અધિકારોને શાસન માટેના કુદરતી કાનૂન' તરીકે ઓળખાવ્યા હતા. ગ્રીક સામ્રાજ્યમાં આવા અધિકારોને (કુદરતી અધિકારને) 'જેન્ટયુમ' અથવા 'કોમ્યુન ઓજનીયમ હોમીનમ જસ' તરીકે ઓળખવામાં આવતા હતા. આ કાયદા હેઠળ રોમન નાગરિકોને માનવ અધિકાર ભોગવવા (માંગવાનો) કાયદાકીય આધાર પૂરો પાડવામાં આવ્યો હતો (S. Lourduathan-2011).

ગ્રીક સામ્રાજ્યમાં થયેલી ઉપરોક્ત માંગણી એ સમાજમાં પ્રતિષ્ઠિત આગેવાન વિચારક અને ચિંતક ગણાતી વ્યક્તિનો હતો. એ આયોજનબદ્ધ, વિચારપૂર્વક, સામૂહિક રીતે સ્વીકારીને કરાયેલી અને ખાસ કરીને માનવ અધિકારના આંદોલન જગાવનાર પરિબળો માટે તે ઉદ્‌ગમસ્થાનના બીજ સમાન એક વીજરેખાનો ઝબકારો હતો કે જેણે ભવિષ્યના પ્રકાશમય સમયનો અણસાર આપ્યો હતો. એરિસ્ટોટલ પછીથી માનવ અધિકાર માટેની માંગણી અને ચળવળ બીજી મહત્ત્વની ઐતિહાસિક ઘટના હોય તો તે મધ્યયુગી ઈંગ્લેન્ડમાં ૧૩મી સદીમાં બનેલી ઘટના છે. ૧૫ જુન, ૧૨૧૫ના રોજ ઈંગ્લેન્ડના

રાજા જોનને દેશના લોકોની માંગણીને તાબે થઈ કાયદાનું સ્વરૂપ આપતી પોતાની સહી કરવાની ફરજ પડે છે. આ બનાવ એટલે પ્રખ્યાત 'મેગ્નાકાર્ટા' એટલે મૂળભૂત 'ધી ગ્રેટ ચાર્ટર ઓફ ધી લિબર્ટી ઓફ ઇંન્લેન્ડ એન્ડ ધી લિબર્ટી ઓફ ધી ફોરેસ્ટ' ઉપર રાજાએ કરેલી સહીની ઘટના. આ સંધિ-કાનૂનને કારણે લોકોને અધિકાર અને વ્યક્તિગત સ્વતંત્રતા પ્રાપ્ત થઈ. ખાસ કરીને 'ઇંગ્લીશ સિવિલ વોર'ના સમયગાળામાં સુધીમાં મેગ્નાકાર્ટાએ લોકો માટે ખૂબ જ મહત્ત્વનો કાયદો પુરવાર થયો. કે જે દર્શાવા અને માંગણી કરતા હતા કે 'રાજને (રાજાને) પણ કાયદો બંધનકર્તા છે.'

**પુનઃજાગૃતિ (Renaissance) અને માનવ અધિકાર**

પુનઃ જાગૃતિનો સમયગાળો નક્કી કરી શકાય તેમ નથી. કારણ કે તે એક લાંબી ચાલેલી પ્રક્રિયામાંથી ઉદ્‌ભવેલું અને વિકસેલું પરિણામ છે. આપણે જોયું તેમ ગ્રીક સામ્રાજ્યમાં ઉઠેલો વ્યક્તિગત વિચાર અને ત્યાર પછીનાં વર્ષો બાદ 'મેગ્નાકાર્ટા' ઉપર રાજાને સહી કરવાની પડેલી ફરજની ઘટના આ તમામ પુનઃ જાગૃતિનાં મૂળિયાંમાં ધરબાયેલી ચેતના જગાવનારી ચિનગારીઓ છે. તેમાં પ્રાણ પૂરનારી મહત્ત્વની ઘટના એટલે બાઈબલને અપાયેલો 'અક્ષરદેહ'. ગૂનબર્ગમાં બાઈબલ છપાયું અને લોકોને તે વાંચવા માટે ઉપલબ્ધ બન્યું. તેણે ધર્મના વડાઓની 'પોલ'ને પ્રજા સમક્ષ ખુલ્લી કરી કે, ધર્મને નામે લોકોને કેવી રીતે છેતરવામાં આવે છે. આ વૈચારિક ક્રાંતિની શરૂઆત એટલે સમાજનું ધાર્મિક વિચારોથી બિન સાંપ્રદાયિક વિચારો તરફનું સંક્રમણ. તેને આપણે મધ્ય યુગની ધાર્મિક રૂઢિવાદ વિરુદ્ધની ક્રાંતિ તરીકે ઓળખાવીએ છે. આ ક્રાંતિ અને ધર્મ યુદ્ધોએ વિશ્વની અનેક સંસ્કૃતિઓને એકબીજાને ઓળખવાના, સમજવાના સંપર્કમાં આવવાના દરવાજાઓ ખોલી આપ્યા. યુરોપના દેશો આરબ અને એશિયાના દેશો સાથે સંપર્કમાં આવ્યા. આપણે જાણીએ છે કે, ખ્રિસ્તી ધર્મ-સંસ્થા સંકુચિત પ્રાંતીયતાની ભાવનાવાળી હતી. ઉપરોક્ત સંપર્કોએ ભાવનામાં પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. લશ્કરના નિભાવ, આવન-જાવન ઇત્યાદિ માટે વિશ્વના દેશો વચ્ચે વ્યાપારી પ્રવૃત્તિઓ વધી, ખ્રિસ્તી ધર્મસંસ્થાની લોકો ઉપરની પકડ ધીરે ધીરે ઓછી થતી ગઈ. રાજ્યના રક્ષણ અર્થે કેન્દ્રીય સત્તાની જરૂરિયાત વિકસી તો બીજી તરફ રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થયો. જાણે લોકોને ધર્મસંસ્થામાંથી મુક્ત કરવામાં પોતાનો અનન્ય ફાળો આપ્યો.

ઈટાલીમાં સૌ પ્રથમ સાંસ્કૃતિક પુનઃ જાગૃતિનું પૂર્ણ સ્વરૂપ વિકસેલું જોવા મળે છે. ત્યાં વ્યાપારિક પ્રવૃત્તિઓ રાજ્યના રક્ષણ સાથે વિકસે છે. તો બીજી તરફ લોકોમાં વધેલા સુખ અને સંપત્તિએ કલા, સાહિત્ય અને વ્યક્તિવાદને વિકાસ આપ્યો. ૧૪૫૩માં કોન્સ્ટેન્ટિનોપલ ઉપરની તુર્કોની ચડાઈને કારણે ગ્રીક વિદ્વાનો સ્થળાંતર કરીને ઈટાલીમાં રહેવા આવી ગયા. આ ઘટનાએ પરંપરાગત સમાજમાં પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. સાહિત્ય, કલા અને જીવનના ક્ષેત્રે ઉપરોક્ત પરિવર્તનને કારણે માનવતાવાદી વલણ વિકસ્યું. આમ પુનઃ જાગૃતિએ ખ્રિસ્તી ધર્મસંસ્થાનાં જૂનાં પરંપરાગત મૂલ્યોને હચમચાવી, તેને બદલવામાં, તેમાં પરિવર્તન લાવવામાં અગત્યની ભૂમિકા ભજવેલી જોવા મળે છે.

આપણે જોયું કે ઈટલીમાં થયેલા પુનઃ જાગૃતિના આંદોલને કલા, સંસ્કૃતિ અને સાહિત્યક્ષેત્રે પરિવર્તન આણ્યું જેણે સમાજ પરિવર્તનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી તેવી જ રીતે જર્મનીમાં થયેલા ધર્મસુધારણાના આંદોલને વ્યક્તિને ધર્મસંસ્થાના અને પાદરીઓના ઈજારામાંથી મુક્ત કર્યો. જર્મનીમાં માર્ટિન લૂથર (૧૪૮૩ -૧૫૪૬)ને ધર્મસુધારણાના પુરસ્કર્તા ગણવામાં આવે છે, જેઓએ કેથલિક ધર્મની વિરુદ્ધ આંદોલન શરૂ કરીને નવા પ્રોટેસ્ટંટ સંપ્રદાયનો વિકાસ કર્યો. જ્હોન કેલ્વિને (John Calvin 1509-1565) આ આંદોલનને વેગ આપ્યો. તેને અન્ય યુરોપીય દેશોમાં પ્રસરાવ્યું. આ આંદોલનને કારણે પોપની રાજકીય સત્તા ઉપર મોટી અસર પડી. આ ધર્મસુધારણાના આંદોલનને કારણે પુનઃ જાગૃતિવાદે શરૂ કરેલો વ્યક્તિવાદ અને રાષ્ટ્રવાદ જેવા વિચારોને મજબૂતાઈ બક્ષીને વધુ ફેલાવ્યા. ધર્મસુધારણાના આંદોલને

સૌથી મહત્વનું જે કાર્ય કર્યું તે ઈશ્વર સમક્ષ સૌ સમાન છે તે પ્રકારના મૂલ્યને સમાજમાં પ્રસ્થાપિત કર્યું તે છે. ધર્મસુધારણામાં આંદોલને કોઈ પણ વ્યક્તિ ઈશ્વર પ્રાપ્ત કરી શકે છે તે માટે ધર્મસંસ્થા કે પાદરીની મધ્યસ્થીની જરૂર નથી તે બાબત પણ સ્પષ્ટ કરી. આ આંદોલને પ્રસ્થાપિત કર્યું કે, વ્યક્તિએ પોતાનું દૈનિક કાર્ય અને ફરજો સાચી રીતે નિભાવવાની છે અને તે જ ઈશ્વર પ્રાપ્તિનો સાચો માર્ગ છે. આમ ધાર્મિક મૂલ્યો દ્વારા આર્થિક વિકાસ અને મૂડીવાદના વિકાસ માટે મહત્ત્વની ભૂમિકા ધર્મસુધારણા આંદોલને ભજવી છે. પ્રોટેસ્ટંટ સંપ્રદાયે વિકસાવેલાં મૂલ્યોએ આધુનિક મૂડીવાદને વિકસાવવામાં અગત્યનો ફાળો આપ્યો છે. આ આંદોલને એક નવા પ્રકારની આધુનિક અસ્મિતાને પણ ઊભી કરી અને ધાર્મિક, બૌદ્ધિક સ્વાતંત્ર અને નૈતિકતાની ભાવનાને ગતિશીલ બનાવી, તર્ક અને વ્યક્તિ સ્વાતંત્રને અગત્યનું ગણાવ્યું. મેક્સ વેબર લિખિત 'ધી પ્રોટેસ્ટંટ એથિક્સ એન્ડ ધ સ્પિરિટ ઓફ કેપિટાલિઝમ' પુસ્તકમાં આ મુદ્દાની વિસ્તૃત ચર્ચા કરાયેલી જોવા મળે છે.

ઉપરોક્ત ચર્ચામાં આપણે જોઈ શકીએ છે કે, પુનઃ જાગૃતિ અને ધર્મસુધારણા આંદોલન એ જ્ઞાનયુગની શરૂઆતનાં બિંદુઓ છે તેમ કહી શકાય, કારણ કે ત્યારથી જ ચિંતકો જુદી જુદી સંસ્કૃતિના ચિંતનમાં રસ ધરાવતા થયા. આ ચિંતનને પરિણામે તેઓએ વિચાર પદ્ધતિનો વિકાસ કર્યો. વિજ્ઞાન અને તર્ક વિના જ્ઞાનયુગ સંભવી શકે નહિ તે હકીકતનો સ્વીકાર થયો. જ્ઞાનયુગ ૧૬૮૭થી શરૂ થયેલો ગણાય છે. આ જ વર્ષમાં ન્યુટનનો ગ્રંથ 'મેથેમેટિકલ પ્રિન્સીપલ્સ ઓફ નેચરલ ફિલોસોફી' પ્રકાશિત થયો હતો.

આપણે જોયું કે જ્ઞાનયુગની શરૂઆત ઈંગ્લેન્ડમાં થઈ, ત્યાંથી તેનો ફેલાવો ફ્રાંસ અને જર્મનીમાં થયો. આ સાથે જ પ્રાકૃતિક વિજ્ઞાનોના વિકાસે ભૌતિક જગતને તેમ જ સમાજના વાતાવરણને (સંસ્કૃતિને) સમજવા નવા વિચારો આપ્યા. આ વિચારોની સાથે અનુભવજન્ય પદ્ધતિઓ વિકસાવાઈ કે જેના દ્વારા સામાજિક ઘટનાઓનાં નિરીક્ષણો કરી શકાય તે વિચારને સમર્થન પ્રાપ્ત થયું. જ્ઞાનયુગ વિજ્ઞાનિક વિચારોની સાથે જ નવી નવી શોધ વિશ્વ સમક્ષ આવવા લાગી, અમેરિકા શોધાયો, ભારત આવવાનો માર્ગ મળ્યો. અનેક નવા ટાપુઓ-દેશ, માનવ વસાહતોના અસ્તિત્વની દુનિયાને જાણ થઈ. દરિયાઈ મુસાફરી ઝડપી બની, જુદી જુદી સંસ્કૃતિ વચ્ચે આદાન-પ્રદાન શક્ય બન્યું. આમ ૧૪૨૦થી ૧૬૨૦નો સમયગાળો 'શોધયુગ' (The age of Exploration) નો સમય રહ્યો.

૧૬મી અને ૧૭મી સદીમાં અનેક તત્ત્વચિંતકો જગતને મળ્યા. અનેક નવી નવી શોધખોળો, પૃથ્વીને લગતી માન્યતાઓ, અવકાશ વિજ્ઞાન, ધર્મશાસ્ત્ર, ઈતિહાસ, નીતિશાસ્ત્ર અને રાજકારણ જેવા ઘણાં ક્ષેત્રોમાં મહત્ત્વના ફેરફારોનો નવી શોધખોળને લઈને સમાજે સ્વીકાર્યો. તેના કારણે સમાજ (માનવ) જીવન વધુ ને વધુ સુખમય બનતું ગયું. વૈજ્ઞાનિક જ્ઞાનનો વ્યવહારલક્ષી ઉપયોગ થયો. ૧૮મી સદીમાં (૧૭૮૯) ફ્રાંસની રાજ્યક્રાંતિ થઈ. બુર્ઝ્વા (માલિકો) અને સામંતો વચ્ચે આર્થિક નીતિ બાબતે સંઘર્ષ થયા. ફ્રાંસના સાહિત્યકારો વોલ્તેર અને જયાં જેક રૂસોએ ધર્મ અને ઈશ્વરીય સત્તાને નકારતા સાહિત્યનું સર્જન કર્યું. તેમાં વ્યક્તિના નૈસર્ગિક હક્કને વધુ પ્રાધાન્ય અપાયું. લોકોમાં આનાથી (સાહિત્યથી) જાગૃતિ આવી. સાહિત્યકારોએ વ્યક્તિવાદ અને રાજકીય સમાનતા ઉપર ભાર મૂક્યો. જેમાં નાગરિક સ્વતંત્રતા, બંધારણ, લોકશાહી, એકતા, સમાનતા અને ભાતૃભાવ પ્રચલિત બન્યા. આ જ સદીમાં અમેરિકન ક્રાંતિ (૧૭૭૬) થઈ. તેમાં ન્યાય પ્રાપ્તિ અર્થે વધુ સુખસંપત્તિ મેળવવા, બ્રિટિશ સંસ્થાનવાદને તોડવો જોઈએ તે વિચારને પ્રાધાન્ય મળ્યું. ૧૮૬૭માં અમેરિકામાં થયેલા આંતરવિગ્રહે અમેરિકામાંથી 'ગુલામી પ્રથા'ને નાબૂદ કરી. દરેક માનવીને 'માનવીય ગૌરવ' સાથેના અધિકારો પ્રાપ્ત થવા જોઈએ તે માગણીના સ્વીકારની શરૂઆતનો ઊંડો પાયો નંખાયો.

વિશ્વમાં અઢારમી સદી એ યાંત્રિક વિકાસની સદી છે. તેણે ઔદ્યોગિક ક્રાંતિની જગતને ભેટ આપી (૧૭૬૦). આ ક્રાંતિનું જન્મ સ્થળ ઈંગ્લેન્ડ. આ ક્રાંતિને

કારણે પરંપરાગત ઉદ્યોગો, ગૃહ ઉદ્યોગોને મોટો ફટકો પડ્યો. માનવબળનો ઉપયોગ ઘટ્યો. પરંપરાગત સામાજિક માળખાં તૂટવાની શરૂઆત થઈ. ઉદ્યોગોને કારણે વિશ્વમાં અનેક નવા ઔદ્યોગિક દેશો વિકસ્યા કે જ્યાં ઔદ્યોગિક સમાજ એક નવી જ સંસ્કૃતિના સ્વીકાર સાથે અસ્તિત્વમાં આવીને વિકાસ પામ્યો.

**ભારતમાં સમાજ વ્યવસ્થા અને માનવ અધિકાર**

મધ્યયુગીય ભારતમાં સામાજિક બહિષ્કાર સામાજિક રીતે સ્વીકાર્ય એવી સંસ્કૃતિ અને સામાજિક માળખાને બનાવી રાખનાર એવી ધાર્મિક માન્યતાઓ સાથે થયેલો જોવા મળતો હતો. આપણને વૈદિક સાહિત્યમાં જોવા મળે છે તે પ્રમાણે 'અધિકાર'ને સમાજમાં એક 'ફરજ' એટલે કે 'ધર્મ' તરીકે ઉલ્લેખવામાં આવ્યો છે. એટલે કે સમાજના સભ્યે તેની વર્ણ-જ્ઞાતિ પ્રમાણે કામ કરવું (ફરજ નિભાવવી) તે તેનો ધર્મ છે. અને તે ધર્મ છે કારણ કે તેણે સમાજનું તેની ઉપરનું કર્જ ચૂકવવાનું છે. આપણે જાણીએ છે કે હિન્દુ સામાજિક માળખામાં વ્યક્તિના જન્મથી જ તેની જ્ઞાતિ નક્કી થઈ જતી હતી અને તે જાતે સ્વીકારેલા (સ્વ-ધર્મ) અને સમાજે પ્રયોજેલા-દર્શાવેલા (વિશેષ ધર્મ) ફરજો જે જ્ઞાતિપ્રથા દ્વારા તેને સોંપવામાં આવેલી હોય તે નિષ્કામભાવે તેણે જીવનમુક્તિ સાથે, મોક્ષ પ્રાપ્ત થાય તે માટે નિભાવવાની રહેતી. સમાજનો સભ્ય તેની વર્ણ મુજબની ફરજો નિભાવે તેમાં જ તેની નૈતિકતા રહેલી છે અને તે સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખવા માટે જરૂરી મનાતું (S. Lourdunathan-2011).

આપણે જાણીએ છે કે ૧૭મી સદીને અંતે બ્રિટિશરો (ઈસ્ટ ઈન્ડિયા કંપની) ભારત આવી પહોંચ્યા હતા. ૧૮મી સદીમાં તેઓએ પોતાનો સંસ્થાનવાદી પંજો ફેલાવવાનું શરૂ કર્યું હતું. આખી ૧૯મી અને ૨૦મી અડધી સદી આ સંસ્થાનવાદે ભારત ઉપર રાજ્ય કર્યું. સંસ્થાનવાદે ભારતનું શોષણ કર્યું છે. તેની સાથે સાથે અનેક નવા સુધારા દાખલ કરવા સાથે વિકાસની નવી તકો પણ આપી છે. અંગ્રેજોએ દાખલ કરેલી નવી શિક્ષણ પદ્ધતિ અને શિક્ષણની ભાષા આમાં મહત્ત્વની છે. અંગ્રેજી શિક્ષણની શરૂઆતે દાખલ કરેલી નવી શિક્ષણ પદ્ધતિ અને શિક્ષણની ભાષા આમાં મહત્વની છે. અંગ્રેજી શિક્ષણની શરૂઆતે આ દેશના અનેક લોકો માટે વિશ્વની અન્ય સંસ્કૃતિઓ સાથેના સંપર્કોના દરવાજા ખોલી નાખ્યા. જે બાબત અગાઉ દેશની સામાન્ય પ્રજા માટે શક્ય નહોતી તે શક્ય બની એટલે કે પ્રજા માટે વિશ્વના સંપર્કના, જ્ઞાન પ્રાપ્તિના અને 'સ્વવિકાસ'ના માર્ગો ઉપલબ્ધ બન્યા. ઉપરોક્ત પરિસ્થિતિમાં દેશના ઘણા લોકો ઈંગ્લેન્ડ ઉચ્ચ શિક્ષણ અર્થે ગયા. ત્યાંની સ્વતંત્રતાવાળી સંસ્કૃતિના સંપર્કમાં આવ્યા. ત્યાંનાં લોકશાહી મૂલ્યો, માન્યતાઓ, સમાજવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા, લોકતંત્ર અને લોકશાહીય બાબતોની 'સ્વ' વિકાસ તેમજ સમાજ-વિકાસમાં મહત્વ જેવી બાબતોને સમજ્યા. સમાજમાં 'માનવીય ગૌરવ'ની અગત્યતા તેમ જ જરૂરિયાત જાણીને તેઓ સ્વદેશ પરત આવ્યા. આવી રીતે વિદેશ અભ્યાસ અર્થે જનારાઓમાં મોહનદાસ કરમચંદ ગાંધી, જવાહરલાલ નેહરુ, ડૉ. ભીમરાવ આંબેડકર, મહમદઅલી ઝીણા અને બીજા અનેક જ્ઞાતિ-જાતિના તે સમયના આગેવાન દેશ નેતાઓનો સમાવેશ થાય છે. સામાજિક રીતે બહિષ્કાર પામેલાઓનો સામાજિક સ્વીકાર કરવાની આ પહેલી શાંત, અહિંસક પ્રક્રિયા હતી, જેનો લોકો સ્વૈચ્છિક રીતે સ્વીકાર કરતા હતા.

ભારતમાં ગૌતમ બુદ્ધ પછીથી મોટા પાયે સામાજિક સમાવેશ માટે સમાજમાં બહિષ્કૃતોના વિશાળ સમૂહને આવરી લે તેવી રીતે કોઈ પ્રયાસ લાંબા સમય સુધી થયેલો જોવા મળતો નથી. ઇતિહાસના પાને નોંધાયેલી ભક્તિ ચળવળમાં છૂટા-છવાયા, વ્યક્તિગત રીતે સમાજને ઉપદેશાત્મક રીતે આત્માના કલ્યાણ અને માનવ જન્મ પછીના બીજા જન્મના પુણ્યનો લાભ મળે તે માટે સારાં કર્મો કરવાની બાબત કહેવાઈ છે. કબીર, મીરાં, નરસિંહ મહેતા વગેરેએ આ પ્રયાસો કરીને તમામ માનવીઓ એકસમાન છે, તેમની સાથે ભેદભાવ રાખવા જોઈએ નહિ, સમાનતાનો વ્યવહાર કરવો અને તેમનાં કામો પણ ભગવાનને એટલાં જ વહાલાં છે માટે તે હલકાં કે તુચ્છ કામો નથી. આ કામોના કરનારાઓનો

સામાજિક સ્વીકાર થવો જોઈએ તેવો ભક્તિ ઉપદેશ આપ્યો છે. બૌદ્ધ ધર્મના ફેલાવાને રોકવા અને હિન્દુ ધર્મને બચાવવા ભગીરથ પ્રયત્ન કરનાર શંકરાચાર્યનાં કાર્યોમાં, ઉપદેશમાં વર્ણાશ્રમવાળી સામાજિક વ્યવસ્થાને અનુમોદન અપાયેલું જોવા મળે છે. સમાજમાં બહિષ્કાર પામેલાઓનો સામાજિક સ્વીકાર કરવાની બાબતને પ્રાધાન્ય અપાયેલું હોય તેમ નથી. તેઓએ ફક્ત હિન્દુ ધર્મ ત્યજીને જનારાઓને પાછા લાવવાનો, (શુદ્ધિકરણ થઈ શકે) અને બ્રાહ્મણધર્મને પુનઃજીવિત કરી વધુ વિકસાવવાનો પ્રયત્ન કર્યો છે. આ પ્રયત્નમાં બહિષ્કૃતોને માનવીય ગૌરવ સાથે સમાજમાં સમાવેશ (સ્વીકાર) માટે કોઈ જ કામગીરી કરી હોય તેમ જોવા મળતું નથી. ૧૮મી અને ૨૦મી સદીના પૂર્વાર્ધ સુધીમાં ભારતમાં થયેલી ભક્તિ સંપ્રદાયની ચળવળ અને સુધારાવાદી ચળવળમાં જ્ઞાતિગત કુરિવાજો દ્વારા કરાતા માનવીય ગૌરવના હનને બંધ કરવાના, સમાજના સભ્યોને સમાન સામાજિક દરજ્જો સ્વીકારવાના અને તેને સામાજિક સ્વીકૃતિ ગણી વિકાસની સમાન તકો અપાવવા માટેના પ્રયાસો કરાયેલા જોવા મળે છે. આમાં બાળકીને દૂધપીતી કરવાની પ્રથા બંધ કરી તેને માનવીય જીવન જીવવા દેવાના, સતી પ્રથા બંધ કરાવી તેને માનવ જીવનમાં જીવતા રહેવા દેવાના, સ્ત્રીના વિધવા થયા બાદ પુનઃ લગ્ન કરવાની છૂટ અપાવી તેને જીવનના અધિકારો ભોગવવા દેવાના, અસ્પૃશ્યોને ભગવાનનાં બાળકો ગણીને તેમની સાથે અસ્પૃશ્યતાનો વ્યવહાર નહિ કરવાના ઈત્યાદિ પ્રયાસોનો સમાવેશ થયેલો જોવા મળે છે. ખાસ કરીને ઉપરોક્ત બાબતોમાં સ્ત્રીઓ અને શૂદ્ર એવા અસ્પૃશ્ય સમાજના બહિષ્કાર પામેલા લોકોના સામાજિક સ્વીકાર માટેનાં આંદોલનો હતાં તેમ કહી શકાય.

**સામાજિક બહિષ્કારનો વ્યાપ અને બદલાવઃ**

ભારતીય વર્ણ વ્યવસ્થા આધારિત હિન્દુ સમાજ વ્યવસ્થામાં સામાજિક બહિષ્કાર સામાજિક આંતરક્રિયાઓ, ધાર્મિક ક્રિયાકાંડ, વિધિ-વિધાન અને પૂજા પાઠ તેમ જ અર્થોપાર્જનની ક્રિયાઓ પૂરતો મર્યાદિત હતો. રાજકીય બાબતોમાં એ બહિષ્કાર હોવા છતાં એટલો અસરકારક રીતે લોકોના રોજબરોજના જીવનને અસરકર્તા લાગતો નહોતો. સામાજિક બહિષ્કાર બીજી મહત્ત્વની બાબતમાં જો કે પરંપરાગત વ્યવસાયલક્ષી અને પરંપરાઓને જાળવવાના હેતુ અને ધ્યેય સાથેના શિક્ષણમાં મર્યાદિત હતું. તે ઉપરાંત તે શિક્ષણ સામાન્ય લોકોને અપાતું નહોતું અને જે શિક્ષણ સામાન્યજનો માટે હતું તેમાં વૈજ્ઞાનિક જ્ઞાનનો સમાવેશ કરાતો નહોતો તેવું અનેક હિન્દુ શાસ્ત્રો અને ગ્રંથોમાં નોંધાયેલું જોવા મળે છે. એટલે જેમાં વૈજ્ઞાનિક જ્ઞાનનો ઉપયોગ હતો તેવું શિક્ષણ ખૂબ જ થોડા લોકોના હાથમાં સીમિત હતું તેમ કહી શકાય. સમાજનો મોટા ભાગનો વર્ગ તેનાથી બહિષ્કૃત હતો. શિક્ષણ સંબંધિત બહિષ્કૃતતાનો વ્યાપ સમાજમાં વિસ્તૃત હતો. અંગ્રેજ રાજ્ય શાસન કાળમાં ઔદ્યોગિક ક્રાંતિ અને અંગ્રેજી શિક્ષણની દેશમાં શરૂઆતના પગલે શહેરીકરણના વધતા વ્યાપે વ્યવસાય અને શિક્ષણમાં સામાજિક બહિષ્કારને ઓછો કરવાની શરૂઆત કરી. આમાં અંગ્રેજ મિશનરીઓની ભૂમિકા પણ મહત્વની છે તેમ કહી શકાય. ગરીબો, અછૂતો અને આદિવાસીઓની સેવા કરતાં તેમણે તેમને શિક્ષણ આપ્યું. નવા વ્યવસાયો તરફ દોર્યા અને વૈજ્ઞાનિક જ્ઞાન (દાક્તરી અને વૈજ્ઞાનિક તાલીમ)માં સહભાગી બનતા કર્યા. સમયકાળે આની અસર સામાજિક સમાવેશમાં મહત્ત્વની બની રહી.

અંગ્રેજ શાસનકાળ દરમિયાન અંગ્રેજ સરકાર દ્વારા બનાવાયેલા કાયદા દ્વારા સ્ત્રીઓ, બાળકો અને અન્ય બહિષ્કૃત લોકોને સમાજમાં સમાવેશ કરવાના પ્રયાસો કરાયા છે. આ ઉપરાંત સામાજિક સંસ્થાઓ, સમાજસેવકો અને કેટલાક રાજકીય આગેવાનો સાથે મળીને સમાજના આગેવાનોએ પણ સમાજ સુધારણાની પ્રવૃત્તિના નામે સામાજિક સમાવેશ માટેની પ્રવૃત્તિઓ અને કાર્યો કર્યાં છે અને આવાં કાર્યો કરવા નેતૃત્વ પૂરું પાડ્યું છે. જે અંગે વિગતે આપણે આગળ ઉપર જોઈશું. પરંતુ ગાંધીજીની અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિઓ કે જેને કેટલાક હરિજન કલ્યાણનાં કાર્યો તરીકે ઓળખાવે છે, તેનો સમાવેશ સામાજિક સમાવેશનાં કાર્યો તરીકે થાય. આવી જ રીતે અસ્પૃશ્યતાનો તળાવમાંથી પાણી લેવાનો અધિકાર કે

મંદિરમાં પ્રવેશ માટે કરાયેલા ડૉ. આંબેડકરના સત્યાગ્રહો સામાજિક સમાવેશ માટેનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે.

આઝાદી અગાઉના ભારતીય હિન્દુ સમાજમાં સામાજિક બહિષ્કાર પ્રત્યક્ષપણે જોઈ શકાય તેવી રીતે રોજબરોજનાં કાર્યોમાં સ્પષ્ટ રીતે અલગ તારવી શકાતો હતો. આઝાદી પછીથી કાયદા દ્વારા સામાજિક અસમાનતાને દૂર કરવામાં આવી અને આ દેશના નાગરિક તરીકે તમામને સમાન અધિકારો, હક્કો અને ફરજો પ્રાપ્ત થઈ. આને કારણે સમાજ જીવનની રોજબરોજની આંતરક્રિયાઓ અને દૈનિક કાર્યોમાંથી પ્રત્યક્ષ સ્વરૂપનો સામાજિક બહિષ્કાર કાયદા દ્વારા મળનાર શિક્ષાના ડરને કારણે ઓછો થયો છે. બીજી તરફ ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને વૈજ્ઞાનિક જ્ઞાન અને મંત્રોના વિકાસ અને વપરાશના વધારા સાથે ઊભી થયેલી નવી સમાજવ્યવસ્થા (શહેરી સમાજ)ને કારણે પણ સામાજિક બહિષ્કારની પરંપરાગત માનસિકતામાં બદલાવ આવ્યો. રૂઢિઓ અને પ્રથાઓમાં બદલાવ લાવવાની લોકોને ઇચ્છા કે અનિચ્છાએ ફરજ પડી અને આને કારણે પણ પરંપરાગત કહેવાય તેવાં કેટલાંક સામાજિક વ્યવહારો અને ક્ષેત્રોમાં સામાજિક બહિષ્કાર પ્રત્યક્ષ સ્વરૂપે પાળવાનું બંધ કરવું પડ્યું. આમ દેખિતા સ્વરૂપે તે ઘટ્યો. સામાજિક બહિષ્કારના જે વ્યવહારોમાં બદલાવ આવેલો જોવા મળે છે તેમાં, અસ્પૃશ્યતાનું પાલન, જાહેર સ્થળોએ પ્રવેશ, જાહેર મંદિરોમાં પ્રવેશ, જાહેર સ્થળો (કૂવા, તળાવ, બાગ, હોટલ, બસ, ટ્રેન) પ્રવેશ અને તેનો ઉપયોગ જાહેર સેવાઓ આપવા પરના પ્રતિબંધો દૂર થયા (દરજી, વાળંદ વગેરેની સેવાઓ મળતી થઈ), વિકાસની તકો સમાન ધોરણે પ્રાપ્ત થઈ. શહેરી સમાજમાં રહેઠાણના ભેદભાવોનું પ્રમાણ ઘટ્યું, ઇત્યાદિ જેવી બાબતોનો સમાવેશ કરી શકાય. જોકે આ ઉપરાંત પણ એવાં કેટલાંક ક્ષેત્રો છે કે જેમાં સામાજિક બહિષ્કાર સ્ત્રીઓ, બાળકો, અશક્તો માટે ઓછો થયો છે અને તેમાં પરિવર્તન આવ્યા સાથે તેઓનો સામાજિક સમાવેશ કરવાના પણ પ્રયત્નો કરવામાં આવેલા જોઈ શકાય છે.

•

## સંદર્ભસ્રોત


૧. Thorat, Sukhadeo, 'Social Exclusion in Indian Context: Theoretical Basis of Inclusive Policies' in Indian Journal of Human Development, Vol. 2, Number-1, January-June-2008, New Delhi.
2. T.K. Oommen, 'Understanding Indian Society: The Relevance of Prespective from Below, Occasional Paper Series : 4, Department of Sociology, University of Pune, 2001'
3. Dahiwale S.M., Undrstanding Indian Society, The Non-Brahmanic perspective, Rawat Publications, Jaipur, 2006
4. गेल ओमवेट, (अनुः नरेश भार्गव), दलित और प्रजातान्त्रिक क्रान्ति, रावत पब्लिकेशन, जयपुर, २००९
5. Tilak, B.G. 1903, The Arctic Home in the Vedas (Reprint 1956) Pune, Tilak Bros.
6. Trautmann T.R., 1997, The Aryans and British, India, New Delhi, Vistar Publication.
7. Ramaswamy Sumathi, 2001, Remains of the Race, Archaeology, Nationalism and Yearning for Civiligation in the Indus valley, The Indian Economy and Social History Review, 38 (2)
8. Shendge Malati J. 1971, the civilized demons: the Harappuns in Rigvedas, New Delhi, Abinav Publication.
9. Kosamibi D.D, reprint-2001, The Culture and Civilization of Ancient India' in Historical outline, Vikas publishing House, pvt. ltd, New Delhi.
10. ઋગ્વેદ મંડળ : ૧૦, સ્રોત-૯૦, પુરુષસૂક્ત.
11. Ambedkar B. R., 1946, Who were the Shudras? Thacker and Com. (Ltd.) Bombay.
12. Jalob John Kattakayam, Develpmnent, Policy and Social Tensions, in Sociological buletin, vol. 61, No. 1, Jan.-March-2011, p.1, to 15.
13. S. Lourdunuthan, Philosophy of Human Rights : For or Against Dalits, in Social Action, vol. 61, Jan.-March-2011, p. 1 to 15.
14. Introduction, National Seminar on Inclusive Growth and Development : A Social Science Perspective, organized by School of Social Sciences, Gujarat University, Ahmedabad, 26-27, Feb. 2010.
15. પરમાર વાય. એ, ૧૯૮૬, સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

## લેખક


૧. પ્રા. રમેશભાઈ બી. શાહ : પૂર્વ અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ
શ્રી એચ. કે. આર્ટસ કૉલેજ, અમદાવાદ.

૨. ડૉ. ધનજી બી. પટેલ : આસી. પ્રોફેસર, તાલીમ રિસર્ચ ફાઉન્ડેશન,
બોપલ, અમદાવાદ

૩. ડૉ. વિદ્યુત જોશી : પૂર્વ કુલપતિ, ભાવનગર યુનિવર્સિટી

૪.

૫. Naresh Chauhan : Assistant lecturer,
Dept. of Rural economics,
Gujarat Vidhyapeeth, Ahmedabad.

૬. (સ્વ.)ડૉ. ભોળાભાઈ પટેલ : પ્રમુખ, ગુજરાત સાહિત્ય પરિષદ
'ફેલો' સાહિત્ય અકાદમી, દિલ્હી.


**લેખકોને**

- સામાજિક સેવા મંડળના ઉદ્દેશને અનુરૂપ ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા- સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક, રાજકીય તેમજ આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લેખો આવકાર્ય છે.
- વિવેચનાત્મક લેખો, ગ્રંથાવલોકનો, સમાજ પરિવર્તનના પ્રયત્નો સંબંધી લખાણો તેમજ સમાજ વિજ્ઞાનના શોધ સમાચારો આવકાર્ય છે.
- લખાણ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં લખી શકાશે અને લેખ માન્ય પદ્ધતિ મુજબ સંદર્ભ સૂચિ સાથે હોય એ અપેક્ષિત છે.
- સમાજકારણમાં પ્રકાશિત થતાં લેખો અંગેના અભિપ્રાયો મોકલવા માટે લેખકો તેમજ વાચકોને આમંત્રણ છે.
- **જાન્યુઆરી ૨૦૧૩નો અંક કુટુંબ અને લગ્ન સંસ્થા અંગેના સંશોધન અને અભ્યાસ અંગેનો રહેશે.**

# સુખનું અર્થશાસ્ત્ર

હવે અર્થશાસ્ત્રીઓ સમૃદ્ધિને બદલે 'સુખ'ને મહત્ત્વ આપી સુખના સૂચકાંકો બનાવી રહ્યા છે. સુખની તાત્ત્વિક ચર્ચા અને અનુભૂતિ હવે અર્થશાસ્ત્રી બાબત બને છે.

સુખ-સંબંધી થયેલી ચર્ચાના અંતે ચોક્કસ તારણો પર આવવાનું શક્ય છે.

૧. માનવસુખ અનુભૂતિનો વિષય છે. આવી અનુભૂતિ સામાન્ય માનવી પણ મેળવી શકે છે. આ માટે ધનિક હોવું અનિવાર્ય નથી કે નથી જરૂર સંસાર છોડવાની.

૨. માનવસુખ જીવનધોરણને બદલે જીવનશૈલી સાથે વધુ નજીકનો સંબંધ ધરાવે છે.

૩. માનવસુખ એક પ્રક્રિયાનું નામ છે. તે યાત્રા છે, પડાવ નથી. તે સંમિલિત ખ્યાલ છે, જેમાં સંતોષ, આનંદ, ખીશી, ઇચ્છા-પૂર્તિ ઇત્યાદિ અનેક પ્રકારના અનુભવો સામેલ થઈ શકે છે.

૪. સામાન્ય માનવી મિત્રો, સ્નેહીઓ, સંબંધીઓ, સહકાર્યકરો, પડોશીઓ ઇત્યાદિના વર્તુળોમાં સુખની અનુભૂતિ કરી શકે છે. ઉષ્મા, હૂંફ, સંવેદના વગેરે દ્વારા મનુષ્ય અન્યને સુખ આપી શકે છે અને મેળવી પણ શકે છે.

૫. વ્યક્તિ નિષ્ઠાપૂર્વકના ફરજપાલન દ્વારા, ફળની આશા રાખીને કે રાખ્યા વિના, સામાજિક પરિણામની ચિંતા કરીને સામાજિક કલ્યાણમાં અને સુખમાં વૃદ્ધિ કરી શકે છે. તે સમજે છે કે સમાજના સુખમાં તેનું સુખ સમાયેલું છે.

સુખ અનુભૂતિનો વિષય છે, સરવાળા બાદબાકીનો નહિ. સુખનું કોઈ ગણિત હોતું નથી. તે એક અને બે જેવું સરળ અને દેખીતું હોય છે. સુખની શોધના અંતે આપણને જણાય છે કે તે શોધનો નહિ, સમજણનો વિષય છે. સુખનો માર્ગ સ્વયં-પ્રકાશિત છે. આ માર્ગ પર ચાલવાની શરૂઆત કરવા માટે કોઈ મુહૂર્ત જરૂરી નથી. તે માટે પ્રત્યેક ઘડી શુભ છે.

•